રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 254 | Dt. 25-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

વ્યાજ ભરવામાં અબજો રૂપિયાનો ખર્ચ, ભારત ૮મો દેવાદાર દેશ

વિશ્વ પર ૩૪,૬૭૫ લાખ કરોડનું દેવું

નવી દિલ્હી, તા.૨૪

વિશ્વભરના દેશો, કંપનીઓ અને પરિવારો કુલ ૩૪,૬૭૫ લાખ કરોડ રૂપિયાથી વધુના દેવા હેઠળ દબાયેલા છે. વિકસિત દેશોનું વાર્ષિક બોન્ડ વ્યાજ ૩૧૩.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થતાં યુરોપમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે. સરકારો સરકારી બોન્ડ દ્વારા લોન લે છે, જેના વ્યાજ પાછળ જંગી રકમ ખર્ચાઈ જતાં જનકલ્યાણ યોજનાઓ માટે બજેટ ઘટી રહ્યું છે.

વિશ્વભરના દેશો, કંપનીઓ અને પરિવારો મળીને કુલ ૩૪,૬૭૫ લાખ કરોડ રૂપિયાથી વધુના દેવા હેઠળ દબાયેલા છે. ખાસ કરીને વિકસિત દેશોનું વાર્ષિક સરકારી બોન્ડનું વ્યાજ જ ૩૧૩.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. વ્યાજ પાછળ જંગી રકમ ખર્ચાઈ જતી હોવાથી સરકારો પાસે આરોગ્ય, શિક્ષણ, પેન્શન અને જનકલ્યાણની યોજનાઓ માટે બજેટ ઘટી રહ્યું છે, જેના કારણે યુરોપના દેશોમાં સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો પણ શરૂ થયા છે.

ટેક્સ સિવાય સરકારો જ્યારે રસ્તા,રેલવે, હોસ્પિટલ કે સંરક્ષણ પાછળ ખર્ચ કરવા માંગે છે ત્યારે તે સરકારી બોન્ડ બહાર પાડીને બેંકો, વીમા કંપનીઓ અને સામાન્ય રોકાણકારો પાસેથી દેવું લે છે. ઉદાહરણ તરીકે, સરકાર ૧૦ વર્ષ માટે ૨.૫% વાર્ષિક વ્યાજે ૧૦૦ રૂપિયાનો બોન્ડ બહાર પાડે, તો રોકાણકારને દર વર્ષે ૨.૫૦ રૂપિયા વ્યાજ મળે છે અને ૧૦ વર્ષ પૂરા થતાં ૧૦૦ રૂપિયાની મૂળ રકમ પરત મળી જાય



છે. ઘણી વખત જૂનું દેવું ચૂકવવા માટે પણ સરકારોને નવું દેવું લેવું પડે છે. જ્યારે બજારમાં બોન્ડની કિંમતો ઘટે છે ત્યારે તેના પર વળતર (યીલ્ડ) વધી જાય છે, જેનાથી સરકાર માટે નવું દેવું લેવું મોંઘું બને છે. પરિણામે સરકારની આવકનો મોટો હિસ્સો માત્ર વ્યાજ ચૂકવવામાં જ વપરાઈ જાય છે અને પ્રજાલક્ષી સુવિધાઓમાં કાપ મૂકવો પડે છે. જેમ સામાન્ય પરિવારમાં હોમ લોનના વ્યાજ વધતાં ઊખઈનો બોજ વધે છે, તેવું જ સરકાર સાથે બને છે. હાલ ફ્રાન્સના ૧૦ વર્ષના સરકારી બોન્ડની યીલ્ડ (વળતરનો દર) વધીને લગભગ ૫% પહોંચી ગઈ છે, જ્યારે જર્મનીમાં તે ૩.૪૧% છે, એટલે કે ફ્રાન્સને દેવું મેળવવા ભારે વ્યાજ ચૂકવવું પડી રહ્યું છે.

IMFના ૨૦૨૬ના અંદાજ મુજબ, ભારતનું કુલ સરકારી દેવું દેશના જીડીપી (GDP)ના ૮૩.૪% જેટલું છે. જોકે વધુ દેવું હોવાનો અર્થ સીધો આર્થિક સંકટ નથી થતો. જાપાન પર તેનું દેવું જીડીપીના ૧૯૯%, અમેરિકા પર ૧૨૭% અને ફ્રાન્સ પર ૧૧૮% છે. કોઈ પણ દેશની નાણાકીય સ્થિતિ માત્ર દેવાના આંકડા પરથી નહીં, પરંતુ તેની વ્યાજ ચૂકવવાની ક્ષમતા, આવક વૃદ્ધિ અને અર્થતંત્રની મજબૂતીના આધારે નક્કી થાય છે.

ભારતની સ્થિતિ કેટલી ચિંતાજનક?

ભારતની સ્થિતિ કેટલી ચિંતાજનક? IMFના ૨૦૨૬ના અંદાજ મુજબ, ભારતનું કુલ સરકારી દેવું દેશના જીડીપી (GDP)ના ૮૩.૪% જેટલું છે. જોકે વધુ દેવું હોવાનો અર્થ સીધો આર્થિક સંકટ નથી થતો. જાપાન પર તેનું દેવું જીડીપીના ૧૯૯%, અમેરિકા પર ૧૨૭% અને ફ્રાન્સ પર ૧૧૮% છે. કોઈ પણ દેશની નાણાકીય સ્થિતિ માત્ર દેવાના આંકડા પરથી નહીં, પરંતુ તેની વ્યાજ ચૂકવવાની ક્ષમતા, આવક વૃદ્ધિ અને અર્થતંત્રની મજબૂતીના આધારે નક્કી થાય છે.

વિશ્વમાં સૌથી વધુ સરકારી દેવું ધરાવતા દેશો

- **અમેરિકા :** આશરે ૩,૯૩૩ લાખ કરોડ રૂપિયા
- **ચીન :** આશરે ૨,૧૩૭.૫ લાખ કરોડ રૂપિયા
- **જાપાન :** આશરે ૮૨૬.૫ લાખ કરોડ રૂપિયા
- **બ્રિટન :** આશરે ૪૧૮ લાખ કરોડ રૂપિયા
- **ફ્રાન્સ :** આશરે ૩૯૯ લાખ કરોડ રૂપિયા
- **ઇટાલી :** આશરે ૩૫૧.૫ લાખ કરોડ રૂપિયા
- **જર્મની :** આશરે ૩૩૨.૫ લાખ કરોડ રૂપિયા
- **ભારત :** આશરે ૩૨૩ લાખ કરોડ રૂપિયા
- **કેનેડા :** આશરે ૨૭૫.૫ લાખ કરોડ રૂપિયા

ખાંડના ભાવ વધારાના ડર વચ્ચે ડ્યુટી-ફ્રી આયાતની મુદત લંબાવાઈ

અછત ન થાય અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે મહત્ત્વનો નિર્ણય

નવી દિલ્હી, તા.૨૪

સરકારે તહેવારોમાં ખાંડની અછત ન થાય અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. નાણા મંત્રાલયે ૧૦ લાખ ટન ખાંડની ડ્યુટી-ફ્રી આયાત માટેની સમયમર્યાદા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવી છે. આંતરરાષ્ટ્રીય ભાવ તફાવતને કારણે અત્યાર સુધી માત્ર ૨.૬ લાખ ટન ખાંડની આયાત થઈ છે. સરકારે સ્થાનિક બજારમાં ભાવ કાબૂમાં રાખવા સ્ટોક લિમિટ જેવા કડક પગલાં પણ લીધા છે.

આગામી તહેવારોની સીઝનમાં દેશમાં ખાંડનો પૂરતો પુરવઠો જળવાઈ રહે અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. નાણા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન અનુસાર, ટેરિફ રેટ ક્વોટા (ઝછ્ય) હેઠળ ૧૦ લાખ ટન ખાંડની વિના મૂલ્યે (ડ્યુટી-ફ્રી) આયાત કરવા માટેની સમયમર્યાદા લંબાવીને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી કરી દેવામાં આવી છે. અગાઉ સરકારે ૨૦ ઓગસ્ટે ૧૦ લાખ ટન ખાંડ આયાત કરવાની મંજૂરી ૩૧ ઑક્ટોબર સુધી માટે આપી હતી,



જેની મુદત હવે વધારવામાં આવી છે.

ઈન્ડસ્ટ્રીના આંકડા અનુસાર, ૧૦ લાખ ટનની મંજૂરી સામે અત્યાર સુધીમાં માત્ર ૨.૬ લાખ ટન ખાંડની જ આયાત થઈ શકી છે. ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજાર વચ્ચેના ભાવમાં તફાવત હોવાને કારણે આયાત ધીમી રહી છે. સરકારના આ નિર્ણયનો મુખ્ય હેતુ એ છે કે જ્યારે પણ વૈશ્વિક બજારમાં ભાવ ઘટે અને આયાત ફાયદાકારક બને, ત્યારે વેપારીઓ સરળતાથી ખાંડ દેશમાં લાવી શકે.

સ્થાનિક બજારમાં ખાંડની અછત ન સર્જાય અને સામાન્ય જનતા પર મોંઘવારીનો બોજ ન પડે તે માટે સરકારે આયાતની સાથે અન્ય કડક પગલાં પણ લીધા છે. જેમાં વેપારીઓ પર સ્ટોક લિમિટ (સ્ટોક રાખવાની મર્યાદા) લાદવાનો સમાવેશ થાય છે. આ પગલાંથી ખાંડની સંગ્રહખોરી રોકી શકાશે અને બજારમાં સતત પુરવઠો જળવાઈ રહેશે, જેથી ગ્રાહકોને વ્યાજબી ભાવે ખાંડ મળી રહેશે. માર્કેટિંગ વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર-સપ્ટેમ્બર) માટે દેશમાં ખાંડનું ઉત્પાદન ૩૦૬ લાખ ટન રહેવાનો નવો અંદાજ મૂકવામાં આવ્યો છે, જે અગાઉના ૩૪૩ લાખ ટનના અંદાજ કરતાં ઓછું છે. જોકે, દેશમાં ખાંડની વાર્ષિક સ્થાનિક વપરાશ કે માંગ લગભગ ૨૮૦થી ૨૮૫ લાખ ટન જેટલી રહે છે. ઉત્પાદનમાં ઘટાડો થવા છતાં માંગ કરતાં ઉત્પાદન વધુ હોવાથી અને સરકારી આગોતરા આયોજનને કારણે દેશમાં ખાંડની કોઈ અછત સર્જાશે નહીં.

વિરોધ પ્રદર્શન વચ્ચે ગૃહમંત્રી એક્શનમાં

દિલ્હી પોલીસ હેડક્વાર્ટરમાં ઉચ્ચસ્તરીય બેઠકઃ સુરક્ષા સંબંધિત ચર્ચા

નવી દિલ્હી, તા.૨૪

દેશની રાજધાની દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની એક મહત્વપૂર્ણ મુલાકાતે રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચા જગાવી છે. એક તરફ મતદાર યાદીના મુદ્દે વિપક્ષ આક્રમક બન્યો છે, તો બીજી તરફ વિદ્યાર્થીઓનું આંદોલન પણ ચર્ચામાં છે. આ સંજોગોમાં દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં સુરક્ષા સંબંધિત કયા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે અને આગામી દિવસોમાં તેની શું અસર જોવા મળશે?

દેશની રાજધાની દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અને તહેવારોની સિઝન વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા હાથ ધરી છે. શનિવારે કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હી પોલીસના મુખ્યાલય પહોંચ્યા હતા. અહીં તેમણે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થા સંબંધિત મુદ્દાઓ



પર ચર્ચા શરૂ કરી હતી. દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા પણ પોલીસ મુખ્યાલય પહોંચ્યાં હતાં.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહમંત્રીની બેઠકમાં રાજધાનીની સુરક્ષા, ગુનાખોરી પર નિયંત્રણ અને પોલીસની કામગીરીની સમીક્ષા મહત્વના મુદ્દા છે. કાઉન્ટર ઇન્ટેલિજન્સ મજબૂત કરવા ઉપરાંત મહિલાઓ સામેના ગુના, ગેંગસ્ટર પ્રવૃત્તિઓ અને ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામેની કાર્યવાહીની પણ ચર્ચા થવાની શક્યતા છે.

ચૂંટણી પંચની મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા સામે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યાં છે. વિપક્ષી પક્ષો અને વિદ્યાર્થી સંગઠનોએ પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપો કરી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. શુક્રવારે બાંગ્લા સાહિબ ગુરુદ્વારા નજીક વિરોધ માર્ચ યોજાઈ હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ એકત્ર થતાં ટ્રાફિક પોલીસે બપોરે ૧થી સાંજે ૫ વાગ્યા સુધી ડાયવર્ઝન અંગે એડવાઇઝરી જાહેર કરી હતી.

દિલ્હીની જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટીમાં પાંચ વિદ્યાર્થીઓની ભૂખ હડતાળ ૧૩મા દિવસે પહોંચી છે. વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ્સ યુનિયનની પુનઃસ્થાપના અને ચીફ પ્રોક્ટરને દૂર કરવાની માંગ કરી રહ્યા છે. યુનિવર્સિટીએ સાવચેતીના ભાગરૂપે વર્ગો ઓનલાઇન કરવાનો નિર્ણય લીધો છે.

કોંગ્રેસ અને ઇન્ડીયા ગઠબંધનના સહયોગી પક્ષોએ ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં રેલી યોજવાની જાહેરાત કરી છે. આ રેલીમાં ચૂંટણી પંચ સામેના વિરોધને વધુ તેજ બનાવવાની તૈયારી છે. જોકે તહેવારોના વેપારને અસર થવાની ચિંતા વ્યક્ત કરીને વેપારી સંગઠને રેલીની તારીખ બદલવાની માંગ કરી છે.

ઈન્સ્યુલિન કે દવા લેવાની જરૂર નહીં પડે, સુગર બાળતા USB-સાઇઝના ઈમ્પ્લાન્ટની શોધ

ડાયાબિટીસને કંટ્રોલમાં રાખશે ECHO ડિવાઇસ

નવી દિલ્હી, તા.૨૪

ડાયાબિટીસના દર્દીઓએ આખી જિંદગી દવાઓ કે ઇન્સ્યુલિનના ઇન્જેક્શન લેવા પડતા હોય છે. પણ આ ક્ષેત્રમાં હવે એક એવું સંશોધન થયું છે, જે આ બંને ઉપાયોને ભૂતકાળ બનાવી દે. શોધ થઈ છે એક એવા નાનકડા ડિવાઇસની જેને ત્વચાની નીચે મુકવાથી વધારાની સુગર આપમેળે દૂર થઈ જાય! ૨૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ વિશ્વ વિખ્યાત 'સાયન્સ' મેગેઝિનમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ સ્વિટ્ઝર્લેન્ડની ETH ઝુરિચના સંશોધકોએ, જેમાં ભારતીય વૈજ્ઞાનિકો ડો. દેબાસિસ મૈતી અને ડો. પ્રીતમ ગુહા રે પણ સામેલ છે, એક એવું ઇમ્પ્લાન્ટ વિકસાવ્યું છે જે દવાઓ વિના જ બ્લડ સુગરને બાળી નાખે છે અને 'ડાયાબેસિટી' (ડાયાબિટીસ + સ્થૂળતા) સામે લડવામાં મદદ કરે છે. ચાલો, આ ક્રાંતિકારી શોધને વિગતવાર સમજીએ.

આ ડિવાઇસનું નામ ECHO (Electrocatalytic Closed-loop



Health Optimization) રાખવામાં આવ્યું છે. તે એક નાની સપાટ, લંબચોરસ સબ-ડર્મલ ચિપ છે. આ ચિપમાં ગ્રેફાઇટની પાતળી પટ્ટીનો ઉપયોગ થયો છે, જેના પર પ્લેટિનમથી સુશોભિત સોનાના નાના કણો (નેનોક્લસ્ટર્સ) જડેલા હોય છે. માઈક્રોસ્કોપમાં જોતા આખી રચના 'ડેઝર્ટ રોઝ' (રણના ગુલાબ) જેવી આકર્ષક દેખાય છે. આ ડિવાઇસમાં કોઈ જૈવિક કોષો કે એન્ઝાઇમ્સ નથી હોતા, માત્ર મેટલ અને ઇલેક્ટ્રોનિક્સ હોય છે, જે તેને લાંબા સમય સુધી સુરક્ષિત અને ટકાઉ બનાવે છે.

ગ્લુકોઝનું રૂપાંતરણઃ જ્યારે લોહીમાં સુગર (ગ્લુકોઝ) નું સ્તર નક્કી કરેલી મર્યાદા (થ્રેશોલ્ડ) વટાવી જાય છે, ત્યારે આ ડિવાઇસ માત્ર ૦.૭૫ વોલ્ટનો નાનો ઇલેક્ટ્રિક કરંટ પસાર કરે છે. આ કરંટ વધારાના ગ્લુકોઝને 'ગ્લુકોનેટ' નામના તત્વમાં ફેરવી (ઓક્સિડાઇઝ કરી) નાખે છે.

આ ગ્લુકોનેટ કિડની દ્વારા સરળતાથી ફિલ્ટર થઈ જાય છે અને પેશાબ વાટે શરીરની બહાર નીકળી જાય છે. આ ડિવાઇસ સ્માર્ટફોન અને સતત ગ્લુકોઝ મોનિટરિંગ (CGM) સેન્સર સાથે વાયરલેસ રીતે જોડાયેલું રહે છે. સુગર વધે ત્યારે તે આપમેળે ચાલુ થાય છે અને સ્તર સામાન્ય થતાં જ બંધ થઈ જાય છે. આ ટેકનોલોજી 'હાઈપોગ્લાયકેમિઆ' (બ્લડ સુગર ખતરનાક રીતે ઘટી જવી) ની સમસ્યાને અટકાવે છે.

સૌથી સારી વાત એ છે કે આ પ્રક્રિયામાં લોહીનું ાઈ લેવલ ૭.૩૫ની નીચે જતું નથી, એટલે કે 'કીટોએસિડોસિસ' નામની કોઈ જીવલેણ સ્થિતિ ઊભી થતી નથી. ડાયાબિટીસ ધરાવતા ઉંદરો પરના પરીક્ષણોમાં આ ડિવાઇસે માત્ર ૯૦ મિનિટમાં બ્લડ સુગર ઘટાડીને કંટ્રોલમાં લાવી દીધું હતું. ૬ અઠવાડિયા સુધી ચાલેલા પરીક્ષણોમાં તેણે કોઈ પણ આડઅસર વિના ઉંદરોનું વજન ઘટાડ્યું હતું.સતત ગ્લુકોઝ મોનિટર સાથે જોડાયેલું આ ડિવાઇસ કોઈ પણ માનવ હસ્તક્ષેપ વિના ૧૨ દિવસ સુધી સતત કામ કરતું રહ્યું. વધુમાં, ત્વચાની અંદર ૩ મહિના રહ્યા પછી પણ આ ઇમ્પ્લાન્ટ સક્રિય જોવા મળ્યું હતું અને તેનાથી કોઈ ડાઘ કે ઇન્ફેક્શન પણ નહોતું થયું.

ટ્રમ્પની ધમકીનો ઈરાનનો વળતો પ્રહાર : ઈન્ટરનેટ કાપી નાખીશું


હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયા નીચે રહેલા ૭ મહત્વના ઈન્ટરનેટ કેબલ તોડી પાડવાની ઈરાનની ધમકી

નવી દિલ્હી, તા.૨૪

અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલી તાજી ધમકીને કારણે પશ્ચિમ એશિયામાં ફરી તણાવ ભડક્યો છે. ટ્રમ્પની સૈન્ય કાર્યવાહીની ધમકી સામે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયા નીચે રહેલા ૭ મહત્વના ઈન્ટરનેટ કેબલ તોડી પાડવાની ચેતવણી આપી છે. આ વિવાદથી વૈશ્વિક તેલ બજારો, બેન્કિંગ વ્યવસ્થા અને અબજો ડોલરના ગ્લોબલ ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટો ખતરો સર્જાયો છે.

ડોનાલ્ડના આક્રમક વલણથી પશ્ચિમ એશિયામાં ફરી એકવાર પૂર્ણ કક્ષાનું યુદ્ધ ભડકવાની આશંકા પ્રબળ બની છે. તાજેતરમાં જાહેર થયેલી ટ્રમ્પની ધમકી સ્થિતિ વચ્ચે ઈરાને વળતો પ્રહાર કરતાં જણાવ્યું છે કે જો અમેરિકા કે ઈઝરાયેલ નવો હુમલો કરશે તો તેઓ પર્સિયન ગલ્ફમાં સમુદ્ર નીચે પથરાયેલા સંચાર કેબલ કાપી નાખશે. ફ્લોરિડાની રેલીમાં ટ્રમ્પે નવી સૈન્ય કાર્યવાહીના સંકેત આપતા વૈશ્વિક નાણાકીય બજારો અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે તીવ્ર ચિંતા પ્રસરી ગઈ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્લોરિડામાં યોજાયેલી એક વિશાળ જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે અમેરિકા ઈરાન વિરુદ્ધ વધુ એક સૈન્ય કાર્યવાહી માટે સક્ષમ છે. તેમણે ૨૮ ફેબ્રુઆરીના રોજ શરૂ થયેલા ગત અભિયાનને યાદ કરતાં કહ્યું કે યુએસ દળો 'લિટિલ એપિક ફ્યુરી' જેવી વધુ એક નિર્ણાયક સ્ટ્રાઈક કરી શકે છે. જોકે, ટ્રમ્પે આ નવી સૈન્ય કાર્યવાહી ક્યારે અને કઈ રીતે કરવામાં આવશે તેની સ્પષ્ટ તારીખો જાહેર કરી નથી. નોંધનીય છે કે અગાઉ તેમણે કહ્યું હતું કે મિડટર્મ ચૂંટણીઓ પહેલા કોઈ મોટો હુમલો નહીં થાય, પરંતુ અચાનક બદલાયેલા આક્રમક નિવેદને



સુરક્ષા નિષ્ણાતોને ચોંકાવી દીધા છે.

આ ગંભીર ધમકી બાદ તેહરાન તરફથી તાત્કાલિક અને આક્રમક વળતો પ્રતિભાવ આવ્યો છે. આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થા રોયટર્સને આપેલા ઈન્ટરવ્યુમાં બે વરિષ્ઠ ઈરાની સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે જો ઈરાન પર બોમ્બમારો થશે તો સમુદ્રના તળિયે પથરાયેલા સંચાર કેબલ્સથી લઈને સૈન્ય મથકો સુધી કંઈપણ સુરક્ષિત નહીં રહે.

ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સના પોલિટિકલ અફેર્સ ડેપ્યુટી ચીફ યદોલ્લાહ જવાનીએ પુષ્ટિ કરી છે કે તેમના દળો પાસે આ તમામ લાઈન્સ સુધી પહોંચવાની સંપૂર્ણ સૈન્ય ક્ષમતા છે. જો ઈરાની તેલ અથવા પરમાણુ મથકો પર હુમલો થશે, તો હોર્મુઝની ખાડી નીચેથી પસાર થતા ૭ મહત્વપૂર્ણ ઈન્ટરનેટ કેબલને વિસ્ફોટકોથી નષ્ટ કરી દેવામાં આવશે.અમેરિકા અને ઈઝરાયેલના અગાઉના હુમલાઓમાં હજારો લોકોના મોત અને લાખો લોકો વિસ્થાપિત થયા હોવાના અહેવાલો છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલનો પુરવઠો સતત વહી રહ્યો છે અને અમેરિકા પાસે યુદ્ધને તાત્કાલિક પૂર્ણ કરવાની ક્ષમતા છે.

પરંતુ સંરક્ષણ વિશ્લેષકોના મતે જો લડાઈ ફરી તેજ બનશે તો ક્રૂડ ઓઈલના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં બેકાબૂ બની જશે, જેનાથી ભારત સહિતના વિકાસશીલ દેશોમાં મોંઘવારીનો મોટો બોજ આવી શકે છે.ઈરાન સામે નવો મોરચો ખોલવાની શક્યતા વચ્ચે વિશ્વના અગ્રણી દેશોએ શાંતિની અપીલ કરી છે. શુક્રવારે ઈસ્તંબુલ ખાતે બ્રિટન, ફ્રાન્સ, જર્મની, તુર્કી, ઈજિપ્ત, પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને ઈટાલીના રાજદ્વારીઓની ઈમરજન્સી બેઠક મળી હતી. તેમણે સ્પષ્ટ કહ્યું કે ઈરાન પર નવો હુમલો આખા પશ્ચિમ એશિયાને ભયાનક યુદ્ધમાં ધકેલી દેશે. કૂટનીતિ જ એકમાત્ર વિકલ્પ છે. ફ્રાન્સના વિદેશ મંત્રી જીન-નોએલ બારોઃ તેમણે ચેતવણી આપી કે તણાવ વધવાથી કોઈનો ફાયદો નહીં થાય, માત્ર ઊર્જા સંકટ વધશે.જર્મનીના વિદેશ મંત્રી યોહાન વાડેફુલઃ તેમણે જણાવ્યું કે યુરોપીય દેશો ઈરાન પરમાણુ હથિયારો ન બનાવે તે માટે સીધી વાટાઘાટો કરવા હજુ પણ તૈયાર છે.

સમુદ્રની અંદર રહેલા કેબલ કપાશે તો વિશ્વભરમાં શું થશે?

વિશ્વનો લગભગ ૯૯ ટકા ઇન્ટરનેટ ટ્રાફિક સમુદ્રની અંદર બિછાવેલા ફાઇબર ઓપ્ટિક કેબલ્સ દ્વારા ચાલે છેઃહોર્મુઝ સ્ટ્રેટમાંથી વૈશ્વિક બેન્ડવિડ્થનો માત્ર ૧ ટકાથી ઓછો હિસ્સો પસાર થાય છે, પરંતુ તે મિડલ ઇસ્ટ, એશિયા અને યુરોપને જોડતી મુખ્ય કડી છે. જો ૭ મોટા કેબલ કાપવામાં આવે તો ગલ્ફ દેશોમાં નેટ સ્પીડ ધીમી પડી શકે છે.બેન્કિંગ ટ્રાન્ઝેક્શન્સ, સ્ટોક એક્સચેન્જ કામગીરી, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ બુકિંગ અને ક્લાઉડ નેટવર્ક્સમાં ગંભીર વિક્ષેપ પડી શકે છે. યુદ્ધગ્રસ્ત દરિયાઈ ક્ષેત્રમાં રિપેરિંગ શિપ મોકલવા મુશ્કેલ બને છે કારણ કે વીમા પ્રીમિયમ વધી જાય છે અને મંજૂરી મળવામાં મહિનાઓ લાગી શકે છે.

ખાડી દેશોના ટેકનોલોજી અને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર તોળાતું જોખમ

સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) જેવા ખાડી દેશોએ તેલ પરની નિર્ભરતા ઘટાડીને પોતાને ગ્લોબલ અર્ઇ અને ટેક હબ બનાવવા માટે અબજો ડોલરનું રોકાણ કર્યું છે. માર્ચ મહિનામાં થયેલા હુમલાઓમાં ઞઅઊ માં એમેઝોન વેબ સર્વિસીસ (અજ્જ) ની ૨ સુવિધાઓ અને બહેરીનમાં પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચ્યું હતું.માઇક્રોસોફ્ટ દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં મિડલ ઇસ્ટમાં દરિયાઈ અને જમીની કનેક્ટિવિટી માટે ૪૦ કરોડ ડોલરથી વધુનું રોકાણ કરવાની યોજના તૈયાર કરાઈ છે.જો સમુદ્રની કેબલ લાઇન કપાય તો જમીન માર્ગે ટ્રાફિક ડાયવર્ટ કરવો પડશે, પરંતુ હાલના સ્થિતિમાં તેની ક્ષમતા મર્યાદિત હોવાથી ડિજિટલ અર્થતંત્રને મોટો ફટકો પડી શકે છે.

યુપીનો શખ્સ ૧.૧૭૦ કિલો ગાંજા સાથે ઝડપાયો

'સે નો ટુ ડ્રગ્સ' ઝુંબેશ હેઠળ કોઠારીયા મેઈન રોડ પરથી ૬૮,૭૩૦ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ, ગાંજો મંગાવનાર રાજકોટનો શખ્સ વોન્ટેડ



રાજકોટ તા. ૨૪

રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ દ્વારા યુવાધનને નશાથી બચાવવા માટે ચલાવવામાં આવી રહેલી 'સે નો ટુ ડ્રગ્સ' ઝુંબેશ હેઠળ ભક્તિનગર પોલીસને મોટી સફળતા મળી છે.

હેડ કોન્સ્ટેબલ કેતનભાઈ બોરીચા અને પોલીસ કોન્સ્ટેબલ નિલેશભાઈ મીયાત્રાને મળેલી બાતમીના આધારે પોલીસે કોઠારીયા મેઈન રોડ પર આવેલ આશાપુરા નગર શેરી નં. ૨ ના ખૂણા પાસેથી મૂળ ઉત્તરપ્રદેશના ઈટાવા જિલ્લાના વિજયપુરા ગામના હરિઓમસિંહ ઉર્ફે મોનુ વિનોદ ભદોરીયા નામના શખ્સને જાહેરમાંથી પકડી પાડ્યો હતો. તેમની પાસેથી પોલીસે રૂપિયા ૫૮,૫૦૦નો ૧.૧૭૦ કિલોગ્રામ ગાંજો, ૧૦,૦૦૦નો મોબાઈલ અને ૨૩૦ રોકડા મળીને રૂપિયા ૬૮,૭૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ ગાંજાનો જથ્થો રાજકોટમાં રહેતા સંતોષ ઉર્ફે ગોપાલ જગદીશભાઈ પાલા નામના શખ્સે મંગાવ્યો હતો. પકડાયેલા માદક પદાર્થ અંગે એફ.એસ.એલ. અધિકારી કે.એમ. તાવીયા સાહેબે સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ કરી તે ગાંજો હોવાનો અભિપ્રાય આપ્યો હતો. આ સમગ્ર કામગીરી ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.ડી. પરમાર, પી.એસ.આઈ. એસ.એચ. ગોહિલ અને તેમની ટીમના એ.એસ.આઈ. નિલેષભાઈ મકવાણા, કુલદીપસિંહ ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ કેતનભાઈ બોરીચા, હરવિજયસિંહ ગોહિલ, રમેશભાઈ માલીકીયા, ડ્રાઈવર રાજેશગીરી ગોસ્વામી, કોન્સ્ટેબલ નિલેશભાઈ મીયાત્રા, પ્રકાશભાઈ મકવાણા, રવિભાઈ રત્નું, યુવરાજસિંહ જાદવ, યોગીરાજસિંહ જાડેજા, નરસંગભાઈ ગઢવી અને હોમગાર્ડ જવાનો દિપભાઈ ટાંક તથા હાર્દિકભાઈ પીપળીયા દ્વારા કરવામાં આવી હતી.



વેપારી સાથે ૧.૬૪ લાખની છેતરપિંડી

વોટ્સએપ પર ઓર્ડર આપી માલ લઈ લીધા બાદ શખ્સ ફરાર

રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેરના ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, જે.કે. ચોક આલાપ એવન્યુની સામે એબાર્ક ઈન્ટરનેશનલના નામે સિરામિક ગેન્ડીનો વેપાર કરતા વિજયભાઈ ઓશકભાઈ વડારીયા સાથે રૂપિયા ૧.૬૪ લાખની છેતરપિંડી થઈ છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, ૨૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ તેમને અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ અને ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ શની પટેલ અને પોતાની ફર્મનું નામ એમ.બી. ટ્રેડિંગ આપીને ક્વાર્ટઝ સિન્ક (ગેન્ડી) નો ઓર્ડર આપ્યો હતો. શની પટેલે અલગ-અલગ સાઈઝની કુલ ૧૦૦ ગેન્ડીઓ (૨૪૬૧૮ ની ૫૦, ૨૧૬૧૮ ની ૪૦, અને ૧૬૬૧૮ ની ૧૦) માટે વોટ્સએપ પર લિસ્ટ મોકલ્યું હતું, જેની કુલ કિંમત રૂ. ૧,૬૪,૦૨૦/- થતી હતી.

વેપારી અને શની પટેલ વચ્ચે ફોન પર થયેલી વાતચીતમાં શનીએ ખાતરી આપી હતી કે માલ મળતા જ તે ડ્રાઈવરને પેમેન્ટનો ચેક આપી દેશે. આથી વેપારીએ ૨૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ અમૃતભાઈ નામના ડ્રાઈવર સાથે મોરબી ખાતે માલ મોકલાવ્યો હતો. શની પટેલે મોરબીમાં મહેન્દ્ર નગર ચોકડી ખાતે અમૃતભાઈની ગાડીમાંથી પોતાનો માલ બીજી એક બોલેરો ગાડી (જી જે ૩૬ વી ૮૪૧૨) માં ટ્રાન્સફર કરાવી લીધો હતો. જોકે, ડ્રાઈવર અમૃતભાઈને ચેક આપવાના બદલે શની પટેલ ''થોડીવારમાં ચેક લઈને આવું છું'' તેમ કહીને ત્યાંથી જતો રહ્યો હતો.

માલની ડિલિવરી થઈ ગયા બાદ પણ વેપારીને માલના રૂ. ૧,૬૪,૦૨૦/- મળ્યા ન હતા. શની પટેલ વારંવાર પૈસા આપી દેવાના બહાના કાઢતો રહ્યો અને ત્યારબાદ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. વેપારીએ અગાઉ ૧૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ પોલીસમાં અરજી પણ કરી હતી. આખરે, વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં વિજયભાઈએ ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ શની પટેલ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૩૧૮(૪) હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી વોટ્સએપ ચેટના પુરાવાઓ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

વોટ્સએપ પર આવેલી APK ફાઈલ ખોલતા ૨.૫૦ લાખ ચાઉં

થોરાળા પોલીસ સ્ટેશનમાં ઘૂઘરાના વેપારીએ નોંધાવી ફરિયાદ, બેંક ઓફ બરોડાના ખાતામાંથી રકમ ઉપડી ગઈ

રાજકોટ, તા.૨૪

રાજકોટના સંતકબીર રોડ પર આવેલ કબીરવન સોસાયટી ભાગ-૨ માં રહેતા અને 'વજુભાઈ ઘૂઘરાવાળા' નામથી ઘૂઘરાનો વેપાર કરતા ૬૪ વર્ષીય વ્રજલાલ વલ્લભદાસ ગરાછ સાથે સાયબર ફ્રોડની ઘટના બની છે. તેમણે થોરાળા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૧૮(૪) અને આઈ.ટી. એક્ટની કલમ ૬૬(ડી) મુજબ રૂપિયા ૨,૫૦,૦૦૦ ની છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ તેમના એક ગ્રાહક મનોજભાઈ ગોલના વોટ્સએપ નંબર પરથી આમંત્રણને લગતી એક અઉઊં ફાઈલ આવી હતી, જે વ્રજલાલભાઈએ ખોલી નાખી હતી. ત્યારબાદ મનોજભાઈએ પોતાના વોટ્સએપમાં સ્ટેટસ મૂક્યું હતું કે તેમનું એકાઉન્ટ હેક થયું છે તેથી કોઈએ આવી ફાઈલ ખોલવી નહીં, પરંતુ ત્યાં સુધીમાં વ્રજલાલભાઈ તે ફાઈલ ખોલી ચૂક્યા હતા. ૨૯ સપ્ટેમ્બરના રોજ રાત્રે તેમનો મોબાઈલ અચાનક બંધ થઈ ગયો હતો અને તેમના જમાઈએ ઘરે આવીને મોબાઈલ ફરી ચાલુ કરતા અચાનક પચાસેક જેટલા ઘઝઝ આવવા લાગ્યા હતા તેમજ ગુગલ પે બંધ થઈ ગયું હતું. તેમના જમાઈએ ગુગલ પે એપ્લિકેશન ફરી ઈન્સ્ટોલ કરીને ચેક કરતા રણછોડ નગર બ્રાન્ચના બેંક ઓફ બરોડાના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૫૦,૦૦૦ ઉપડી ગયા હોવાનું સામે આવ્યું હતું. આ છેતરપિંડી અંગે તેમણે તુરંત સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર જાણ કરી અરજી નોંધાવી હતી અને પોતાના ગયેલા નાણાં પરત ન મળતા અંતે સત્તાવાર રીતે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે.

બાળકોની સુષુપ્ત શક્તિઓને મળ્યો આકર્ષક મંચ

સૌ.યુનિ. કર્મચારી કો.ઓ.હા.સો. દ્વારા બાળકો માટે 'ટેલેન્ટ શો' સંપન્ન



રાજકોટ, તા.૨૩

આસો માસની શરદ ઋતુ અને આરાધનાના પવિત્ર દિવસો દરમિયાન સોસાયટી પરિવાર દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ અને તેમની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુથી એક ' ટેલેન્ટ શો'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સોસાયટીના તમામ પરિવારો, વડીલો અને સ્નેહીજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન પ્રો.મનોજભાઈ પુરોહિત(પ્રમુખ, ભારત વિકાસ પરિષદ, નટરાજનગર શાખા)ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું જેમાં અતિથિ વિશેષ રમેશભાઈ સાકરીયા (રાધિકા સિલ્વર), સોસાયટી પ્રમુખ ડો. જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ તથા મંચસ્થ મહેમાનો જોડાયા હતા.

દીપ પ્રાગટ્ય બાદ પ્રમુખ ડો. જયદીપસિંહ ડોડિયાએ સ્વાગત પ્રવચન કર્યું અને મંચસ્થ મહેમાનો અને નિર્ણાયક બહેનોનું મોમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ટેલેન્ટ શોમાં નાના-મોટા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ નૃત્યના તાલે માતાજીની ભક્તિ અને ઉમંગ વ્યક્ત કર્યા હતા, જ્યારે કેટલાકે પોતાની અદ્ભુત વાક્છટાથી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. વળી, નાના ભૂલકાઓએ પોતાની કાલી ઘેલી ભાષામાં કાવ્ય પઠન કરી સૌના દિલ જીતી લીધા હતા. મંચ પર આવેલ દરેક બાળકે સ્ટેજ ફિયર (સંકોચ) દૂર કરીને પોતાની કળા રજૂ કરી, જે તેમની સૌથી મોટી સિદ્ધિ રહી હતી. ઉપસ્થિત વડીલો અને વાલીઓએ તાળીઓના ગડગડાટથી બાળકોની દરેક રજૂઆતને વધાવીને તેમનો ઉત્સાહ બેવડાવ્યો હતો.

કાર્યક્રમના અંતે વિજેતા થયેલા તેમજ ભાગ લેનાર તમામ બાળકોને ઉપસ્થિત મહાનુભાવો તેમજ સોસાયટીના પરિવારના પ્રોફે. અનામિક શાહ, પૂર્વ પ્રમુખ પ્રોફે. પી. એચ. પરસાણીયા, ડી. પી. ત્રિવેદી, અજયસિંહ પરમાર, રમેશ સભાયા, ડો . દર્શન ભટ્ટ, ઉધોગપતિ શૈલેષ પટેલ, જીતેશ પંડિત, જીથ નાયર, સિનિયર ઈ. એન. ટી. સર્જન ડો . સેજલબેન ભટ્ટ, જાણીતા ફીટલ મેડીસિન એક્સપર્ટ ડો . કુંતલબા જાડેજા , ચંપાબેન ગરાળા, પ્રોફે . કુસુમબા જાડેજા, પારૂલબેન ત્રિવેદી, વિજયાબેન પરસાણીયા, ધીરજબા ડોડિયા વગેરેના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

ઉપસ્થિત સૌએ સોસાયટીની કારોબારી ટીમને ભાવિ સમયમાં પણ આવા સુંદર સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો સતત યોજતા રહેવા માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતમાં પ્રોફે. મનોજભાઈ પુરોહિતે પોતાના વક્તવ્યમાં જણાવ્યુ હતું કે '' કોઈપણ સમાજ કે સોસાયટી માત્ર ઈંટો અને સિમેન્ટના મકાનોથી નથી બનતી, પણ એકબીજાના સુખ-દુઃખમાં સાથ આપતા પરિવારોથી બને છે. ભારતીય સંસ્કૃતિમાં પરિવારનું એક અદકેરુ મહત્વ છે.

આ સોસાયટીમાં આ પારિવારિક ભાવના સદાય જીવંત રાખવા અને બાળકોની સુષુપ્ત શક્તિઓને આવો સુંદર મંચ પૂરો પાડવા બદલ સોસાયટીના પ્રમુખ ડો. જયદીપસિંહ ડોડિયા, માનદ મંત્રી અજયભાઈ જોષી, ઉપપ્રમુખ સજી મેથ્યુ તેમજ તમામ કારોબારી સભ્યો અભિનંદનને પાત્ર છે. ટેલેન્ટ શોમાં કોઈ પ્રથમ કે કોઈ દ્વિતીય નથી. અહીં ભાગ લેનાર દરેક બાળક વિજેતા છે, કારણ કે પોતાના સંકોચને છોડીને મંચ પર આવી પોતાની કળા રજૂ કરવી એ જ સૌથી મોટી સિદ્ધિ છે. તેમજ તમામ વડીલો અને વાલીઓને વિનંતી કરતા જણાવ્યું કે બાળકો જ્યારે સ્ટેજ પર આવે ત્યારે તેમની દરેક રજૂઆતને માત્ર નજરોથી નહીં, પણ દિલ ખોલીને તાળીઓના ગડગડાટથી વધાવજો. તમારી એક તાળી બાળકના મનમાં વર્ષો સુધી ગૂંજતો ઉત્સાહ બની રહેશે. તેઓએ આ યાદગાર ટેલેન્ટ શોમાં વિજેતા બનેલ બાળકોને તેમજ ભાગ લેનાર તમામ ભૂલકાને અભિનંદન પાઠવ્યા અને આવા કાર્યક્રમો વર્ષો વર્ષ કરતા રહે એવી સોસાયટીના પ્રમુખ અને તમામ કારોબારી સભ્યોને અપીલ કરી.'' કાર્યક્રમનું સંચાલન જીતેશ પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રાજવી શાહ, સ્મિતા પારેખ અને ડો. મીના જેઠવા દ્વારા દરેક કૃતિને યથા ન્યાય આપવાનો પ્રયાસ કર્યો હતો. વિવિધ ટેલેન્ટમાંથી ત્રણ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા. જેમાં પ્રથમ વિજેતા તરીકે મલર સુજિત નાયર (ભરતનાટ્યમ નૃત્ય), દ્વિતિય વિજેતા આર્ના દર્શિત ખેરડિયા (ગરબા રાસ થીમ નૃત્ય) અને તૃતિય વિજેતા તરીકે શૌર્ય માર્મિક આહ્યા (વકૃત્વ કલા) જાહેર કરવામાં આવ્યા હતા.

જુગારના ૩ દરોડામાં ૧૦ તાસપ્રેમી પકડાયા

જામકંડોરણાના મેઘાવડ અને ધોરાજીમાં બે દરોડા : રોકડા સહિત ૪,૩૧,૭૭૦નો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ, તા.૨૪

જામ કંડોરણા પોલીસ સ્ટેશનની હદમાં આવતા મેઘાવડ ગામની કાળીધાર સીમમાં એક મોટો જુગારધામ પકડાયો છે. અહીં આરોપી વિરભદ્રસિંહ સતુભા જાડેજા પોતાની માલીકીના ખેતરવાડીના મકાનમાં બહારથી માણસો બોલાવીને, લાઇટ અને પાણીની સગવડ પુરી પાડીને જુગારનો અખાડો ચલાવતો હતો. રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. દ્વારા પાડેલા આ દરોડામાં વિરભદ્રસિંહ સતુભા જાડેજા, મયુરસિંહ બળવંતસિંહ જાડેજા, ઇકબાલ ઉર્ફે લાલો અભરામભાઇ દોઢીયા, કલ્પેશ ભીમજીભાઈ ગોહેલ, રાજેશ ભીખાભાઈ ઠુંમ્મર અને રાજેશ છગનભાઈ રાંક મળીને ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળેથી જુગારના પટમાંથી અને આરોપીઓ પાસેથી રોકડ ૮૧,૫૦૦, ૫૫ હજારના ૬ મોબાઈલ, ૨.૨૦ લાખના પાંચ વાહનો મળી ૩,૫૬,૫૦૦/- નો મોટો મુદ્દામાલ જમ કરી જુગાર ધારાની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

ધોરાજી સીટી પોલીસ દ્વારા પાલાવડ વિસ્તારમાં કાજી મસ્જીદ સામે જાહેર રોડ પરથી ઓનલાઈન જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. આ આરોપીઓ મુઝફર બસીરામીયા સૈયદ, એઝાઝ અકિલભાઈ કુરેશી અને ઈમ્તિયાઝ અશરફભાઈ ચૌહાણ જાહેરમાં પોતાના મોબાઈલમાં વોટ્સએપ મારફતે વરલી ફિચરના આંકડા લખીને પૈસાની લેતી-દેતી કરી જુગાર રમાડતા હતા.



પોલીસે બાતમીના આધારે શંકાસ્પદ હાલતમાં આ ત્રણેયને પકડી પાડી તેમની પાસેથી રોકડ ૪૦,૦૫૦, ૨૧ હજારના ૪ મોબાઈલ અને એક પર્સ મળીને ૬૧,૦૫૦નો મુદ્દામાલ જમ કર્યો છે અને તમામ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અન્ય એક દરોડામાં ધોરાજી બહારપુરા રઝા પાનની દુકાન પાસે જાહેરમાં જુગાર રમાડતો એક ઈસમ ઝડપાયો છે. આરોપી સલીમ અબુભાઇ સર્વદી જાહેરમાં રઝા પાન પાસે વરલી ફિચરના આંકડા લખીને જુગાર રમાડતો હતો ત્યારે પોલીસે વોચ ગોઠવીને તેને રંગેહાથ પકડી લીધો હતો. પોલીસે આ આરોપી પાસેથી રોકડ ૧૪,૨૨૦ આંકડા લખેલી ચિઠ્ઠીની કાપલી સહિતનો મુદ્દામાલ જમ કરી તેની સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વારા ૮મા કેન્દ્રીય પગારપંચ સમક્ષ રજૂઆત

મુંબઈના કાર્યક્રમમાં પગાર પંચના અધ્યક્ષ અને સભ્યો સમક્ષ WRMSના પ્રતિનિધિમંડળે કર્મચારીઓના હિત અને અધિકારો માટે ઉઠાવ્યો અવાજ



રાજકોટ, તા.૨૩

વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વારા રેલવે કર્મચારીઓના હિતોના રક્ષણ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે ૮મા કેન્દ્રીય પગાર પંચ સમક્ષ કર્મચારીઓના પડતર પ્રશ્નો અને મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. મુંબઈ ખાતે ૨૨ અને ૨૩ ઓક્ટોબરના રોજ આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં ૮મા કેન્દ્રીય પગાર પંચના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈ તેમજ અંશકાલિક સભ્ય પ્રોફેસર પુલક ઘોષ અને સભ્ય સચિવ પંકજ જૈન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના ઉચ્ચ પ્રતિનિધિમંડળે ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવીને કર્મચારીઓના પક્ષને મજબૂતાઈથી રજૂ કર્યો હતો.

મહત્વપૂર્ણ બેઠક દરમિયાન કર્મચારીઓના હિતો તેમજ તેમના અધિકારો અને વેતનમાન સહિતની અન્ય અગત્યની માંગણીઓ તથા સમસ્યાઓને પગાર પંચ સમક્ષ વિસ્તારપૂર્વક મૂકવામાં આવી હતી. આ રજૂઆતનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે કર્મચારીઓના હિતમાં યોગ્ય વિચારણા થઈ શકે અને ભવિષ્યમાં સકારાત્મક નિર્ણય લેવામાં આવે. વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ હંમેશા કર્મચારીઓના હિત અને બહેતર વેતનમાન માટે પ્રતિબદ્ધ છે તે વાતનો પુનરોચ્ચાર આ તકે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના પ્રમુખ પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમાં મહામંત્રી અને એનએફઆઈઆરના સંયુક્ત મહામંત્રી આર.જી.કાબર તેમજ ડબલ્યુઆરએમએસના અધ્યક્ષ હિરેન મહેતા અને ઝોનલ કોષાધ્યક્ષ કિરણ પાટિલ હાજર રહ્યા હતા. તેમની સાથે ઉપાધ્યક્ષ અજયકુમાર સિંહ તેમજ ભાવનગર મંડળના સચિવ બી.એન.ડાભી અને વડોદરા મંડળના સચિવ તપન ચૌધરીએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો. કર્મચારીઓના હિતની બુલંદ અવાજ ઉઠાવીને વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ અને આગેવાનોના સમર્થનમાં નારા લગાવવામાં આવ્યા હતા.

લાકડાની ફેરવતા ગોંડલના રવી રામાણી પત્રકાર સામે રૂપિયા પડાવવાનો વધુ એક ગૂનો

જમીન ચોખ્ખી કરાવવા બ્લેકમેલ કરી ૧૦ લાખ પડાવ્યા

રાજકોટ, તા.૨૪

રાજકોટ ગ્રામ્યના આટકોટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ વીરનગરના અને હાલ રાજકોટ રહેતા ફરિયાદી કેયુરભાઇ ગોરધનભાઈ ભાયાણીના પિતાની વીરનગર ગામમાં ખેતીની જમીન આવેલી છે. વર્ષ ૨૦૧૫માં પિતાની કેન્સરની બીમારીની સારવાર માટે તેઓએ આ જમીન સિક્યુરિટી પેટે અન્ય વ્યક્તિના નામે વેચાણ દસ્તાવેજ કરી રૂપિયા ૧૫ લાખ લીધા હતા, જેનો કોર્ટ કેસ ચાલુ હતો. વર્ષ ૨૦૨૦માં ફરિયાદીના પિતાના એક મિત્ર અમિતભાઈ ધામેલિયા મારફતે તેઓનો સંપર્ક ગોંડલના પત્રકાર રવી રામાણી સાથે થયો હતો અને રવીભાઈએ કોર્ટનો કેસ પૂરો કરાવીને જમીન ચોખ્ખી કરાવી આપવાની ખાતરી આપી હતી.

જમીન ચોખ્ખી કરાવવા માટે આરોપી રવી રામાણીએ ફરિયાદી પાસે રૂપિયા ૧૦ લાખની માંગણી કરી હતી. ફરિયાદી પાસે આટલી રકમની સગવડ ન હોવાથી તેઓએ ના પાડી હતી, પરંતુ આરોપીએ પોતે પત્રકાર છે તેમ કહીને ધમકી આપી હતી. રવીએ ધમકી આપી હતી કે જો રૂપિયા દસ લાખ નહીં આપો તો જમીન વેચી નાખ્યા પછી પણ રૂપિયા પડાવવા ખોટી ફરિયાદો કરો છો તેવા ન્યૂઝ બનાવી વાઇરલ કરશે અને તેમની સામે ખોટા દસ્તાવેજો બનાવવાની ફરિયાદ દાખલ કરાવશે. આ ધમકી અને બદનામીની બીકથી ફરિયાદીએ આર.સી. આંગડિયા મારફતે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં રવીને બે તબક્કામાં કુલ રૂપિયા ૧૦ લાખ મોકલાવ્યા હતા.

લાંબો સમય વીતી જવા છતાં રવી રામાણીએ જમીન બાબતે કોઈ કાર્યવાહી કરી ન હતી અને થોડા સમય પછી ફરિયાદીના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. મધ્યસ્થી અમિતભાઈએ પણ રવીનો સંપર્ક કર્યો હતો પરંતુ આરોપીએ કોઈ રકમ પરત આપી ન હતી, જેથી અમિતભાઈએ પોતાની પાસેથી ફરિયાદીને ૭.૫૦ લાખ રૂપિયા પરત કર્યા હતા. આરોપીએ અગાઉ આપેલી ન્યૂઝ છાપવાની ધમકીના કારણે ફરિયાદી ડરતા હતા, પરંતુ થોડા દિવસો પહેલા ગોંડલમાં અન્ય એક ફરિયાદમાં રવી રામાણીની ધરપકડ થતાં ફરિયાદીને હિંમત મળી હતી. આખરે, ધમકી આપી બળજબરીથી પૈસા કઢાવી લેવા બદલ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૮(૭) અને ૩૧૮(૪) હેઠળ આટકોટ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.


માધાપરમાં 'RB ફૂડ'નો સનસનાટીભર્યો ખેલ

પપૈયાનો લોચો-કેમિકલયુક્ત કલરનું પીસાતું ઝેર!

૮ વર્ષથી લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં: માત્ર ૨૫૦માં ૫ કિલો સોસ વેચીને ઘર-ઘરમાં ભેળસેળિયું કૌભાંડ ચલાવતી એજન્સીનો ફૂડ વિભાગે કર્યો પર્દાફાશ









રાજકોટ, તા. ૨૪

રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં ખાદ્યપદાર્થોમાં ચાલતી ભેળસેળ અને લોકોના આરોગ્ય સાથે થતા ચેડાંનો વધુ એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. રાજકોટના માધાપર વિસ્તારમાં આવેલી 'છઈ ફૂડ પ્રોડક્ટ' માંથી લેવાયેલા સોસના નમૂના સરકારી લેબોરેટરી પરીક્ષણમાં ફેલ થતાં જ સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જે સોસને લોકો રોજના ખોરાકમાં, ચાઇનીઝ કે સ્ટ્રીટ ફૂડમાં ચટાકેદાર સ્વાદ માણીને આરોગી રહ્યા હતા, તે ખરેખર ટામેટાંમાંથી નહીં પરંતુ સસ્તા પપૈયામાંથી બનાવવામાં આવતો હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે.

ફૂડ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવેલી વિસ્તૃત તપાસ અને લેબ રિપોર્ટના આધારે સામે આવ્યું છે કે, આ એજન્સી દ્વારા 'ટોમેટો સોસ' અને 'ફ્રૂટ સોસ'ના નામે ગ્રાહકો તથા નાના વેપારીઓને ખુલ્લેઆમ ઉલ્લુ બનાવવામાં આવતા હતા. ટામેટાંના ઊંચા ભાવથી બચવા અને વધુ પડતો નફો કમાવાની લાલચે પ્રોડક્ટમાં ટામેટાંનો ઉપયોગ કરવાને બદલે પપૈયાના ગર (પલ્પ)નો ઉપયોગ કરવામાં આવતો હતો. એટલું જ નહીં, પપૈયાના મિશ્રણને લાલચોળ અને આકર્ષક ટામેટાં જેવા સોસનો લુક આપવા માટે તેમાં માનવ શરીર માટે અત્યંત હાનિકારક અને સરકાર દ્વારા કાયદાકીય રીતે પ્રતિબંધિત કલર તથા કેમિકલ્સ નો સરેઆમ ઉપયોગ કરવામાં આવતો હતો. આ પ્રકારના કૃત્રિમ કલર લાંબા ગાળે પાચનતંત્ર અને લિવરને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે.

સૌથી વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે, છઈ ફૂડ પ્રોડક્ટ દ્વારા આ કાળો કારોબાર ગેઈકાલે કે બે દિવસ પહેલા શરૂ નહોતો કરાયો, પરંતુ છેલ્લા ૮ વર્ષથી આ ભેળસેળિયું સામ્રાજ્ય બેફામપણે ધમધમી રહ્યું હતું. છેલ્લા આઠ-આઠ વર્ષથી આ નકલી અને કેમિકલયુક્ત સોસ માર્કેટમાં વેચાઈ રહ્યો હતો અને હજારો અજાણ્યા નાગરિકોના પેટમાં આ ઘીમું ઝેર પહોંચી ચૂક્યું છે.

આ સમગ્ર કૌભાંડનો આર્થિક ગણિત તપાસવામાં આવે તો પણ શંકાની સોય સીધી તાંકતી હતી. આ એજન્સી દ્વારા માત્ર ₹૨૫૦માં ૫ કિલોગ્રામ જેટલા પાણીના ભાવે સોસનું જથ્થાબંધ વેચાણ કરવામાં આવતું હતું. આટલી સસ્તા દરે સોસ વેચાતો હોવાને કારણે સ્થાનિક લારી-ગલ્લા ધારકો, ફાસ્ટ ફૂડ સેન્ટરો અને નાના રેસ્ટોરન્ટોમાં તેનો મોટા પાયે સપ્લાય થતો હોવાની પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે. સસ્તા ભાવની લાલચે અનેક વેપારીઓ પણ આ નકલી સોસ ખરીદીને નાગરિકોને પીરસી રહ્યા હતા.

ફૂડ વિભાગની તપાસમાં છઈ ફૂડ પ્રોડક્ટના લેબલ, પેકિંગ અને ગુણવત્તાના તમામ દાવાઓ પોકળ સાબિત થયા છે. ૮ વર્ષ સુધી જનતાના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરનારા આ જવાબદારો સામે માત્ર સામાન્ય દંડ કે કારણદર્શક નોટિસ આપીને સંતોષ માનવાને બદલે, તેમની સામે ફોજદારી ગુનો નોંધી કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. આ ઘટના બાદ હવે શહેરના ફૂડ વિભાગ દ્વારા અન્ય ઉત્પાદકો અને સપ્લાયરો પર પણ દરોડાનો દૌર શરૂ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

નિયમો અનુસાર સંપૂર્ણપણે કાયદેસર : સંચાલક

રાજકોટ સ્થિત આર.બી. ફૂડ પ્રોડક્ટ્સના માલિક ભરતભાઈ જોબનપુત્ર દ્વારા ગુણવત્તાસભર ફ્રૂટ સ્કવોશ બનાવવામાં આવે છે. આ ફ્રૂટ સ્કવોશની બનાવટમાં પપૈયાનો પલ્પ, ખાંડ અને સાઇટ્રિક એસિડ (લીંબુના ફૂલ) જેવા ઘટકોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રોડક્ટનો મુખ્ય ઉપયોગ સામાન્ય રીતે દાબેલી અને સમાન અન્ય ખાદ્ય ચીજોમાં થતો હોય છે. આ અંગે વધુ માહિતી આપતા ભરતભાઇએ જણાવ્યું હતું કે આ પ્રોડક્ટ ~~એફએસએઈ~~ ના નિયમો અનુસાર સંપૂર્ણપણે કાયદેસર રીતે બનાવવામાં આવે છે. આ ઉત્પાદનના અગાઉ લીધેલા નમૂના (સેમ્પલ) સ્ટાન્ડર્ડ આવ્યા છે. વેપારીઓને યોગ્ય બિલ અને પ્રોડક્ટનું લેબલ લગાવીને જ માલનું વિતરણ કરવામાં આવે છે, જેથી ગુણવત્તા અને પારદર્શકતા જળવાઈ રહે.

સરકારી પરિપત્ર માત્ર કાગળ પર!

સિવિલમાં રખડતા શ્વાનનો ત્રાસ યથાવત

પરિપત્રનો છેદ ઉડાડતા દ્રશ્યો : સિવિલમાં બાઈક ચાલક પાછળ શ્વાન દોડતા ભયનો માહોલ, દર્દીઓ અને વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા



રાજકોટ, તા. ૨૪

સરકારી બાબુઓ અને વહીવટી તંત્ર ગમે તેટલા પરિપત્રો બહાર પાડીને પોતાના કાગળિયા ચોખ્ખા કરી લે, પણ જમીની હકીકત કંઈક જુદી જ અને અત્યંત ભયજનક ચિત્ર રજૂ કરી રહી છે. રાજકોટ શહેરની સરકારી કચેરીઓ, શાળાઓ અને હોસ્પિટલોને રખડતા શ્વાન મુક્ત કરવા માટે તંત્ર દ્વારા મોટા ઉપાડે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, આ પરિપત્ર માત્ર ચોપડા પર જ રહ્યો હોય તેમ રાજકોટની સિવિલ હોસ્પિટલ સહિતની સરકારી ઈમારતોમાં શ્વાનનો ઉપદ્રવ જરાય ઓછો થયો નથી, ઉલટું વધુ ઘાતક બન્યો છે.

તાજેતરમાં જ રાજકોટ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હોસ્પિટલ કેમ્પસમાંથી પસાર થઈ રહેલા એક બાઈક ચાલક પાછળ શ્વાન એકાએક હુમલાના ઈરાદે દોડ્યો હતો. બાઈકની પાછળ શ્વાન બરાબરનો લપેટાયો હોવાના કારણે બાઈક ચાલકનો જીવ તાળવે ચોંટી ગયો હતો અને અચાનક હડબડાટમાં વાહન પરથી કાબૂ ગુમાવતા ગુમાવતા બચ્યો હતો. સિવિલ હોસ્પિટલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં, જ્યાં રોજના હજારો દર્દીઓ, સગા-સંબંધીઓ, મહિલાઓ અને વૃદ્ધોની અવરજવર હોય છે, ત્યાં જ શ્વાનનો આવો ખુલ્લેઆમ આતંક જોવા મળતા નાગરિકોમાં ભારે ભય અને રોષનો માહોલ ફેલાયો છે.

સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે જ્યારે ઉચ્ચ સ્તરેથી સરકારી પરિસરોમાં રખડતા પ્રાણીઓ અને શ્વાનના પ્રવેશ પર રોક લગાવવાનો સ્પષ્ટ પરિપત્ર કરાયેલો છે, ત્યારે સુરક્ષા કર્મચારીઓ અને હોસ્પિટલનું પાલિકા તંત્ર શું કરી રહ્યું છે? સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા ગંભીર દર્દીઓ કે નાના બાળકો પર જો શ્વાન હુમલો કરી દે તો તેની જવાબદારી કોની રહે? અગાઉ પણ શહેરમાં શ્વાને બાઈક કે એક્ટિવા પાછળ દોડીને વાહનચાલકોને નીચે પાડી દીધા હોય અને ગંભીર અકસ્માતો સર્જાયા હોય તેવા અનેક બનાવો બની ચૂક્યા છે. આમ છતાં, મહાનગરપાલિકાનું વૈક્સિનેશન અને ખસીકરણનું તંત્ર હોય કે સિવિલનું સ્થાનિક સિક્યોરિટી તંત્ર, તમામે આંખ આડા કાન કરી લીધા હોય તેમ લાગી રહ્યું છે.

રાજકોટની પ્રજા હવે પૂછી રહી છે કે શું તંત્ર કોઈ મોટી હોનારત કે દર્દીના જીવ પર જોખમ ઊભું થાય તેની રાહ જોઈ રહ્યું છે? માત્ર કાગળ પર સુચનાઓ અને પરિપત્રો જારી કરી દેવાથી કેમેય કરીને સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. સરકારી કચેરીઓ અને સિવિલ હોસ્પિટલ જેવા જાહેર સ્થળોએથી રખડતા શ્વાનને તાત્કાલિક ધોરણે દૂર કરવા માટે મહાનગરપાલિકા અને સિવિલ તંત્ર દ્વારા સંયુક્ત રીતે આક્રમક રાઉન્ડ-ધ-ક્લોક કામગીરી કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠી છે.

CBDCની ટેકનિકલ ગૂંચ ઉકેલાતા બાયોમેટ્રિકથી અનાજ વિતરણ શરૂ

રાજકોટ સહિત રાજ્યના ૧૧ લાખ રેશનકાર્ડ ધારકો અને વેપારીઓને મોટી રાહત



રાજકોટ, તા. ૨૪

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી 'સીબીડીસી' (સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી) સિસ્ટમ એક્ટિવેટ કરવાના પ્રશ્ને ભારે અસંતોષ અને મુશ્કેલીનો સામનો કરી રહેલા વ્યાજબી ભાવના વેપારીઓ તથા સામાન્ય ગ્રાહકો માટે રાહતના સમાચાર આવ્યા છે. પુરવઠા વિભાગ દ્વારા સમયસૂચકતા દાખવીને આ ટેકનિકલ ગૂંચનો હાલ પૂરતો ઉકેલ લાવવામાં આવ્યો છે. પુરવઠા તંત્રના આ નિર્ણયથી રાજ્યના લાચાર અને આર્થિક-માનસિક રીતે પરેશાન રેશનકાર્ડ ધારકો તેમજ વેપારીઓને મોટી રાહત મળી છે.

આ અંગે વિગતો આપતાં ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનના હોદ્દેદાર હિતુભા જાડેજાએ જણાવ્યુ હતું કે, રાજ્યમાં આશરે ૧૧ લાખ જેટલા સીબીડીસી એક્ટિવેટેડ રેશનકાર્ડ ધારકો છે. ટેકનિકલ ખામીઓના કારણે અનાજ વિતરણ અટકી પડતા વેપારીઓ અને કાર્ડધારકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ ગંભીર પ્રશ્ને એસોસિએશન સહિત તમામ જિલ્લા અને તાલુકા મથકોના સંગઠનના આગેવાનો અને રેશનિંગ વેપારીઓએ એકજૂટ થઈને તંત્ર સમક્ષ મજબૂત રજૂઆતો કરી હતી. આ સફળ સંઘર્ષના પરિણામે પુરવઠા વિભાગે પ્રજાલક્ષી નિર્ણય લીધો છે, જેના અંતર્ગત આજ તારીખ ૨૪મી ઓક્ટોબરથી ઓક્ટોબર માસ દરમિયાન તમામ ૧૧ લાખ રેશનકાર્ડ ધારકોને બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટ કેપ્ચર કરીને અનાજનો જથ્થો સરળતાથી વિતરિત કરી શકાશે.

વધુમાં હિતુભા જાડેજાએ સ્થિતિ સ્પષ્ટ કરતા ઉમેર્યું હતું કે, તાજેતરમાં જ શ્રાદ્ધ પક્ષ, નવરાત્રી અને દશેરા જેવા ધાર્મિક તહેવારોની હારમાળા હોવાથી રેશનકાર્ડ ધારકો દ્વારા અનાજનો જથ્થો ઉપાડવામાં થોડી ઉદાસીનતા જોવા મળી હતી. આ ઉપરાંત, ઈ-રૂપી એટલે કે સીબીડીસી ટેકનિકલ પ્રોસેસમાં સર્જાયેલી ખામીઓના કારણે પણ ઓક્ટોબર મહિનામાં અનાજનું એકંદર વિતરણ ખૂબ જ ઓછું થઈ શક્યું હતું. જેના પરિણામે હાલની સ્થિતિએ તમામ વ્યાજબી ભાવની દુકાનોમાં ઓક્ટોબર માસનો સરકારી અનાજનો જથ્થો મોટા પ્રમાણમાં ભરાયેલો પડ્યો છે.

હવે જ્યારે આગામી નવેમ્બર માસનો નવો જથ્થો ગોડાઉનોમાંથી દુકાનો સુધી પહોંચાડવાનો સમય થઈ ગયો છે, ત્યારે વેપારીઓ સામે દુકાનોમાં જથ્થો સમાવવાની અને સ્ટોરેજ સ્પેસની વિકટ સમસ્યા ઉભી થઈ છે. દરેક દુકાનની એક નિશ્ચિત સંગ્રહ ક્ષમતા હોય છે અને ક્ષમતા કરતા વધુ જથ્થો એકસાથે ખાલી કરવો વ્યવહારિક રીતે શક્ય નથી. આ વાસ્તવિક મુશ્કેલીને ધ્યાનમાં રાખીને એસોસિએશન દ્વારા પુરવઠા તંત્ર સમક્ષ યોગ્ય આયોજન કરવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

એસોસિએશનની મુખ્ય માંગણી છે કે, ઓક્ટોબર માસના વિતરણની ટકાવારીને ધ્યાનમાં રાખીને નવેમ્બર માસનો નવો જથ્થો એકસાથે દુકાનો પર મોકલવાને બદલે બે થી ત્રણ અલગ-અલગ તબક્કામાં ફાળવવામાં આવે, જેથી દુકાનોમાં જગ્યાનો અભાવ ન સર્જાય. આ સાથે જ જો નવેમ્બર માસના જથ્થાનું વિતરણ આગામી ૨૫મી ઓક્ટોબરથી જ શરૂ કરી દેવામાં આવે, તો દુકાનોમાં પડેલો જૂનો સ્ટોક પણ ઝડપથી ઉપડી જાય. આ આગોતરા આયોજનથી આગામી પવિત્ર દિવાળીના તહેવારો પહેલા જ તમામ ગરીબ અને જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકોને શાંતિપૂર્વક અનાજ મળી રહેશે અને વેપારીઓ પણ બિનજરૂરી આર્થિક કે માનસિક હેરાનગતિમાંથી બચી શકશે.

રૂપિયા ૪૩૫ કરોડનો ખર્ચ છતાં મનપા પાસે કામ પૂર્ણ કરવાનો કોઈ 'રોડમેપ' જ નથી

નવા ભળેલા વિસ્તારોમાં સુવિધાના નામે મીંડું

ગ્રાન્ટ મળે ત્યારે કામ થશે: મોટા મવા, મુંજકા, માધાપર, મનહરપુર અને ઘંટેશ્વરમાં પાયાની જરૂરિયાતો ક્યારે પૂરી થશે તેની કોઈ નિર્ધારિત સમયમર્યાદા જ નક્કી ન કરાઈ

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સીમાડાઓ વિસ્તારીને વર્ષ ૨૦૨૦માં મોટા મવા, મુંજકા, માધાપર, મનહરપુર-૧ અને ઘંટેશ્વર જેવા વિસ્તારોનો મનપાની હદમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ વિસ્તારોના નાગરિકોને શહેર કક્ષાની ઉત્તમ સુવિધાઓ મળશે તેવી આશા જાગી હતી, પરંતુ ભળ્યાના છ વર્ષ બાદ પણ પરિસ્થિતિમાં કોઈ મોટો સુધારો જોવા મળ્યો નથી. સ્થાનિક તંત્ર દ્વારા અત્યાર સુધીમાં આ પાંચેય ગામોમાં પાયાની સુવિધાઓ આપવા માટે રૂ.૪૩૫ કરોડ જેવો જંગી ખર્ચ કરી નાખવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રજાજનો હજુ પણ રોડ, રસ્તા, ગટર અને પાણી જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે, મનપાની હદમાં સમાવાયેલા આ નવા વિસ્તારોના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી, ગટર વ્યવસ્થા, પાકા રસ્તાઓ અને અન્ય જરૂરી પાયાની સુવિધાઓ પૂર્ણપણે ક્યારે પૂરી પાડવામાં આવશે તેની કોઈ જ સમયમર્યાદા (ટાર્ગેટ ડેટ) તંત્ર દ્વારા નક્કી કરવામાં આવી નથી. આ અંગે પૂછાયેલા સવાલોના જવાબમાં તંત્રવાહકોએ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે, જેમ જેમ સરકારમાંથી ગ્રાન્ટની ઉપલબ્ધતા થશે અને બજેટમાં જોગવાઈ થતી રહેશે, તે મુજબ જ કામગીરી આગળ ધપાવવામાં આવશે. આ નીતિ દર્શાવે છે કે કરોડો રૂપિયાના ખર્ચ છતાં આ વિસ્તારોનો વિકાસ સંપૂર્ણપણે 'ગ્રાન્ટ નિર્ભર' બની રહ્યો છે.

તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, અત્યાર સુધીમાં આ ભળેલા વિસ્તારોમાં ભૂગર્ભ ગટર સુવિધા પાછળ રૂ.૧૭૬.૪૫ કરોડના ખર્ચે ૨૮ જેટલા કામો હાથ ધરવામાં આવ્યા છે. જ્યારે પીવાના પાણી પુરવઠાની યોજનાઓ પાછળ રૂ.૧૭૪.૦૯ કરોડના ખર્ચે ૨૩ કામો પૂર્ણ અથવા પ્રગતિ હેઠળ દર્શાવાયા છે. આ સિવાય વાહનવ્યવહાર અને કનેક્ટિવિટી માટે રસ્તાના રૂ.૮૫.૨૪ કરોડના ખર્ચે કુલ ૨૫ કામો કરવામાં આવ્યા છે. આમ, કાગળ પર રૂ.૪૩૫ કરોડનો વહીવટ દર્શાવી દેવાયો છે, પરંતુ જમીની હકીકત એ છે કે અનેક સોસાયટીઓ આજે પણ અધૂરી સુવિધાઓથી પીડાઈ રહી છે.



બજેટમાં નવી સ્ટ્રીટલાઈટ માટે કોઈ જ આયોજન નહીં, સોસાયટીઓ અંધારપટમાં

રૂપિયા કરોડોના વિકાસકામો વચ્ચે આ નવા ભળેલા વિસ્તારોની મોટાભાગની સોસાયટીઓ આજે પણ રાત્રિના સમયે અંધારપટમાં ગરકાવ રહે છે. વીજ પોલ અને સ્ટ્રીટલાઈટના અભાવ અંગે તંત્ર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતના જવાબમાં તંત્રવાહકોએ આપેલો લેખિત પ્રત્યુત્તર આશ્ચર્ય પમાડે તેવો છે. તંત્રએ જણાવ્યું છે કે, જે વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ માટે વીજ પોલ હયાત નથી, ત્યાં નવા વીજ પોલ ઊભા કરવા માટે મહાનગરપાલિકાના સામાન્ય બજેટમાં કોઈ અલગથી જોગવાઈ કરવામાં આવી જ નથી. તેના બદલે, એક વિશિષ્ટ નિયમ હેઠળ એક સોસાયટીમાં વધુમાં વધુ માત્ર ૫ નંગ વીજ પોલ જ ઊભા કરી શકાય છે અને તે પણ સ્થાનિક કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી જ કરાવવાના રહે છે. જો સોસાયટી મોટી હોય કે વધુ લાઇટોની જરૂરિયાત હોય, તો ધારાસભ્ય અથવા સાંસદ સભ્યની ગ્રાન્ટમાંથી વીજ પોલ મંજૂર કરાવવા પડે છે. વધુમાં, બાંધકામ શાખા દ્વારા રસ્તાઓ પર રોડ ડિવાઈડર (સેન્ટર વર્જ) તૈયાર થાય, ત્યાર બાદ જ સરકારી ગ્રાન્ટ કે મનપાના સ્વભંડોળમાંથી સેન્ટર લાઈટિંગનું કામ હાથ ધરવામાં આવે છે. આમ, બજેટમાં સ્વતંત્ર જોગવાઈના અભાવે આ નવા ભળેલા વિસ્તારોમાં વીજળી અને સ્ટ્રીટલાઈટની સુવિધા માત્ર નેતાઓ પ્રતિની ગ્રાન્ટની દયા પર નિર્ભર બનીને રહી ગઈ છે.

રાજકીય તડાફડી

ગુજરાતમાં દિપાવલી પૂર્વે જ રાજકીય મોરચા મંડાઇ ગયા



ગુજરાતમાં દિવાળીના તહેવાર પહેલા જ રાજકીય માહોલ ગરમ થવા માંડ્યો છે. દુષ્કાળ, વીજળીની અછત, કાયદો વ્યવસ્થા વગેરે જેવા રિયલ મુદ્દે વિપક્ષ મેદાનમાં આવ્યો છે. આ સામે શાસકો વૈચારિક મુદા સાથે મેદાનમાં આવી રહ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા રાજ્યના મુખ્ય મહાનગરો સહિત વિવિધ ૩૧ વિસ્તારોમાં ભાજપ વિરાટ મહારેલીઓનું આયોજન કરવા જઈ રહ્યો છે.

એક તરફ તહેવારોની રોશની હશે, તો બીજી તરફ શાસક અને વિપક્ષ બંને એકબીજા સામે શક્તિપ્રદર્શન કરવા મેદાનમાં ઉતરી પડશે. રાજકીય તડાફડી સર્જાવાના પૂરેપૂરા એંધાણ છે. મહારેલીઓ દ્વારા શાસક પક્ષ ભાજપ લોકપ્રશ્નોની સામે તશ મુદો અને સરકારની સિદ્ધિઓને આગળ ધરીને જનતા સુધી પહોંચવાનો પ્રયાસ કરશે. ભાજપ પોતાના વિચારધારા આધારિત એજન્ડા, વિકાસકાર્યો અને રાષ્ટ્રીય મુદ્દાઓ પર ભાર મૂકીને વાતાવરણ પોતાના પક્ષમાં કરવાનો વ્યૂહ અપનાવી રહ્યો છે.

બીજી તરફ, વિપક્ષ કોંગ્રેસ પણ દૈનિક જીવનને સ્પર્શતા પ્રશ્નોને લઈને સરકારને ઘેરવાની તૈયારી કરી ચૂક્યો છે. રાજ્યના વિવિધ ભાગોમાં અનુભવાતી દુકાળ જેવી પરિસ્થિતિ, ખેડૂતો માટે પૂરતી વીજળી ન મળવી, અવારનવાર થતો વીજકાપ અને વધતી જતી મોંઘવારી જેવા લોકપ્રશ્નોને લઈને કોંગ્રેસ સમગ્ર ગુજરાત ગજવશે.

આ સમગ્ર ઘટનાક્રમ જોતાં સ્પષ્ટ થાય છે કે, ભલે ચૂંટણીની સત્તાવાર જાહેરાત ન થઈ હોય, પરંતુ બંને મુખ્ય પક્ષો દ્વારા આડકતરો ચૂંટણી પ્રચાર અત્યારથી જ શરૂ થઈ ગયો છે. આ રેલીઓ અને આંદોલનો આગામી રાજકીય જંગ માટેનો પાયો નાખશે. સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, ગુજરાતની જનતા શાસક પક્ષ ભાજપના વૈચારિક મુદ્દાઓ અને વિકાસના દાવાઓથી પ્રભાવિત થશે કે પછી રોજબરોજની હાડમારી, આર્થિક મુશ્કેલીઓ અને લોકપ્રશ્નોને પ્રાધાન્ય આપશે? જનતા કયા પક્ષના અવાજને સમર્થન આપે છે, તેના પર જ ભવિષ્યનું રાજકારણ નિર્ભર રહેશે. દિવાળી પૂર્વે જ યોજાનારા આ કાર્યક્રમો દ્વારા શાસક અને વિપક્ષ બંનેના પાણી મપાશે. જનતાના દરબારમાં કોનું પલડું ભારે રહે છે અને કોણ પ્રજાનો વિશ્વાસ જીતવામાં સફળ રહે છે, તે જોવું રસપ્રદ બની રહેશે.

દુષ્કાળે દેશના ૫૨.૫% ભાગને પહોંચાડી અસર

ખેડૂતો માટે આગામી પાક ઉગાડવાનું કેમ મુશ્કેલ બન્યું છે?

નવીદિલ્હી, તા. ૨૪

ભારતમાં દુષ્કાળે ખેડૂતો માટે પાકના નુકસાનથી લઈને આગામી પાકની વાવણી સુધી સંકટ ઉભું કર્યું છે. ઈંઈઝ ગાંધીનગરના ઇન્ડિયા ડ્રાઉટ મોનિટર અનુસાર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં, દેશનો ૫૨.૫% ભાગ દુષ્કાળ અથવા દુષ્કાળ જેવી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યો હતો. વધુમાં, ૨૦૨૬ ના ચોમાસા દરમિયાન વરસાદના અભાવે કૃષિ પર દબાણ વધાર્યું છે. દેશના કેટલાક રાજ્યો ખાસ કરીને ભારે અસરગ્રસ્ત થયા છે. ઉદાહરણ તરીકે, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં પાકને નોંધપાત્ર નુકસાન થયું છે, જેના પરિણામે ખેડૂતોએ તેમના પાક પર ખર્ચવામાં આવેલા નાણાં ગુમાવ્યા છે. કૃષિ લોન ચૂકવવાનો પડકાર વધી રહ્યો છે.



દેશના ઘણા ભાગોમાં દુષ્કાળની અસર કૃષિ અને ગ્રામીણ આજીવિકા પર દેખાઈ રહી છે. ૧૬ સપ્ટેમ્બર સુધીમાં, દેશનો ૫૨.૫% ભાગ દુષ્કાળ અથવા દુષ્કાળ જેવી પરિસ્થિતિઓથી પ્રભાવિત થયો હતો. જો આપણે પાછલા મહિનાના ડેટા પર નજર કરીએ તો, આ આંકડો લગભગ ૩૮% હતો. મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશના ખેડૂતો ખાસ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. મહારાષ્ટ્રના વિદર્ભ અને મરાઠવાડા પ્રદેશોમાં સોયાબીન અને કપાસના પાકને નુકસાન થયું છે. કર્ણાટકમાં, પ્રારંભિક અંદાજ મુજબ, ૧૦૧ તાલુકાઓમાં પાકનું નુકસાન આશરે ₹૧૮,૦૦૦ કરોડ થયું છે. દરમિયાન, આંધ્રપ્રદેશમાં જૂન અને ઓગસ્ટ દરમિયાન સામાન્ય કરતાં ૫૩.૪% ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્ય સરકારે ૨૧ જિલ્લાઓમાં ૩૮૮ મંડળોને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે, જેમાં ૨૮૩ મંડળો ગંભીર રીતે પ્રભાવિત થયા છે. પાક નિષ્ફળ જવાથી ખેડૂતોની આવકમાં ઘટાડો થઈ રહ્યો છે, અને ખેતરોમાં કામનો અભાવ ગ્રામીણ મજૂરોની આવક પર પણ અસર કરી રહ્યો છે.

દુષ્કાળને કારણે ખેડૂતો સામે સૌથી મોટો પડકાર તેમના ખેતી ખર્ચની વસૂલાત કરવાનો છે. ફાઇનાન્શિયલ એક્સપ્રેસના અહેવાલ મુજબ, મહારાષ્ટ્રના યવતમાળના ખેડૂત ચિંતામન વિઠ્ઠલ ભોયરે તેમની ખેતી પર આશરે ₹૨.૭૫ લાખ ખર્ચ કર્યા હતા, પરંતુ તેમના પાકનો અંદાજ આશરે ₹૯૦,૦૦૦ ઉત્પન્ન થવાનો છે. સામાન્ય વર્ષમાં, તેમના ખેતરમાં લગભગ ૨૫ ક્વિન્ટલ સોયાબીનનું ઉત્પાદન થતું હતું, પરંતુ આ વખતે, ઉપજ માત્ર ૫ ક્વિન્ટલ રહેવાની ધારણા છે. કપાસના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. નુકસાન ફક્ત પાક પૂરતું મર્યાદિત નથી. ઘાસચારાની અછતને કારણે, ભોયરને ૭૦,૦૦૦ રૂપિયામાં ખરીદેલા બળદ લગભગ ૪૦,૦૦૦ રૂપિયામાં વેચવા પડ્યા. આનો અર્થ એ થયો કે ખેડૂતને પોતાની તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાની કૃષિ સંપત્તિ વેચવી પડી રહી છે. મહારાષ્ટ્રના બીડમાં કપાસ ઉગાડનારા બીજા એક ખેડૂતે ૧૦ એકર જમીન પર ખેતી કરવા માટે લગભગ ૨.૫ લાખ રૂપિયા ખર્ચ્યા, પરંતુ તેમને પાકની આશા નથી. આ પરિસ્થિતિમાં જૂના દેવા ચૂકવવા, કૌટુંબિક ખર્ચ અને બાળકોના શિક્ષણ ચાલુ રાખવા જેવા પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

દુષ્કાળથી પ્રભાવિત ખેડૂતોને રાહત આપવા માટે, રાજ્ય સરકારોએ નાણાકીય સહાય અને રોજગાર સંબંધિત યોજનાઓની જાહેરાત કરી છે. મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ૩૫૮ તાલુકાઓમાંથી ૩૦૫ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા અને ખેડૂતોને ૫,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી. જોકે, ૧૯ ઓક્ટોબર સુધીમાં, આ સહાય માટે જરૂરી માર્ગદર્શિકા બાકી હતી. વધુમાં, નમો શેતકરી યોજના હેઠળ પાત્ર ખેડૂતો માટે ૪,૦૦૦ રૂપિયાના બે હપ્તા બાકી હતા. આ રાહતની જાહેરાત અને ખેડૂતોના ખાતામાં પહોંચતા ભંડોળ વચ્ચેનો તફાવત દર્શાવે છે. મહારાષ્ટ્ર સરકારે ગ્રામીણ રોજગાર અને આજીવિકા માટે પણ ૬,૭૨૮ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. રાજ્યમાં રોજગાર ગેરંટી યોજના હેઠળ કામ મેળવવા માંગતા પરિવારોની સંખ્યા જુલાઈમાં ૪.૦૨ લાખથી વધીને સપ્ટેમ્બરમાં ૪.૯૩ લાખ થઈ ગઈ. આ કૃષિમાંથી ઘટતી આવક વચ્ચે ગ્રામીણ પરિવારોમાં રોજગારની વધતી જતી જરૂરિયાતને પ્રતિબિંબિત કરે છે. કર્ણાટક સરકારે અસરગ્રસ્ત ખેડૂતો માટે ૨,૫૦૦ રૂપિયાની ઇનપુટ સબસિડીની જાહેરાત કરી અને કેન્દ્ર સરકાર પાસેથી નાણાકીય સહાય પણ માંગી. જોકે, રાહતની વાસ્તવિક અસર તેના પર નિર્ભર રહેશે કે ભંડોળ સમયસર વિતરિત થાય છે કે નહીં અને ખેડૂતોને તેમના રોજગાર માટે કેટલી ઝડપથી વેતન મળે છે.

કાશ્મીરના સાંબામાં શંકાસ્પદ કબૂતર મળ્યું

સર્ચ દરમિયાન વીંટી મળી; ઉર્દૂમાં મળી ચિઠ્ઠી

નવીદિલ્હી, તા. ૨૪

જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં એક શંકાસ્પદ કબૂતર મળી આવ્યું છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓમાં ચિંતા ફેલાઈ ગઈ છે. પ્રાથમિક અહેવાલો દર્શાવે છે કે તેના પગમાં વીંટી, ઉર્દૂમાં લખેલી શંકાસ્પદ નોટ અને પાકિસ્તાની ચલણ મળી આવ્યું છે. આ ઘટના બાદ, વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે, અને મુલાકાતીઓ પર નજર રાખવામાં આવી રહી છે. કબૂતર સાથે મળી આવેલી આ વસ્તુઓએ સુરક્ષા એજન્સીઓનું ધ્યાન ખેંચ્યું છે. હવે કબૂતર ક્યાંથી આવ્યું અને નોટનો હેતુ અને તેની સાથે મળેલી પાકિસ્તાની ચલણની તપાસ કરવામાં આવશે. અહેવાલો અનુસાર, સાંબાના સરહદી ગામ માવામાં કાલી માતા મંદિર પાસે એક કબૂતર મળી આવ્યું હતું, જેના પગમાં કોડ નંબરવાળી વીંટી હતી. સ્થાનિક લોકોએ કબૂતરને જોયો અને પોલીસને જાણ કરી. તપાસ દરમિયાન, કબૂતર સાથે પાકિસ્તાની ચલણ અને ઉર્દૂમાં હાથથી લખેલી નોટ મળી આવી હતી. શોધખોળ બાદ, સ્થાનિક લોકોએ કબૂતરને પકડી લીધો અને તેને સંબંધિત એજન્સીઓ અને પોલીસને સોંપી દીધો.





સ્થાનિક પોલીસ અને ગુપ્તચર એજન્સીઓને પણ ઘટનાની જાણ કરવામાં આવી છે, અને એજન્સીઓએ ત્યારબાદ તપાસ શરૂ કરી છે. કબૂતર સાથે પાકિસ્તાની ચલણ, ઉર્દૂમાં લખેલી એક નોટ અને કોડ નંબરવાળી વીંટી મળી આવ્યા બાદ આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. જોકે, કબૂતરની ઉત્પત્તિ, નોટ પર લખાણ અને વીંટી પરના કોડના અર્થ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી બહાર પાડવામાં આવી નથી. છેલ્લા કેટલાક અઠવાડિયાથી, સરહદ પારથી પાકિસ્તાની ફુગ્ગા અને પાકિસ્તાની કબૂતરો મળવાનો સતત ટ્રેન્ડ ચાલી રહ્યો છે, જે ગંભીર ચિંતાનો વિષય બની રહ્યો છે. તાજેતરમાં જમ્મુના ખૌર વિસ્તારના પાલનવાલામાં એક શંકાસ્પદ જહાજ જેવો બલૂન મળી આવ્યો હતો. આ બલૂન પર પાકિસ્તાનની એરલાઇન ઝઈનું ચિહ્ન હતું. જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં એક શંકાસ્પદ કબૂતર મળી આવતા ખળભળાટ મચી ગયો છે. કબૂતરના પગમાંથી એક વીંટી, ઉર્દૂમાં લખેલી એક નોટ અને પાકિસ્તાની ચલણ મળી આવ્યું છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ આ મામલાની તપાસ કરી રહી છે.

પુસ્તક કૌભાંડના આરોપો પર આશિષ સૂદનો AAP પર પ્રહાર

AAP સરકારના કૌભાંડોનો પર્દાફાશ કરીશું

નવીદિલ્હી, તા. ૨૪

દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે શનિવારે આમ આદમી પાર્ટી (AAP) પર આકરા પ્રહારો કર્યા હતા, જેમાં તેમણે દિલ્હી શિક્ષણ વિભાગમાં કામકાજ અટકાવવા માટે પાયાવિહોણા આરોપો લગાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે AAPના રાજકારણને ''માર માર અને ગોળીબાર'' તરીકે વર્ણવ્યું હતું, જેનો અર્થ થાય છે ''પહેલા આરોપો લગાવો અને પછી જવાબ આપ્યા વિના ચાલ્યા જાઓ.'' શિક્ષણ મંત્રીએ અઅઙ નેતાઓના પાઠ્યપુસ્તકોની ખરીદીમાં કૌભાંડના આરોપોને ફગાવી દીધા હતા. તેમણે પુસ્તકોની મૂળ નકલો, વર્ક ઓર્ડર અને ટેન્ડર સંબંધિત સ્કેલ રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ આરોપોની સત્યતા દસ્તાવેજો અને તથ્યોના આધારે ચકાસી શકાય છે.

આશિષ સૂદે AAP નેતૃત્વમાં ઝઘડો થવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે પાર્ટીના જૂના અને નવા નેતાઓ વચ્ચે તેમની રાજકીય ઓળખ જાળવી રાખવા માટે સ્પર્ધા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે નવા ''છોટુ'' (નાના નેતાઓ) તેમના પક્ષમાં પ્રવેશ્યા છે. ''જૂના અને મોટા નેતાઓ નવા અને નાના નેતાઓ કરતાં વધુ મહત્વપૂર્ણ રહે છે,'' તેમણે કહ્યું. ''બેરોજગાર નેતાઓ તેમના રાજકીય વ્યવસાયને વેગ આપવા માટે જૂઠાણા ફેલાવી રહ્યા છે.'' મોટા અને નાના વચ્ચેની આ આંતરિક લડાઈમાં, આ નેતાહીન નેતાઓ પાયાવિહોણા આરોપો લગાવી રહ્યા છે. ધોરણ ૮ હિન્દી પાઠ્યપુસ્તક મલ્હાર ખરીદવા અંગેના આરોપોનો જવાબ આપતા, શિક્ષણ મંત્રીએ વર્તમાન સરકારની ખરીદી પ્રક્રિયાની સરખામણી પાછલી AAP સરકાર સાથે કરી.

મંત્રીના જણાવ્યા મુજબ, AAP એ NCERT દ્વારા ₹૬૫ માં વેચાતા પુસ્તક અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા, જ્યારે દિલ્હી સરકારે ₹૨૮.૬૧ માં મલ્હાર પુસ્તક ખરીદ્યું હતું. તેમણે કહ્યું કે ૨૦૨૨ માં, પાછલી AAP



સરકાર દરમિયાન, સમાન કદનું ગૃહ વિજ્ઞાન પાઠ્યપુસ્તક ₹૫૫ માં છાપવામાં આવ્યું હતું, જે વર્તમાન કિંમત કરતા લગભગ બમણું હતું. મંત્રીએ સમજાવ્યું કે ટેન્ડરમાં પુસ્તકોનું કદ ૧૭.૧ સેમી સ ૨૪.૧ સેમી હતું. આ સ્થાપિત ધોરણ અનુસાર છે. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ પૂરા પાડવામાં આવેલા સ્કેલથી પુસ્તકો માપીને આની ચકાસણી કરી શકે છે. મંત્રીના જણાવ્યા મુજબ, પાછલી AAP સરકાર દરમિયાન, કેટલાક પાઠ્યપુસ્તકોની કિંમત ₹૧૧૦ થી ₹૧૩૩ સુધીની હતી. જ્યારે વર્તમાન સરકારે પુસ્તકોની મહત્તમ કિંમત ₹૫૧ સુધી મર્યાદિત કરી છે.

આશિષ સૂદે કહ્યું કે AAP નેતાઓ ''હુટ-એન્ડ-શૂટ'' રાજકારણનો અભ્યાસ કરે છે. પહેલા તેઓ જૂઠું બોલે છે, પછી ૪૦% કમિશન જેવા આરોપો લગાવે છે, અને પછી ભાગી જાય છે. તેમને પુસ્તકની કિંમત પણ ખબર નથી, છતાં તેઓ કૌભાંડનો આરોપ લગાવી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે અઅઙના કાર્યકાળ દરમિયાન ૬૦% કમિશનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શિક્ષણ મંત્રીએ કહ્યું કે સરકારે સમગ્ર મામલાની વિગતવાર તપાસ શરૂ કરી છે. તેમણે ચેતવણી આપી હતી કે તપાસ પૂર્ણ થયા પછી, જાણી જોઈને ખોટી માહિતી ફેલાવવા અને જનતાને ગેરમાર્ગે દોરવા બદલ જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આશિષ સૂદે ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ અને ૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ તત્કાલીન શિક્ષણ સચિવ દ્વારા લખાયેલા સત્તાવાર પત્રો પણ જાહેર કર્યા. તેમના મતે, આ પત્રોમાં પાછલી AAP સરકાર દરમિયાન પૂરા પાડવામાં આવેલા પાઠ્યપુસ્તકોના છાપકામ અને ગુણવત્તામાં ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. શિક્ષણ મંત્રીએ કહ્યું કે અઅઙ નેતાઓ તેમના પાછલી કાર્યકાળ દરમિયાન કથિત ભ્રષ્ટાચારને કારણે દરેક જગ્યાએ કૌભાંડો જુએ છે. તેમણે જાહેરાત કરી કે પાછલી સરકારના સમય સાથે સંબંધિત ઘણા મોટા કેસોને તથ્યો અને પુરાવાઓ સાથે વ્યવસ્થિત રીતે જનતા સમક્ષ લાવવામાં આવશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

વાંચન વિશેષ

ચાલો જઈએ વિશ્વના સૌથી મોટા છઠ્ઠા દેશ તરીકે ઓળખવામાં આવતાં ઓસ્ટ્રેલિયાની સફરે!



આજે શરદ પૂનમ છે, એટલે દિવાળીનાં તહેવારો સાવ ઢૂકડા, ઘરઘરમાં એનો ઉત્સાહ હશે! સમાજનો દરેક વર્ગ પોતાની ઈચ્છા અને હેસિયત મુજબ એને ઉજવશે! પહેલાંના લોકો હેસિયત મુજબ ઈચ્છા રાખતાં, પણ હવે સમય બદલાયો છે, અને હેસિયત હોય કે ન્હોય ઈચ્છા આગળ ચાલે છે! હાલ ઓનલાઈન શોપિંગ એપ માં દરેક પ્રકારની ચીજ વસ્તુઓમાં એટલી વિવિધતા જોવાં મળે છે કે, ન ખરીદવું હોય તો પણ મન લલચાય જાય ! એટલે ખરીદીનું તો એવું છે કે ભલભલાના બજેટ વીખી નાખે ! પરંતુ આજે આપણે એ વિશે વાત કરવાની નથી, આજે આપણે ઓસ્ટ્રેલિયા વિશે વાત કરીશું. ઓસ્ટ્રેલિયા થી આવે પંદર દિવસ ઉપર થયું, અને આવ્યાં પછી તરત નવરાત્રી હતી, એટલે વાચકોની ઓસ્ટ્રેલિયા વિશેનાં અનુભવનાં લેખની માંગ વધતી ગઈ! આમ તો કોઈ પ્રવાસ નહોતો! દિકરાને ઘરે ગઈ હતી! પણ ઘણું બધું કર્યા. પ્રાથમિક શાળામાં વિશ્વનાં નકશામાં બધાં ખંડ અને મહાસાગરની ઓળખ થઈ, ત્યારે ખબર પણ નહોતી કે ત્યાં જવાનું અને આટલું લાંબુ રહેવાનું થશે! એક મા ને એનાં સંતાનો સાથે રહેવા મળ્યું, એ પણ એક વરદાન જેવું જ, એમાં પણ ઘરની અને વડીલોની જવાબદારીને કારણે ક્યાંય જવું થતું નથી, એટલે રોજ જુદા જુદા સ્થળોએ ફરવાં જવું, અને ત્યાંની સંસ્કૃતિનો અનુભવ કરવો, એ બધું બહુ રોમાંચક હતું.

ઓસ્ટ્રેલિયા એક સુંદર, સ્વચ્છ,બધી રીતે વિકસિત અને સ્ટ્રોંગ ઈકોનોમિ ધરાવતો સમૃદ્ધ દેશ છે, એટલે જ ઓસ્ટ્રેલિયન ડોલરની કિંમત દિવસે દિવસે વધતી જાય છે. ઓસ્ટ્રેલિયા વનસ્પતિની ખૂબ બધી જાતિ પ્રજાતિ ધરાવે છે, અને હાં રણ પ્રદેશ પણ છે, પરંતુ ગાઢ જંગલો છે, અને દરેક શહેરમાં ખૂબ હરિયાળા વૃક્ષો છે. આ વૃક્ષો પર કેટલીય પ્રકારનાં પક્ષીઓ રહે છે. ઓસ્ટ્રેલિયા પોતાનાં વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ માટે જાણીતું છે! જેમાં કાંગારુ, કોઆલા, કોઆકા, કેપી બારસ, અલ્પાકા ઝીબ્રા અને જિરાફ ઈમુ, કુકાટુ, કાકાબોઆ, અને પોપટની વિવિધ જાતો તથા બ્લુ પેંગ્વિનની સૌથી નાની જાતિ જોવા મળે છે. વેલ માછલીનો હાઈવે પણ અહીંથી પસાર થાય છે, જે પોતાના બચ્ચાને જન્મ આપવા માટે અહિંથી પસાર થાય છે, અને અમે એને પોતાના બચ્ચાને લઈ જતી જોઈ પણ ખરી. ધર્મ અને સંસ્કૃતિની રીતે ઓસ્ટ્રેલિયા પણ બિન સાંપ્રદાયિક છે, પણ ૬૯% જેટલા લોકો ખ્રિસ્તી ધર્મ અનુસરે છે, પણ જોવાની ખૂબી એ છે કે ફરવા લાયક સ્થળોમાં એકપણ ચર્ચ નથી, બાકી હિન્દુ, મુસ્લિમ, શીખ અને બૌદ્ધ ધર્મી છે. વસ્તીની દ્રષ્ટિએ પણ છેલ્લા સર્વે મુજબ જગ્યાના પ્રમાણમાં ઘણી ઓછી વસ્તી છે. આમ તો કૃષિ અને નાના મોટા ઉદ્યોગો તેમજ પ્રવાસન સ્થળ ને કારણે આવક છે. ત્યાંનું કોફી કલ્ચર બહુ જ પ્રખ્યાત છે! પરંતુ બપોરનાં ત્રણ પછી કોફી મળે નહીં! શાવર્ડો બ્રેડ પિત્ઝા, પાસ્તા, કેક, પેસ્ટ્રી, ચોકલેટ અને બાર્બેકયુ અને દારુ બિયર નાં શોખીન છે! સ્વભાવે મિલનસાર અને મિતભાષી અને અન્યને સન્માન આપનારા તેમજ મદદરૂપ થવા વાળા લોકો છે! યુરોપનાં પ્રમાણમાં રેશિઝમ ઓછું દેખાયું.

ભૌગોલિક સ્થાનની રીતે ઓસ્ટ્રેલિયા દક્ષિણ ગોળાર્ધમાં આવેલો એક વિશાળ દેશ છે. તે ઓશનિયા ખંડનો મુખ્ય ભાગ છે. ઓસ્ટ્રેલિયા વિશ્વના સૌથી નાના ખંડમાં આવેલ અને સૌથી મોટાં દેશના ક્રમમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. દક્ષિણ ગોળાર્ધમાં, હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગર વચ્ચે આવેલો છે, અને એ ટાપુની જેમ બધે દરિયા કિનારો ધરાવે છે. તેનો કુલ વિસ્તાર આશરે ૭૬.૯ લાખ ચોરસ કિલોમીટર. ઓસ્ટ્રેલિયા છ રાજ્ય અને બે ટેરેટરી એટલે કે કેન્દ્ર શાસિત પ્રદેશ ધરાવે છે. આમ તો ચારેબાજુ સમુદ્ર હોવાથી કોઈ જમીન વિસ્તાર નથી,પણ ઇન્ડોનેશિયા, પાપુઆ ન્યૂ ગિની, ન્યૂઝીલેન્ડ અને તિમોર-લેસ્તે જેવા દેશો તેની આસપાસના વિસ્તારમાં આવેલા છે. ઓસ્ટ્રેલિયા ની રાજધાની કેનબેરા છે, અને તેનાં રાજ્યોના પાટનગર એટલે કે મુખ્ય શહેરો સિડની, મેલબોર્ન, બ્રિસ્બેન, પર્થ અને એડિલેડ અને હોબાર્ટ છે. ઉત્તરમાં ઉષ્ણકટિબંધીય, મધ્ય ભાગમાં શુષ્ક અને દક્ષિણના વિસ્તારોમાં સમશીતોષ્ણ આબોહવા જોવા મળે છે. ઓસ્ટ્રેલિયાની કુદરતી વિશેષતામાં ગ્રેટ બેરિયર રીફ, વિશાળ રણપ્રદેશો, ઘાસનાં મેદાનો અને યુકેલિપ્ટસનાં અને રેડ વુડનાં જંગલો તેની વિશેષતા છે, અને લાંબો સમુદ્ર હાઈવે. આ ઉપરાંત સૌથી સફેદ રેતી ધરાવતો બીચ અને દરિયાઈ પાણીના આકર્ષક રંગો.

ભારત જેમ જ ઓસ્ટ્રેલિયા પર પણ ૧૭૮૮ થી બ્રિટનનું રાજ હતું, અને એ ત્રણ તબક્કામાં પુરું થયું, જે ૩ માર્ચ ૧૯૮૬મા સંપૂર્ણ પણે પુરું થયું, અને તેથી ૩ માર્ચ ઓસ્ટ્રેલિયા માં સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મૂળમાં ઓસ્ટ્રેલિયા માં આદિવાસીની પ્રજા રહેતી હતી, અને જે હજી પણ મૂળનિવાસી તરીકે ઓળખાય છે. ૧૭૮૮ ની ૨૬ જાન્યુઆરી એ બ્રિટિશ ગવર્મેન્ટ એ પોતાના ખૂંખાર કેદીઓને રાખવાં માટે, એટલે કે પેનલ કોલોની તરીકે ઓસ્ટ્રેલિયાની જમીનનો ઉપયોગ કર્યો હતો. જેમાં ૧૧ વહાણ માં ૭૦૦ કેદીઓને સીડની લાવવામાં આવ્યા હતાં. ઓસ્ટ્રેલિયા ભલે સાર્વભૌમ સ્વતંત્ર દેશ છે, છતાં આજે પણ બ્રિટિશ રાજા અને રાણી એમનાં વડા કહેવાય છે, ઓસ્ટ્રેલિયા આજે પણ કોમનવેલ્થ દેશોનો ભાગ છે, પરંતુ હાલ ઓસ્ટ્રેલિયા વિશ્વના નકશામાં મહત્વનું સ્થાન ધરાવે છે અને સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે જાણીતું છે. સીડનીમાં આવેલ આવી જ એક કોમનવેલ્થ બેંક માટે મારો દિકરો બેન્કિંગ એપ્લિકેશન બનાવી રહ્યો છે, અને ન્યુ સાઉથ વેલ્સનાં દસ લાખ ઉપર ગ્રાહકો આ એપ્લિકેશન નો ઉપયોગ કરે છે!

સીડની ની વાત કરીએ તો અત્યારે વિશ્વનાં સૌથી મોંઘાં શહેરમાં હોંગકોંગ પછી સીડની બીજા ક્રમે આવે છે. પરંતુ તે પોતાના પ્રવાસન સ્થળ અને કોર્પોરેટ કંપનીઓને કારણે મોંઘુ હોય શકે છે. ઓસ્ટ્રેલિયામાં હાઉસ રેન્ટ વીકલી છે, અને સીટી એરિયામાં તો ૭૫૦ થી ૯૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર આસપાસ છે, આ ઉપરાંત વિજળી બિલ ટ્રાન્સપોર્ટ અને કરિયાણું થઈને વીકના ૨૦૦૦ આસપાસ થાય છે, એટલે કે વીકલી કોસ્ટ ઓફ લિવિંગ બહુ હાઈ છે. પરંતુ સૌથી સારી વાત એ છે કે પૂરાં સીડની માં સવારના ૧૧ થી ૨ સુધી વિજળી ફ્રી છે, અને જે કોઈને પોતાના વર્ક ટાઈમમાં આ સેટ થતું ન્હોય એની માટે યુનિટ ના ઓછાં ભાવની ફેસેલિટી પણ છે! એવી જ રીતે દરેક સ્ટેટમાં નાગરિકો માટે કોઈ ને કોઈ સુવિધા છે, જેમ કે મેલબોર્નમાં સીટી માં ટ્રામ ફ્રી છે.આપણી જેમ ત્યાં ફેમિલી સીસ્ટમ નથી, એટલે ત્યાંની ગવર્મેન્ટ વૃદ્ધો અને બાળકો માટે પણ બહુ સારું કાર્ય કરે છે! અને ત્યાંના પી આર મેળવેલને ''ઓલ્ડ એજ સેન્ટર'' તથા બેબી માટે ''ડે કેર સેન્ટર'' માં સારી એવી સબસિડી મળે.

એક મહિના દરમિયાન બોન્ડાઈ બીચ, ઓપેરા હાઉસ, હાર્બર બ્રીજ, મેનલી બીચ, બ્લુ માઉન્ટેન, કટુમ્બાં ફોલ્સ, શ્રી વૈકટેશ્વર મંદિર, સીડની માં મિન્ટો શિવ મંદિર, જેર્વીસ બે નો સૌથી સફેદ રેતીનો બીચ, હસ્કિશન બીચ, કિયામા બીચ, મેકવેરિયમ સનસેટ પોઇન્ટ, બોટની ગાર્ડન, સીડની ટાઉનહોલ, તરોંગા ઝૂ, આ ઉપરાંત મોટા મોટા મોલ્સ અને રેસ્ટોરન્ટ. પાંચ દિવસની મેલબોર્ન ટ્રિપ પણ કરી, જેમાં ઓલ્ડ મેલબોર્ન સીટી, ફિડલર સ્ટેશન, સ્ટેટ લાઈબ્રેરી, નેશનલ ગેલેરી ઓફ વિક્ટોરિયા. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ, ફિલીપ આઈલેન્ડ, બ્લુ પેંગ્વિન પરેડ, ગ્રેટ ઓશિયન હાઈવે, બેલ્સ બીચ, રેડ વુડ ફોરેસ્ટ, ટ્રેલ એ પોસ્ટલ અને ગીબસન સ્ટેપ, ૮૮ માળ પર સ્કાય ડેક, અને લાસ્ટમા સીડની હેરિસ પાર્કની સ્વીટસ.! ઓસ્ટ્રેલિયા ને અજવાળાં પ્રદેશના દેશ તરીકે ઓળખવામાં આવે છે અને કોઈ જવાબદારી વગર માત્ર માણવાનું હોય, અમારી પણ સુંદર અને અજવાળી અનુભૂતિ જોડાયેલી રહેશે!

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રાજકોટ અને વિદેશમાં પણ રહેતાં કૃષ્ણનગરના વૃધ્ધા સાથે નાની બહેનનો દિકરો છેતરી ગયો

માસી સાથે ભાણેજની ૨૧ લાખની ઠગાઈ

સોના ચાંદીમાં રોકાણ પર દર મહિને પચ્ચીસ હજારના નફાની લાલચ આપીઃ પણ દીધા માત્ર એક લાખઃ વારંવાર ઉઘરાણી છતાં ભાણેજે નાણા ન દેતાં અંતે માલવીયાનગર પોલીસમાં એફઆઇઆર દાખલ થઇ

રાજકોટ તા. ૨૪

અલગ અલગ રીતે નફાની લાલચ આપી કેટલાક લોકો બીજાને છેતરતા હોય છે. ઘણીવાર અજાણ્યા આવી કારીગીરી કરી પોતાના ગજવા ભરી લેતાં હોય છે. તો ક્યારેક ઓળખીતા જ ફ્રોડનો ડામ આપી જતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થઇ હતી. જેમાં મુળ વતની અને દિકરા સાથે અમેરિકા પણ રહેતાં એક વૃધ્ધા સાથે તેના જ સગા નાના બહેનના દિકરા એવા ભાણેજે માસી હું સોના ચાંદીના વેપારમાં રૂપિયા રોકુ છું, સારો પ્રોફીટ મળે છે, હું તમારો ભાણેજ જ છું, તમારા રૂપિયા ખોટા થોડા કરું, તમે ૧૫ લાખ આપો તો દર મહિને ૨૫ હજારનો નફો આપીશ કહી રોકાણના નામે માસી પાસેથી રૂા. એકવીસ લાખ મેળવી લઇ તેની સામે માત્ર એક જ લાખનો નફો આપી રકમ પાછી ન આપતાં એફઆઇઆર દાખલ કરાવાઇ હતી.

ફ્રોડની આ વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં માલવીયાનગર પોલીસે મવડી પ્લોટ સ્વામિ નારાયણ ચોક કૃષ્ણનગર-૮ ખાતે રહેતાં અનેઅમેરિકા ફ્લોરીડા ખાતે પણ રહેતાં મૃદુલાબેન (મધુબેન) જગદીશભાઇ ચાવડા નામના પાંસઠ વર્ષના વૃધ્ધાની ફરિયાદ પરથી તેના નાના બહેન ગીતાબેનના દિકરા રાજન કમલેશભાઇ રાઠોડ (રહે. સીટી ક્લાસીક એપાર્ટમેન્ટ, ૧૦મો માળ, જીવરાજ પાર્ક મેઇન રોડ) વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરાઇ હતી. મૃદુલાબેન (મધુબેન) ચાવડાએ ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પતિ હયાત નથી. મારે સંતાનમાં એક દિકરો ભૌતિક છે જે હાલ અમેરિકા રહે છે. અમે કુલ છ ભાઇ બહેનો છીએ. કંચબેન અમદાવાદ રહે છે. બીજા નંબરે હું છું. જયસુખભાઇ, ગીતાબેન, રાજકોટ, સ્મીતાબેન સુરત રહે છે. વસંતભાઇ અને સંજયભાઇ પણ રાજકોટ રહે છે. મારા નામે રાજકોટમાં ત્રણ મકાનો છે. હું થોડો સમય રાજકોટ અને થોડો સમય દિકરા સાથે અમેરિકા રહુ છું.

ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં રાજકોટ ગીતાંજલી સોસાયટીમાં રહેતાં મારા સગા નાના ભાઇ



વસંતભાઇના પુત્રવધૂનું સિમંત હોઇ હું રાજકોટ આવી હતી. આ પ્રસંગ મવડી પ્લોટના અમારા બીજા નાના ભાઇ જયસુખભાઇના ઘરે રખાયો હતો. જ્યાં મારા નાના બહેન ગીતાબેનનો દિકરો રાજન મને મળ્યો હતો. તેણે મને સાઇડમાં લઇ જઇ કહ્યું હતું કે-હું સોના-ચાંદીના વેપારમાં રૂપિયા રોકું છું અને સારો પ્રોફિટ મળે છે. તમે ૧૫ લાખ રૂપિયા આપો તો દર મહિને રૂ. ૨૫,૦૦૦ નો પ્રોફિટ કરાવી આપીશ. હું તમારો ભાણેજ થાઉં છું, હું ક્યાં તમારા રૂપિયા ખોટા કરવાનો છું, તમે મારા પર વિશ્વાસ રાખો.

આવી વાતો સાંભળી ભાણેજના કથન પર વિશ્વાસ રાખીને મૃદુલાબેને સોની બજારમાં પોતાની સ્વર્ગસ્થ માતાના સોનાના દાગીના વેચી મેળવેલા રૂ. ૪,૫૦,૦૦૦ રોકડા પોતાના ભાઇ સંજયભાઇ મારફતે રાજનને સોંપ્યા હતા. આ ઉપરાંત રાજનની અવાર-નવારની માગણીથી મૃદુલાબેને આઇસીઆઇસીઆઇ બેંક, યસ બેંક તથા પોતાના ભાઇ સંજયભાઇ અને ભાભી અંજનાબેનના ખાતા મારફતે કટકે-કટકે અનેક ટ્રાન્સફર કરી તેમજ ચેક મારફતે કુલ રૂ. ૧૫,૦૦,૦૦૦ પુરા કર્યા હતા. ત્યારબાદ પણ વધુ રોકાણના નામે ચેક અને રોકડા મળી બીજા રૂ. ૬,૦૦,૦૦૦ મેળવ્યા હતા. આમ ભાણેજ રાજને માસી મૃદુલાબેન પાસેથી સોના-ચાંદીમાં રોકાણ અર્થે કટકે-કટકે કુલ રૂ. ૨૧,૦૦,૦૦૦ મેળવી લીધા હતા. આ પછી મૃદુલાબેને પ્રોફીટની વાત કરતાં સપ્ટેમ્બર ૨૦૨૪માં હરિદ્વાર યાત્રા દરમિયાન રાજનના માતા ગીતાબેને રૂ. ૫૦,૦૦૦ રોકડા આપ્યા હતા.

ત્યારબાદ ઓક્ટોબર ૨૦૨૪ માં રાજને બીજા રૂ. ૫૦,૦૦૦ પ્રોફિટ પેટે ચુકવ્યા હતા. આમ, કુલ રૂ. ૨૧ લાખના રોકાણ સામે ભાણેજે માસીને માત્ર રૂ. ૧,૦૦,૦૦૦ નો જ પ્રોફિટ આપ્યો હતો. ત્યારબાદ મૃદુલાબેને પોતાના રોકાણનો બાકીનો પ્રોફિટ તેમજ મુળ રૂ. ૨૧,૦૦,૦૦૦ની રકમ પરત માંગતા રાજન બહાના બતાવવા લાગ્યો હતો અને આખરે નાણાં આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પોતાનો સગો ભાણેજ જ રૂ. ૨૧ લાખની રકમ ઓળવી જઇ વિશ્વાસઘાત કરી રહ્યો હોવાનું માલુમ પડતાં અને કૌટુંબિક રીતે સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતાં આખરે મૃદુલાબેને માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં ઇન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. જે. ગોહિલે વધુ તપાસ હાથ ધરી હતી. આમ વૃધ્ધાને તેમનો જ સગો ભાણેજ મહિને પચ્ચીસ હજારનો નફો આપવાની લાલચ દઇ એકવીસ લાખ કટકટકાવી ગયો હતો, જેમાં નફાના નામે માત્ર એક લાખ જ પરત અપાયા હતાં.

જુના પાડોશીના પત્નિ સાથે ટેલીફોનીક સંપર્ક થયા બાદ વાત આગળ વધી અને બગડી ગઇ

પારકી પરણેતરને મંદિરે લઇ ગયેલા ગ્રાફિક ડીઝાઇનર પર કૂકરથી હુમલો

પરસાણાનગરના યુવાનની ફરિયાદને આધારે ગાયકવાડીમાં રહેતાં પિતા-પુત્ર વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો

રાજકોટ તા. ૨૪

બટાઝટીની વધુ એક ઘટનામાં જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતાં ગ્રાફીક ડીઝાઇનર યુવાનને જુના પડોશીની પત્નિ સાથે મિત્રતા થઇ જતાં તેણીને મંદિરે દર્શન કરવા લઇ જતાં પતિ-પુત્રને જાણ થતાં આ યુવાનને ગાયકવાડીમાં પોતાની ઘરે વાત કરવા બોલાવી બેફામ માર મારી કૂકરના ઢાંકણાથી માથામાં સાત આઠ ઘા ફટકારી ફ્રેકચર કરી નાંખતા અને આખા ખાનદાનને પતાવી દેવાની ધમકી અપાતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં પ્ર.નગર પોલીસે જામનગર રોડ પરસાણાનગર-૬માં રહેતાં અને ગ્રાફિક ડીઝાઇનર તરીકે કામ કરતાં સત્યદેવભાઇ મહેશભાઇ હીરાણી નામના એકતાલીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ગાયકવાડી-૫માં 'મા કી દૂઆ' નામના મકાનમાં રહેતાં મોહમ્મદભાઇ પરમાર અને તેના દિકરા રાહુલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. સત્યદેવભાઇ માતા-પિતા અને નાના ભાઇ સાથે રહે છે અને રેસકોર્ષ પાર્ક પાસે ઝૂમી પ્લાઝા ખાતે ગ્રાફિક ડિઝાઇનનું કામ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે અગાઉ તેમની બાજુમાં રહેતા મોહમ્મદભાઇ પરમારના પરિવાર સાથે સારા સંબંધો હતા. સમય



જતા તેઓ જંકશન પ્લોટગાયકવાડી વિસ્તારમાં રહેવા ગયા હતા.

પરંતુ બાદમાં મોહમ્મદભાઇના પત્નિ જરીનાબેન સાથે ટેલિફોનિક સંપર્ક ચાલુ રહેલો અને તેઓ અગાઉ તેરમી ઓક્ટોબરના રોજ સાત હનુમાન મંદિરે દર્શન કરવા પણ ગયા હતા. આ અંગેની જાણ મોહમ્મદભાઇ અને તેમના પુત્ર રાહુલને થઇ ગઇ હતી. આથી ગત પંદરમીના રોજ સાંજે રાહુલ પરમારે સત્યદેવભાઇને ફોન કરી તમે મારા મમ્મીને ફોન કર્યો હતો? તેમ પુછતાં સત્યદેવભાઇએ ના પાડી હતી. પણ રાહુલે જો અત્યારે નહીં આવો તો વાત લાંબી થશે તેમ કહી ગાયકવાડી શેરી નં. ૫માં તેને પોતાના ઘરે બોલાવ્યા હતાં. સત્યદેવભાઇ ત્યાં પહોંચતા જ રાહુલ બહાર ફળિયામાં ભો હતો અને અંદર જતાં જ દરવાજો બંધ કરી દીધો હતો. પહેલા માળે લઇ જઇને મોહમ્મદભાઇ અને રાહુલ દ્વારા તું મારી પત્નિ સાથે કેમ ફરે છે? તેમ કહીને ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કરી કરાયું હતું.

ત્યારબાદ તેમને દાદરેથી ઘસડીને નીચેના માળે હોલમાં લાવ્યા હતા અને મોહમ્મદભાઇએ કુકરના ઢાંકણાથી માથામાં ઉપરાઉપરી ૮ થી ૧૦ ઘા ઝીંકી દીધા હતા, જેથી માથામાંથી લોહી વહેવા લાગ્યું હતું.

આ દરમિયાન જરીનાબેને બારણું ખોલી બહાર નીકળવાનો પ્રયાસ કરતા તેમને પણ માર મારવામાં આવ્યો હતો. આરોપીઓએ સત્યદેવભાઇને ગરદનથી પકડીને નીચે બેસાડી દીધા હતા અને તું દુનિયાના કોઇપણ છેડે હોઇશ તારા આંતરડા બહાર કાઢી નાખીશું, આજીડેમ લઇ જઇ એક્સિડન્ટ કરી નાખીશું અને આખા ખાનદાનને પતાવી દઇશું તેવી ધમકીઓ આપી છરી બતાવી ડરાવ્યા હતા. ઘટના દરમિયાન પોલીસ વાહન આવી પહોંચતા આરોપીઓએ ધમકી આપી હતી. બાદમાં ૧૧૨ની ટીમ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવતા સત્યદેવભાઇને સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબી તપાસ દરમિયાન માથાના ભાગે ફ્રેક્ચર અને ગંભીર ઇજાઓ હોવાનું જણાઇ આવતા ચાર દિવસ દાખલ રહ્યા બાદ સ્વસ્થ થઇ ફરિયાદ દાખલ કરાવી હતી. પીએસઆઇ કે. કે. ચાવડાએ વિશેષ તપાસ હાથ ધરી હતી.

લાદીકામના કારીગર પર પાંચ જણાનો હુમલો

કોઠારીયાનો યુવાન મિત્ર સાથે ચા પીવા ઉભો હતો ત્યારે લુખ્ખાઓએ ધમાલ મચાવી લોહીલુહાણ કર્યો



રાજકોટ તા. ૨૪

શહેરમાં ઠેકઠેકાણે લુખ્ખાગીરી વધી ગઇ છે. વધુ એક આવી ઘટના સામે આવી હતી. જેમાં કોઠારીયા રોડ પર ગોકુલ પાર્કના ગેઇટ સામે આવેલી મોગલ હોટલમાં પાન-ફાકી ખાતા સમયે સામે જોવાની બાબતે ધ્રુવ સુનિલગીરી ગોસ્વામી નામના એકવીસ વર્ષના યુવાન પર પાંચ શખસોએ ચાની હોટેલ પાસે તાવીથાથી હુમલો કરી માર મારી ધમકી દીધી હતી.

આ બારામાં કોઠારીયા રોડ મામા સાહેબના મંદિર પાસે, ઇન્ડીયન પેટ્રોલપંપની પાછળ કોઠારીયા ગામમાં રહેતાં ધ્રુવની ફરિયાદ પરથી પોલીસે કાર્યવાહી કરી હતી. લાદી કામની મજૂરી કરતાં ધ્રુવ ગોસ્વામીએ આ મામલે જય મંઢ, દિવુભા જોડેજા અને બે અજાણ્યા શખ્સો સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, આજે મોડી રાત્રે તે મિત્ર ધર્મેશ વાઘેલા સાથે કોઠારીયા રોડ પર ગોકુલ પાર્કના ગેઇટ સામે આવેલી મોગલ હોટલમાં ચા-ફાકી ખાવા ગયો હતો. આ સમયે હોટલમામાં જયુ મંઢ, દિવુભા જોડેજા અને બે અજાણ્યા શખ્સો હતાં. જેમાંથી જયુએ તેને તેની પાસે બોલાવી 'આ કોઠારીયા રોડનો હુ ભાઇ છુ' કહી ગાળો દઇ બોલાચાલી કરી ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો.

આ સમયે દિવુભાએ તેનું ગળુ પકડી લીધુ હતું. બીજી તરફ જયુ અને બે અજાણ્યા શખ્સોએ ચા હલાવવાનો તવિથો લઇ આવી હુમલો કરતા તે નીચે પડી ગયો હતો. છતાં તેને તાવિથાથી માર મારતા લોહી નિકળવા લાગ્યુ હતું. જેથી તે ત્યાંથી ભાગીને મિત્ર પાસે જતા રહ્યા બાદ આ ચારેય શખ્સો ત્યાંથી બાઇકમાં જતા રહ્યા હતા.

આ તરફ તેને ૧૦૮ મારફતે સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન તેને જમણા હાથમાં પાંચ ટાંકા આવ્યા હતાં. આમ ધ્રુવ હોટલે ચા-ફાકી ખાવા ગયો હતો ત્યારે જય મઢે, કોઠારીયા રોડનો હું ભાઇ છુ, એક મર્ડર કરી નાખેલ છે, બીજી કરી નાખીશ, કહી ઝઘડો કરી હુમલો કર્યો હતો. આજી ડેમ પોલીસના પીઆઇ. એચ. એચ. પટેલની રાહબારીમાં હેડ કોન્સ. એ. એચ. ગોહીલે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

જીલ્લામાંથી એક સામટા સત્તર પકડાયા પછી હવે શહેર પોલીસ પણ જાગૃત બની ગઇ

અઠ્ઠાવીસ વર્ષથી દવાખાનું ચલાવતાં નકલી ડોકટર ઝબ્બે

શહેર એસઓજીએ આંબેડકરનગરમાં દરોડો પાડ્યોઃ પાંસઠ વર્ષિય વૃધ્ધે હોમીયોપેથીની ડીગ્રીને આધારે એલોપેથીના ડોઝ દેવાનુ ચાલુ કર્યુ હતું

રાજકોટ તા. ૨૪

પરમ દિવસે જ રાજકોટ જીલ્લા પોલીસની ટીમોએ જીલ્લા ભરમાં ઠેકઠેકાણે દરોડા પાડી સત્તર ડૂપ્લા ડોકટરોને દબોચી લઇ કાયદાના ઇન્જેકશાન દીધા બાદ હવે રાજકોટ શહેર એસઓજીએ પણ એક નકલી ડોકટરને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ વૃધ્ધ અઠ્ઠાવીસ વર્ષથી ક્લીનીક ચલાવતાં હતાં. તેની પાસે હોમીયોપેથીની ડીગ્રી હોવા છતાં એલોપેથી સારવાર કરી લોકોના આરોગ્યને જોખમમાં મુકતા હોવાના આરોપ સાથે ગુનો દાખલ કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ નજીક આંબેડકરનગરમાં દરોડો પાડી એસઓજીએ હોમીયોપેથીની ડિગ્રી ધરાવી એલોપેથીની ડિગ્રી ન હોવા છતાં કલીનીક ચલાવતાં ૬૫ વર્ષીય બોગસ વૃધ્ધ તબીબને પકડી લઇ કાર્યવાહી કરી હતી. પુછતાછમાં તે છેલ્લા ૨૮ વર્ષથી કલીનીક ચલાવતો હોવાનું ખુલતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાએ શહેરમાં લોકોના આરોગ્ય



સાથે ચેડા કરતા નકલી ડોકટર સામે કાર્યવાહી કરવાની આપેલી સુચના અપાઇ હતી. આ સુચનાન ધ્યાને લઇ એસ.ઓ.જી.પી.આઇ. એન. બી. ચૌધરીની રાહબારીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઇ એમ. વી. જોડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ. હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહીલ, અનોપસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આંબેડકરનગરમાં શેરી નં. ૧ના ખુણે આવેલી 'જનરલ પોલીકલીનીક' નામે કલીનીકમાં દરોડો પાડયો હતો જયાં હાજર શખ્સનું નામ પૂછતા તેણે વાજસુર ઉર્ફે વિજય આપાભાઇ સુરૂ હોવાનું જણાવ્યું હતું.

પોલીસે ગીતાંજલી સોસાયટી શેરી નં. ૫, કૃષ્ણનગર મેઇન રોડ પર રહેતાં પાંસઠ વર્ષીય અને પોતાના ડોકટર ગણાવતાં વાજસુરભાઇ ઉર્ફે વિજયભાઇની પુછતાછ કરતાં તેની પાસે હોમીયોપેથીક ડિગ્રી ધરાવતો હોય એલોપેથીક ડિગ્રી ન હોવા છતાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરી પ્રેકટીસ કરતો હોવાનું જણાવતા એસઓજીની ટીમે તેને પકડી લઇ હોસ્પિટલના સાધનો, એલોપેથીક દવાઓ, ઇન્જેકશાન, રોકડ અને વિગેરે મળી કુલ રૂા. ૯૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તેની સામે માલવીયાનગર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે, આરોપીએ બોટાદના ઇન્સ્ટીટયુટમાંથી હોમીયોપેથીની ડિગ્રી ૧૯૯૩ કે ૧૯૯૫ની સાલમાં મેળવી હોવાની અને તે ૨૮ વર્ષથી કલીનીક ચલાવતા હોવાનું પુછતાછમાં ખુલ્યું છે. હાલ ડિગ્રી મામલે પણ તપાસ હાથ ધરાઇ છે. આ કામગીરી પોલીસ ઇન્સપેકટર એન.બી.ચૌધરી તથા પો.સબ ઇન્સ. એમ.વી. જોડેજા તથા પો. હેડ કોન્સ. હરદેવસિંહ જાડેજા તથા ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા યોગરાજસિંહ ગોહિલ તથા મહાવીરસિંહ ઝાલા તથા પો. કોન્સ. અનોપસિંહ ઝાલા તથા રોહિતસિંહ જાડેજા તથા ડ્રાઇવર પો. હેડ કોન્સ. નિર્મળસિંહ ઝાલાએ કરી હતી. જીલ્લામાંથી એક સામટા સત્તર ડૂપલા ડોકટર પકડાયા બાદ શહેર પોલીસે પણ આવા મુન્નાભાઇ એમબીબીએસને શોધવા કવાયત શરૂ કરી હતી.

નહિ જેવી વાતે એક બીજા પર તૂટી પડવાની ચાર ઘટનાઃ ઘાયલો પહોંચ્યા હોસ્પિટલના ખાટલે

એક લાખ માંગી બનેવીને પાઇપથી ફટકાર્યા

હુમલા વખતે સગર્ભા બહેન વચ્ચે પડતાં તેને પણ માર માર્યોઃ બીજા બનાવમાં ચઢામણી કરવાની ના પાડતાં પરિણીતાને દિયર-પતિએ ઘુસ્તાવી ત્રીજી ઘટનામાં સર્વિસ સ્ટેશનના કર્મચારીઓ વચ્ચે ધમાલઃ ચોથામાં પીવા લઇ ગયા પછી લોહીલુહાણ કરી યુવાનને વાડીએ ફેંકી જવાયો

રાજકોટ તા. ૨૪

નાની મોટી કે નહિ જેવી વાતે લોકો એક બીજા પર ધોકા કે પછી જે હાથમાં આવે તેનાથી તૂટી પડી ધમાલ મચાવી લેતાં હોય છે. આવી વધુ ચાર ઘટનાઓ બની હતી. જેમાં એક કિસ્સામાં લોધીકાના ધુલીયા દોમડા ગામે રહેતાં યુવાન પર રાજકોટના મોટા મવામાં તેના સાળાએ લોખંડના પાઇપથી હુમલો કરી માર મારતાં સગર્ભા પત્નિ બચાવવા વચ્ચે પડતાં તેને પણ ધોલધપાટ થતાં બંને સારવાર માટે દાખલ થયા હતાં. બીજા બનાવમાં એક મહિલાએ ચઢામણી કરી રહેલા દિયરને ડારો દેતાં તેણીને દિયર અને પતિ બંનેએ મળી ધોકાવી નાંખતા દવખાનાના ખાટલે પહોંચવાની નોબત આવી હતી. ત્રીજા બનાવમાં સર્વિસ સ્ટેશનમાં પાણી ઉડવા મામલે બે કર્મચારી વચ્ચે ધમાલ મચી ગઇ હતી. તો ચોથા બનાવમાં એક યુવાનને દારૂ પીવા લઇ જવાયા બાદ ત્રણ જણા બેફામ માર મારી લોહીલુહાણ કરીને મુકી ગયા હતાં. આ તમામને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો જાણવા મળ્યા મુજબ ધુલીયા દોમડા ગામે રહેતાં અને સીએનજી રિક્ષાના ફેરા કરતાં ચુમાલીસ વર્ષના કિરણભાઇ ખેતાભાઇ બાબરીયો મોટા મવા સ્મશાન પાસે રહેતાં સાસુ-સસરાના ઘરે પોતાની સગર્ભા પત્નિ મંજુલાબેન અને ૯ વર્ષની દિકરી ભાવીશા સાથે આવ્યા હતાં ત્યારે સાળા ક્રિશ પ્રેમજીભાઇ મકવાણાએ ઝઘડો કરી પાઇપથી માર મારતાં ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. કિરણભાઇએ જણાવ્યું હતું કે હાલમાં મારી પત્નિને સારા દિવસો જતાં હોઇ હું તેને લઇને રાજકોટ રિપોર્ટ કરાવવા આવ્યો હતો.

પત્નિએ બપોર સુધી પોતાના માતા-પિતાના ઘરે રોકાઇ જવાનું કહેતાં હું તેને અને દિકરીને લઇને ત્યાં ગયો હતો. તાજેતરમાં મેં જમીન વેંચી હોઇ તેના વીસ લાખ ખાવ્યા છે. સાળા ક્રિશે પોતાને એકટીવા લેવુ છે તેમ કહી મારી પાસે એક લાખ માંગ્યા હતાં. ત્યારે મેં તેને અગાઉ જુનુ એકટીવા આપ્યું છે તે વાપરવાનું કહેતાં તેણે એ વેંચીને નવુ



લેવુ છે, એક લાખ આપવા પડશે તેમ કહી ઝઘડો કરી હુમલો કર્યો હતો. જેમાં મારા સગર્ભા પત્નિ વચ્ચે પડતાં તેને પણ મારકુટ કરી લીધી હતી. તેમજ દિકરીને પણ ઇજા થઇ હતી. તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવની વિગતો જોઇએ તો રાજકોટ તા. ૨૪ઃ સિવિલ હોસ્પિટલ ચોક ઓવર બ્રીજ નીચે ઝનાના હોસ્પિટલની સામે ફૂટપાથ પર રહેતી સુનીતાબેન ભાવેશ સોલંકી નામના ચાલીસ વર્ષના મહિલાને રાતે તેના પતિ ભાવેશ પરખોત્તમ સોલંકી અને દિયર વિનોદ પરખોત્તમ સોલંકીએ ઢીકા-પાટુનો બેફામ માર મારતાં બેભાન જેવી થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સુનિતાબેનને સંતાનમાં ચાર દિકરા અને બે દિકરી છે. પોતે છુટક મજૂરી કરે છે. પતિ અને દિયર બંને સાથે બેઠા હતાં ત્યારે દિયર તેના પતિની ચઢામણી કરતો હોઇ તેને ઠપકો દેતાં બોલાચાલી થયા બાદ પતિ, દિયર બંનેએ મળી મોઢા, માથા અને શરીએ ધૂંબા પાટાનો માર માર્યાનું સુનિતાબેને કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

મારામારીની ત્રીજી ઘટના જોઇએ તો જુના માર્કેટ યાર્ડ નજીક દ્વારકાધીશ સોસાયટી-૫માં ખટારા સ્ટેન્ડ નજીક રહેતાં સંજયભાઇ ભીખુભાઇ સંખેરીયા નામના ચાલીસ વર્ષના યુવાનને તે યાર્ડ નજીક સર્વિસ સ્ટેશન ખાતે હતો ત્યારે અહિ વાહન ધોઇ રહેલા અન્ય કર્મચારી ભાવેશે ઝઘડો કરી ઢીકાપાટુનો આડેધડ માર મારતાં મુંઢ ઇજાઓ થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. સંજયભાઇના કહેવા મુજબ પોતે વાહનની સર્વિસ કરતો હતો ત્યારે ભાવેશ પણ બીજુ વાહન ધોતો હતો, તે વખતે તેણે નળીનો સ્પ્રે કરતાં ગારો મને ઉડતાં મેં તેને ધ્યાન રાખવાનું કહેતાં ઉશ્કેરાઇ જઇ મારામારી કરી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

ચોથા બનાવમાં ધ્રાંગધ્રાના રાજપર ગામે મુન્નાભાઇ ભરવાડની વાડીમાં રહી મજૂરી કરતાં બળદેવ સવજીભાઇ ઓડુસા નામના ત્રીસ વર્ષના યુવાનને સાંજે સાતેક વાગ્યે ત્રણેક અજાણ્યા શખ્સો બેફામ માર મારી લોહીલુહાણ હાલતમાં વાડી પાસે મુકી ભાગી જતાં બળદેવને ધ્રાંગધ્રા સારવાર અપાવી બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બળદેવ ત્રણ ભાઇ અને ચાર બહેનમાં નાનો તથા કુંવારો છે અને ખેત મજૂરી કરે છે. કદાચ દારૂ પીધા બાદ કોઇ વાતે માથાકુટ થતાં મારકુટ થયાની શંકા સગાએ દર્શાવી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રાંગધ્રા પોલીસને જાણ કરી હતી. આમ ચાર અલગ અલગ માથાકુટની ઘટનાઓમાં ઘાયલોને દવાખાનાના ખાટલે પહોંચવુ પડ્યું હતું. અલગ અલગ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તપાસ શરૂ થઇ હતી.

ગૃહિણીને થયું ઘરે બેઠા થોડી કમાણી કરી લઉ, પણ ગઠીયા ઘા કરી ગયા

મહિલાએ ટાસ્કના નામે ગુમાવ્યા પાંચ લાખ

મિન્ત્રાની રીલ ઇન્સ્ટાગ્રામમાં જોઇ કલીક કર્યુ અને એપમાં એડ થયાઃ શરૂઆતમાં રૂા. ૧૦૦ સામે ૨૬૭ નફો મળ્યો, રકમ પણ ઉપડીઃ પછી ચોપન ટાસ્ક પુરા કર્યા : તેની સામે ૧૩ લાખ ૫૨ હજાર નફો દેખાયોઃ પણ રકમ ઉપાડવા જતાં ગઠીયાઓએ ખાતુ ફ્રીઝ થયાનું કહી વધુ વીસ ટકા માંગ્યાઃ સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૨૪

ઓનલાઇન ટાસ્ક પુરા કરી કમાણી કરવાની લાલચ આપી સાયબર ગઠીયાઓ સતત ફ્રોડઆચરી રહ્યા છે. આ વચ્ચે રાજકોટના સામા કાંઠાના એક મહિલા સાથે પાંચ લાખથી વધુની ઠગાઇ થઇ છે. મહિલાએ ઇન્સ્ટાગ્રામ પર મિન્ત્રા નામની કંપનીની જાહેરાત જોઇ હતી. જેમાં વર્ક ફ્રોમ હોમની વિગતો હોઇ તેણીએ લિંક પર કલીક કરતાં મિન્ત્રાના ભળતા લોગોવાળી એપ તેણીના ફોનમાં ઇન્સ્ટોલ કરાવડાવી ગઠીયાઓએ અલગ અલગ ટાસ્ક પુરા કરવાના નામે પાંચ લાખ અગીયાર હજાર મેળવી લીધા હતાં. તેની સામે એપમાં સાડા તેર લાખનો નફો બતાવતો હતો. પરંતુ જ્યાં આ ગૃહિણી નફાની રકમ ઉપાડવા ગયા ત્યાં તેનું ખાતુ ફ્રીઝ થઇ ગયાનું કહી વધુ વીસ ટકા રકમ માંગાતાં છેતરાઇ ગયાની ખબર પડી હતી.

વિગતો પર નજર કરીએ તો સાયબર ગઠીયાઓએ શહેરના સામા કાંઠે રણછોડનગરમાં રહેતાં ચાંદીના વેપારીના પત્નિ સાથે ટાસ્કના નામે ૫,૧૧,૮૩૬ની ઠગાઇ કરી લીધી હતી. આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે રણછોડનગર સોસાયટી-૮ કુવાડવા રોડ પર રહેતાં બત્રીસ વર્ષિય પ્રીમાબેન અભિષેકભાઇ રામાણીની ફરિયાદ પરથી અલગ અલ ચૌદ બેંકના ખાતા ધારકો અને બે યુપીઆઇ આઇડીના ધારકો સામે ગુનો દાખલ કર્યો છે.

સાયબર ક્રાઇમ પોલીસે જેની સામે એફઆઇઆર દાખલ કરી છે તેમાં એરટેલ પેમેન્ટ બેંકના ખાતાધાર, કેનેરા બેંકના ખાતા ધારક, આસામ ગ્રામીણ વિકાસ બેંકના ખાતા ધારક, પંજાબ નેશનલ બેંકના ખાતાધારક, ઇન્ડિયન ઓવરસીઝ બેંકના ખાતાધારક, એસબીઆઇના ખાતાધારક, ફીનો પેમેન્ટ બેંક, સ્લાઇસ સ્મોલ બેંક, કરૂર વૈય બેંક, કેનેરા બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર, એનએસડીએલ પેમેન્ટ બેંક, યુપીઆઇ આઇડીના બે ધારકો મળી કુલ ૧૬ અજાણ્યા ખાતા ધારકોનો સમાવેશ થાય છે.

આ ઠગાઇની વધુ માહિતી અનુસાર પ્રીમાબેન ગૃહિણી છે અને તેના પતિ ચાંદીકામ કરે છે. ફરિયાદની વધુ વિગત મુજબ ગત સતરમી ઓગષ્ટના રોજ પ્રીમાબેન ઇન્સ્ટાગ્રામ વાપરી રહ્યા હતા ત્યારે તેમને 'મિન્ત્રા' ના હેડિંગ હેઠળ એક જાહેરાત જોવા મળી હતી, જેમાં ઓર્ડરના ટાસ્ક પૂરા કરવાના બદલામાં ઘરે બેઠા કમાણી



કરવાની લાલચ આપવામાં આવી હતી. આ જાહેરાતમાં આપેલી લિંક પર ક્લિક કરતા તેઓ ટેલિગ્રામ ચેનલ પર પહોંચ્યા હતા, જ્યાં એટઘરેઅન્યાકર-૩૦ યુઝરનેમવાળા શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો.

ત્યારબાદ તેમને એક લિંક મોકલીને મિન્ત્રા જેવી જ દેખાતી એક નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી. પ્રીમાબેનને જે તે વખતે આ અસલી મીન્ત્રાની એપ જ હોવાનું લાગ્યું હતું. સૌ પહેલા તેમને એપ્લિકેશનમાં આઈ.ડી. બનાવવા અને પ્રથમ ઓર્ડરના ટાસ્ક માટે રૂપિયા ૧૦૦ ટ્રાન્સફર કરવાનું કહેવાતાં પ્રીમાબેને પોતાના એચડીએફસી ખાતામાંથી આ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી.આ ટાસ્ક પુરો થતાં તેમને એપ્લિકેશનમાં નફા સહિત કુલ રૂા.૨૮૭ બતાવવામાં આવ્યા હતા અને તે રકમ સરળતાથી વિડ્રો પણ થઈ ગઈ હતી.

આમ પહેલા ટાસ્કમાં જ સરળતાથી નફો મળતાં અને રકમ પણ વીડ્રો થઇ જવાનેકારણે પ્રીમાબેનને આ એપ પર વિશ્વાસ બેસી ગયો હતો. ત્યારબાદે તેમને ૪ ઓડર ઓર્ડરનો ટાસ્ક મળતાં રૂા. ૨૪૦૦ ભર્યા હતાં. તેની સામે રૂા. ૪૦૬૭નો નફો બતાવાયો હતો. જેમાંથી કમિશન બાદ કરતાં ૩૮૬૩ રૂપિયા વીડ્રો કરી શકાયા હતા. બાદમાં પ્રીમાબેનને વધુ મોટા ટાસ્ક આપવાનું શરૂ કર્યું હતું. પ્રોફિટની લાલચ આપીને અલગ-અલગ તારીખ ૨૦/૦૮/૨૦૨૬થી તા. ૨૨/૦૮/૨૦૨૬ દરમિયાન એરટેલ પેમેન્ટ્સ બેંક, કેનેરા બેંક, પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા સહિતની વિવિધ૧૪ બેંકોના ખાતાઓમાં કટકે-કટકે કુલ ૧,૧૧,૮૩૬ જેવી માતબર રકમ ટ્રાન્સફર કરાવી લેવામાં આવી હતી. ત્યારબાદ તેમને અલગ અલગ ૫૪ ઓર્ડરના ટાસ્ક પુરા કરવાનું કહેવાયું હતું અને તેમની પાસેથી આ ટાસ્કના બદલામાં બે યુપીઆઇ આઇડી અને બેંકોના ખાતામાં કુલ રૂા. ૫,૧૧,૮૩૬ મેળવી લેવાયા હતા.

આ સામે તેમની એપ્લીકે શનમાં ૧૩,૫૨,૮૦૭નો નફો બતાવતો હતો. આથી પ્રીમાબેને પોતાના ખાતામાંથી ૧,૩૫,૫૮૦ની પ્રોફિટ સહિતની રકમ વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે એપ્લિકેશન દ્વારા મેસેજ આવ્યો કે તેમનું બેંક ખાતું ફ્રીઝ થઈ ગયું છે. તે ખોલવા માટે વિડ્રો રકમના ૨૦ ટકા જેટલી વધારાની રકમ ભરવી પડશે તેવી શરત મૂકવામાં આવી હતી. આથી શંકા જતાં મહિલાએ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦માં ફરિયાદ નોંધાવી હતી. તેના આધારે સાયબર ક્રાઇમ પોલીસ મથકના ઇન્સપેકટર એમ. ડી. ગઢવીએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે રકમો મેળવનાર બેંક ખાતાધારકો અને સાયબર ગઠિયાઓનું નેટવર્ક પકડવા માટે તપાસનો ધમધમાટ આદર્યો હતો. આ રીતે અવાર-નવાર ટાસ્કના નામે ઠગાઇ થતી રહેતી હોઇ ઓનલાઇન આવતી આવી રીલ્સ, જાહેરાતો જોઇને આંધળો વિશ્વાસ કરી આગળ વધવું જોઇએ નહિ.

કાર રેઢી રાખી ને ૩૫ હજાર રોકડા ગાયબ થયા

આઠમ નિમીતે માતાજીના નામે કાઢેલા નાણા ભત્રીજીને આપવાના હતાં : થોરાળા પોલીસે ગુનો દાખલ કર્યો



રાજકોટ તા. ૨૪

ચોરીની વધુ એક ઘટના બની હતી. જેમાં શહેરના ભાવનગર રોડ પર પાર્ક કરેલી કારમાંથી તસ્કર ૩૫,૦૦૦ની રોકડ રકમ ચોરી જતાં આ બનાવમાં થોરાળા પોલીસે ભાવનગર રોડ શ્યામ હોટલવાળી શેરી પાંજરાપોળ શેરી નં. ૫ ખાતે રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં સાડત્રીસ વર્ષના મુકેશભાઇ બાબુભાઇ દેગામાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. આ રકમ માતાજીની આઠમ નિમીતે ભત્રીજીને આપવા માટે રાખી હતી. ફરિયાદમાં જણાવાયા મુજબ તારીખ બારમીના રોજ વહેલી સવારે આશરે સાડા ચાર વાગ્યે પોતાની ઇકો કાર નંબરૅ જીજે૦૩એમએલ-૩૨૬૭ લઈને મોરબી જવા નીકળ્યા હતા.

તેઓને માતાજીની આઠમ નિમિત્તે મોરબી ખાતે રહેતી પોતાની ભત્રીજીને રૂ. ૩૫,૦૦૦ દેવાના હોવાથી તેમણે રોકડ એક કોથળીમાં રાખીને ઇકો કારની પાછળની સીટ પર મુકી હતી. ઘરથી નીકળ્યા બાદ તેમણે ભાવનગર રોડ પર આવેલી રાજકોટ સિમેન્ટ ફેક્ટરી સામે પોતાની કાર પાર્ક કરી હતી અને અંગત કામ સબબ નજીકમાં ગયા હતા. આ પછી થોડીવાર બાદ જ્યારે મુકેશભાઈ પરત પોતાની ઇકો કાર પાસે આવ્યા ત્યારે તેમણે જોયું કે કારની પાછળની બારીનો કાચ ખુલ્લો હતો. કારમાં પાછળની સીટ પર તપાસ કરતા રૂ. ૩૫,૦૦૦ રોકડા રાખેલી કોથળી ગાયબ જણાઈ હતી. કોઇ બારીના ખુલ્લા કાચમાંથી હાથ નાખી રોકડ ભરેલી કોથળી ચોરી ગયો હોવાનું માલુમ પડ્યું હતું. બનાવ બાદ મુકેશભાઈએ પોતાના સાળા કાળુભાઈ પ્રવીણભાઈ ડાભીને આ બાબતે જાણ કરી હતી અને બંનેએ આસપાસના વિસ્તારમાં રોકડ રકમ અંગે તથા શંકાસ્પદ શખ્સો અંગે તપાસ કરી હતી. આજ સુધી ચોરની ખબર ન પડતાં પોલીસને જાણ કરી હતી. હેડકોન્સ. એચ. જે. નીનામાએ ફરિયાદ દાખલ કરાઇ હતી.

પારકા હોય તો ઠીક અહિ તો ઘરના ઘા કરી ગયાઃ માતાજીના મઢે ગ્યા એમાં જાણ કેમ ન કરી પુછતાં જામી પડી

શોખ પુરો કરવાનું કહી યુવાન પર ભાઈ-ભત્રીજાએ કર્યો હુમલો

તને મોટા થવાનો બહુ શોખ છે, હવે પછી મોટા થવાની વાત કરીશ તો જીવતો નહિ મુકીએ કરી છરી-કુહાડાથી તૂટી પડ્યાઃ રૈયાધારની ઘટનામાં ચાર કુટુંબીઓ વિરૂધ્ધ એફઆઈઆર

રાજકોટ તા. ૨૪

મારામારી ઝઘડાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. ઘણીવાર સગા ભાઇઓ કુટુંબીઓ વચ્ચે પણ માથાકુટ થઇ જાય છે. આવી જ એક બબાલ રૈયાધાર મચ્છુનગરમાં થઇ ગઇ હતી. જેમાં મોટા ભાઇ પર નાના ભાઇ, ભત્રીજા સહિતના કુટુંબીઓ છરી, ધોકા, કુહાડાથી તૂટી પડ્યા હતાં અને લોહીલુહાણ કરી નાંખી માથેથી ધમકી અપાઇ હતી. મોટા ભાઇએ નાના ભાઇને એટલુ જ કહ્યું હતું કે તમે માતાજીના મઢે ગયા તો મને કેમ ન કહ્યું, હું મોટો છું મને જાણ કરવી જોઇએ. આ સાંભળતા જ ભાઇ-ભત્રીજાએ તને મોટો થવાનો બહુ શોખ છે, આજે મોટો કરી દેવો છે કહી આડેધડ ઘા ફટકારી દીધા હતાં. જેના કારણે હોસ્પિટલના બિછાને પહોંચવું પડ્યું હતું. માથે જતાં એવી ધમકી દીધી હતી કે હવે મોટા થવાની વાત કરીશ તો જીવતો નહિ મુકીએ.

વિગતો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મચ્છુનગર ક્વાર્ટરમાં કચરાપેટીની બાજુમાં રહેતાં અને છુટક મજૂરી કરતાં વિપુલભાઇ બાવસંગભાઇ કારડીયા-દેવીપૂજક (ઉ.વ.૪૩)ની ફરિયાદ પરથી બાજુમાં જ રહેતાં તેના સગા ભાઇ વજુ ભાવસંગ કારડીયા, ભગલ ઇશાભાઇ, રેખાબેન, જયાબેન વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. વિપુલભાઇ પરિવાર સાથે રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૦મીના રાત્રિના આઠેક વાગ્યે પોતે પોતાના નાના ભાઇ વજુભાઇ બાવસંગભાઇ કારડિયાના



ઘર પાસેથી પસાર થઇ રહ્યા હતા. આ દરમિયાન નાના ભાઇને ઘરની બહાર ઉભેલો જોઇ વિપુલભાઇએ પૂછ્યું હતું કે, તમે બધા આપણા માતાજીના મઢે ગયેલા અને હું મોટો ભાઇ હોવા છતાં મને જાણ કેમ ન કરી?

આટલું કહેતા જ વજુ ઉશ્કેરાઇ ગયો હતો અને બોલાચાલી કરવા માંડ્યો હતો. આ સમયે જ બાજુમાંથી ભત્રીજો ભગા કારડિયા, નાના ભાઇના પત્નિ રેખાબેન તથા ભત્રીજી જયાબેન પણ આવી પહોંચ્યા હતા અને વિપુલભાઇ સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. મામલો બિચકતાં વિપુલભાઇ પોતાના ઘરે જતા રહ્યા હતા. ઘડીક વાર બાદ આ ચારેયએ વિપુલભાઇના ઘર બહાર આવી જોર-જોરથી બુમો પાડી તેમને બહાર બોલાવ્યા હતા. વિપુલભાઇ ઘરની બહાર આવતા જ વજુના હાથમાં કુહાડી અને ભત્રીજા ભગાના હાથમાં છરી જોઇ તેમને ઝઘડો ન કરવા અને જતાં રહેવા સમજાવ્યા હતા.

ત્યારબાદ ભત્રીજા ભગાએ ગાળો આપી તારે મોટું થવાનો બહુ શોખ છે, તારો શોખ આજે પુરો કરી દઇએ તેમ કહી હુમલો કરી દીધો હતો. દરમિયાન રેખાબેને રોડ પરથી પથ્થર ઉપાડી વિપુલભાઇને જમણા પગના ગોઠણ પર માર્યો હતો. ત્યારબાદ ઘર બહાર દેકારો થતાં વિપુલભાઇના પત્નિ લત્તાબેન બહાર દોડી આવ્યા હતા. જેથી જયાબેને રોડ પરથી પથ્થરો ઉપાડી લતાબેન તરફ ફેંકતા તેમને માથા અને મોઢાના ભાગે મુંઢ ઈજાઓ થઇહ હતી. આ દરમિયાન ભત્રીજા ભગાએ વિપુલભાઇને પીઠના પાછળના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. તેણે બૂમાબૂમ કરતાં નાના ભાઈ વજુએ પોતાના હાથમાં રહેલી કુહાડીના બે ઘા વિપુલભાઈના માથાના ભાગે ડાબા કાનથી ઉપર ઝીંકી દેતાં તેઓ લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. આજુબાજુમાંથી લોકો એકઠા થઈ જતાં વજુભાઈ અને ભગાભાઈએ-હવે જો મોટું થવાની વાત કરી છે તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ચારેય જણા સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા.

આ હુમલામાં ઘાયલ થયેલા વિપુલભાઈને તુરંત રિક્ષા મારફતે રાજકોટ સરકારી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બાદમાં તેમના પત્નિ લતાબેન પણ ૧૦૮ મારફતે સારવાર માટે પહોંચ્યા હતા.ૅ તબીબોએ વિપુલભાઈના માથાના ભાગે કાનથી ઉપર ૩ ટાંકા અને પીઠના ભાગે છરી વાગવાથી ૭ ટાંકા લીધા હતા. સારવાર બાદ પોલીસને જાણ કરતાં યુનિવર્સિટીના પોલીસ ઈન્સપેકટર કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આમ નહિ જેવી વાતે યુવાનને તેના જ સગા ભાઇ, ભત્રીજા સહિતનાએ બેફામ માર મારી દવાખાનાના ખાટલે પહોંચાડી દીધો હતો.

પત્નિ છોડીને બીજા ભેગી ભાગી ગઇ હોઇ શૈતાની દિમાગમાં કામવાસનાનો કીડો ખદબદતો હતો

આઠ વર્ષની બાળા સાથે ૩૫ વર્ષના ઢગાનો બળાત્કાર

ઘરમાં શૌચાલય ન હોઇ નજીકમાં પટમાં જઇ રહેલી બાળાને ઝાડીમાં ખેંચી બળજબરી આચરી લોહીલુહાણ કરી નાંખીઃ પોલીસે શૈતાનને દબોચી લઇ હવસખોરી ઉતારી નાંખી

રાજકોટ, તા. ૨૪

શૈતાનો ઘણીવાર હેવાનીયતની હદ વટાવી દેતાં હોય છે. અવાર-નવાર સગીરાઓ, બાળઓને હવસખોરો શિકાર બનાવતા હોવાના બનાવો સામે આવતા રહે છે. આ વચ્ચે એક ખળભળાટ મચાવતી ઘટના બની હતી. જેમાં એક આઠ જ વર્ષની બાળાને પાંત્રીસ વર્ષના ઢગાએ શૈતાનીયતનો શિકાર બનાવી લીધી હતી. બાળા શૌચાલય માટે નીકળી ત્યારે આ હવસખોર તેણીને ખેંચીને ઝાડીઓમાં લઇ ગયો હતો અને બળજબરી આચરી હતી. બાળાએ પ્રતિકાર કરતાં તેને લાફા માર્યા હતાં અને તેની સાથે બળાત્કાર ગુજારી લીધો હતો. આને લીધે બાળા લોહીલુહાણ થઇ ગઇ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ હરકતમાં આવી ગઇ હતી અને હવસખોરેને દબોચી લઇ તેની હવસખોરી ઉતારી નાંખી હતી. જાહેરમાં તેની આગવી ઢબે સરભરા પણ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના સુરતના સચિન જીઆઇડીસી વિસ્તારમાં બની હતી. ઘરમાં શૌચાલયની સુવિધા ન હોવાથી ઘર નજીક ખુલ્લી જગ્યાએ શૌચક્રિયા માટે ગયેલી આઠવર્ષીય બાળકી પર પાંત્રીસ વર્ષીય શખસે દુષ્કર્મ આચર્યું હતું. આ હેવાનિયત બાદ ભયભીત બનેલી માસૂમ બાળકી રડતી હાલતમાં ઘટનાસ્થળથી આશરે સો મીટર દૂર આવેલા પોતાના ઘરે પહોંચી હતી અને માતાને સમગ્ર આપવીતી જણાવી હતી. આ ચકચારી ઘટના બાદ સચિન જીઆઇડીસી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ કેસની કડીઓ સુનિશ્ચિત કરવા અને કોર્ટમાં મજબૂત પુરાવા રજૂ કરવાના ભાગરૂપે પોલીસે આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ ગુનાનું ક્રાઈમ સીન રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું.

પોલીસ આરોપીને દોરડેથી બાંધીને ઘટનાસ્થળે લઈ આવી હતી. આ રિકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીએ બાળકીને કયા સ્થળેથી અટકાવી, કયા રસ્તેથી ખેંચીને ઝાડી-ઝાંખરામાં લઈ ગયો, કઈ રીતે હુમલો કરી દુષ્કર્મ આચર્યું અને ગુનો



આચર્યા બાદ કઈ દિશામાં ફરાર થયો હતો તે સમગ્ર ઘટનાક્રમનું પંચોની હાજરીમાં વિગતવાર તાદ્રશ્ય નિરૂપણ કરવામાં આવ્યું હતું.

વધુ માહિતી અનુસાર સચિન જીઆઇડીસી વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારની આઠ વર્ષીય બાળકી સવારે શૌચક્રિયા માટે ઘર નજીકની ખુલ્લી જગ્યાએ ગઈ હતી. ત્યાંથી પરત ફરતી વખતે આરોપી સર્વેસ રામલખન નિષાદે તેનો હાથ પકડી બળજબરીપૂર્વક અવાવરૂ ઝાડી-ઝાંખરામાં ખેંચી લીધી હતી. બાળકીએ પ્રતિકાર કરતાં તેના ગાલ પર તમાચા મારી, તેણી સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતાં, આરોપીએ બાળકીને કડક ધમકી આપી હતી કે જો તે આ ઘટના અંગે પોતાની માતાને જાણ કરશે તો તેને જાનથી મારી નાખશે. લોહીલુહાણ અને ગભરાયેલી હાલતમાં ઘરે પહોંચીને બાળકીએ પોતાની માતા સમક્ષ આપવીતી વર્ણવી હતી.

ઘટનાની ગંભીરતા જોતાં બાળકીની માતાએ તાત્કાલિક પોલીસ ઇમરજન્સી હેલ્પલાઇન ૧૧૨ પર સંપર્ક કર્યો હતો. કંટ્રોલ રૂમ મારફતે માહિતી મળતાં જ સચિન ઝ્ઝોદ પોલીસ મથકનો કાફલો તુરંત હરકતમાં આવી ગયો હતો અને બનાવ સ્થળે પહોંચી પીડિતાના પરિવારને મદદરૂપ થઈ તપાસ શરૂ કરી હતી. પોલીસે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા, તેમજ સ્થાનિક બાતમીદારોનું નેટવર્ક સક્રિય કર્યું હતું. આ ટેકનિકલ અને હ્યુમન સર્વેલન્સના આધારે પોલીસે તિરૂમાલા સોસાયટીમાં બરફ ફેક્ટરી પાસે આવેલી ઝાકીરની ચાલમાંથી પાંત્રીસ વર્ષીય આરોપી સર્વેસ રામલખન નિષાદને દબોચી લીધો હતો.

પોલીસના કહેવા મુજબ આરોપી મૂળ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લાના ખાનપુરનો રહેવાસી છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે પત્નિ તેને છોડીને અન્ય પુરૂષ સાથે રહેતી હોવાથી તે લાંબા સમયથી અહીં એકલો જ રહેતો હતો. એકેલા રહેતાં આ શખ્સના શૈતાની દિમાગમાં કામવાસનાનો કીડો ખદબદતો હોઇ તેણે માસુમ બાળકીને પોતાની શૈતાનીયતનો શિકાર બનાવી લીધી હતી. પોલીસે તેને ઝડપી લઇ આકરી કાર્યવાહી કરી હતી. આ ઘટનાનો ભોગ બનેલી બાળકી ભારે હતપ્રભ થઇ ગઇ હતી અને ગભરાઇ ગઇ હતી. તેનુ કાઉન્સેલીંગ પણ કરવામાં આવ્યું હતું.

સાયબર ફ્રોડના ટપોટપ બની રહેલા બનાવોમાં બે શ્રમિકો બની ગયા શિકાર

ધડાધડ OTP આવ્યા, ફોન હેક થયા અને રૂપિયા ગયા

એક મજૂરે બે લાખ અઠ્ઠાણુ હજાર અને બીજાએ એક લાખ ગુમાવ્યા: અન્ય એક લૂંટની ઘટનામાં પોલીસે યુપીના સુત્રધાર સહિત ચારને દબોચી લાખોની માલમત્તા કબ્જે કરી

રાજકોટ તા. ૨૪

સાયબર ગઠીયાઓ ગમે તેને શિકાર બનાવી રહ્યા છે. નાના મોટા કોઇપણ માણસો હોય સાયબર ગઠીયા તેમના બેંક ખાતા ખાલી કરી નાંખે છે. આ વચ્ચે બે મજૂરો સાથે સાયબર ફ્રોડ થયું હતું. ઓટીપી શેર કર્યા વગર જ આ બંનેના મોબાઇલ ફોન હેક કરીને રૂપિયા ઉસેડી લેવાયા હતા. બીજી તરફ એક વૃધ્ધને લૂંટી લેનાર સુત્રધાર સહિત ચારને પોલીસે પકડી લઇ લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરા જિલ્લાના પોર જૂની જીઆઇડીસી વિસ્તારમાં સાયબર ક્રાઈમના બનાવોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. સામાન્ય શ્રમિકો અને કારખાનાના કામદારો કોઈ પણ અજાણી વ્યક્તિ સાથે વ્યક્તિગત માહિતી કે ઓટીપી શેર કર્યા વિના જ સાયબર ઠગાઈનો ભોગ બની રહ્યા છે. તાજેતરમાં સામે આવેલી બે અલગ-અલગ ઘટનાઓમાં ભેજાબાજોએ મોબાઈલ હેક કરીને બે નિર્દોષ શ્રમિકોના બેંક ખાતાઓમાંથી બારોબાર કુલ રૂપિયા ૩.૮૮ લાખની રકમ સેરવી લીધી છે, જેના પગલે સ્થાનિક ઔદ્યોગિક વસાહતના કામદારોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

પ્રથમ ઘટના જોઈએ તો પોરની એસ.કે. ઇન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા અને મૂળ ઓડિશાના સુંદરગઢ જિલ્લાના વતની સુરેશ ગજેન્દ્ર માઝી સાયબર ગઠિયાઓનો ભોગ બન્યા છે. સાંજના સમયે તેમના મોબાઈલ પર અચાનક ઓટીપી આવ્યો હતો. સુરેશભાઈએ આ ઓટીપી કોઈની પણ સાથે શેર કર્યો નહોતો, તેમ છતાં ગણતરીની મિનિટોમાં તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન થઈ ગયા હતા. ઠગોએ અનુક્રમે પંચાવન હજાર, સત્યાસી હજાર અને નવ્વાણુ હજાર મળી કુલ રૂપિયા ૨,૯૮,૦૦૦ બારોબાર ઉપાડી લીધા હતા.

અન્ય એક ઘટનામાં આ જ મોડસ ઓપરેન્ડીથી બનેલી બીજી ઘટનામાં પોર જીઆઈડીસીની સત્યમ કમ્પોઝિટ કંપનીમાં નોકરી કરતા અને રમણગામડી ગામે રહેતા પાંત્રીસ વર્ષીય નરેશભાઈ રાઠવા શિકાર બન્યા છે. નરેશભાઈ પત્નિ સાથે બજારમાં ખરીદી કરવા ગયા બાદ ઘરે પરત ફર્યા ત્યારે તેમનો સ્માર્ટફોન અચાનક સ્વિચ ઓફ થઈ ગયો હતો. બાદમાં રાત્રે મોબાઈલ ચાલુ કરીને ગૂગલ પેની હિસ્ટ્રી તપાસતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા



હતા. તેમના ખાતામાંથી ત્રણ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન મારફતે દસ હજાર, પચાસ હજાર અને ત્રીસ હજાર નેવુ હજાર ઉપડી ગયા હોવાનું બહાર આવ્યું હતું. પોતાની મહેનતની કમાણી ક્ષણભરમાં ગુમાવી બેઠેલા બંને પીડિત કામદારોએ તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી નાણાકીય વ્યવહારો અટકાવવા ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ બંને શ્રમિકોએ વરણામા પોલીસ મથકે પહોંચી અજાણ્યા સાયબર ઠગો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. કોઈ પણ માહિતી શેર કર્યા વિના જ મોબાઈલ હેક કરીને આચરાતી આ પ્રકારની હાઈટેક ઠગાઈથી શ્રમિક વર્ગની નાણાકીય સુરક્ષા સામે ગંભીર સવાલો ભા થયા છે. આમ વધુ બે કિસ્સામાં બે શ્રમિકોના નાણા ઓનલાઇન ઉસેડાઇ ગયા હતાં.

બીજી તરફ સુરતના અડાજણ વિસ્તારમાં એક વૃદ્ધ કાપડ વેપારીને નિશાન બનાવી લાખો રૂપિયાની લૂંટ ચલાવવાની ઘટના સામે આવી હતી. અડાજણ સ્થિત મંગલદીપ સોસાયટીમાં રહેતા ૭૬ વર્ષીય કાપડના વેપારી વિષ્ણુભાઈ રાત્રિના અરસામાં પોતાની ટેક્સટાઇલની દુકાન વધાવીને રોકડ સાથે ઘરે પરત ફરી રહ્યા હતા. સોસાયટીના પહેલા માળે પહોંચતા જ અગાઉથી ઘાત લગાવીને બેઠેલા લૂંટારુઓએ તેમને આંતરી લીધા હતા અને તેમની પાસેથી ૩.૭૫ લાખની રોકડ રકમ લૂંટીને ફરાર થઈ ગયા હતા. વૃદ્ધ વેપારી સાથે બનેલી આ ઘટના અંગે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક હરકતમાં આવ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, લૂંટારુઓએ આ ગુનાને અંજામ આપવા માટે દિવસો સુધી પૂર્વ આયોજન કર્યું હતું. ટોળકીના સભ્યો ગોલુ અને સની છેલ્લા કેટલાક દિવસોથી વૃદ્ધ વેપારી વિષ્ણુભાઈની સતત રેકી કરી રહ્યા હતા.

વેપારી કયા સમયે દુકાન બંધ કરે છે અને રોકડ રકમ કઈ રીતે ઘરે લઈ જાય છે, તે સમગ્ર રુટ પર નજર રાખવામાં આવતી હતી. રેકી કર્યા બાદ આ બંને આરોપીઓએ તમામ માહિતી પોતાના મુખ્ય સાગરીત કરણ ભારતી સાથે શેર કરી હતી, જેના આધારે લૂંટનું સમગ્ર ષડયંત્ર રચીને તેને અંજામ આપવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી અડાજણ પોલીસ સ્ટેશનના પી.આઈ.ની અધ્યક્ષતામાં અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના માર્ગો પરના ૩૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આ લૂંટમાં ચાર આરોપીઓ સામેલ હોવાનું સ્પષ્ટ થયું હતું.

ત્યારબાદ પોલીસે સુરતમાંથી ૩ આરોપીઓને દબોચી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર કરણ ભારતી ઉત્તરપ્રદેશ ભાગી ગયો હોવાની બાતમી મળતાં એક ટીમે ગોરખપુર ખાતે ધામા નાખી તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી લૂંટમાં ગયેલી ૩,૭૫,૦૦૦ની રકમમાંથી ૩,૬૭,૦૦૦ની રોકડ રકમ સફળતાપૂર્વક કબજે કરી લીધી છે. વધુ તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય આરોપી કરણ ભારતી રીઢો ગુનેગાર છે. કરણ વિરુદ્ધ અગાઉ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ખાસ કરીને ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના કુલ સાત ગુનાઓ નોંધાઈ ચૂક્યા હતાં. આ તમામ આરોપીઓ યુપીના છે.

દિકરીના જન્મ પછી વિરોધ શરૂ થયો દિકરી સાથે જ પરિણીતાને કાઢી મુકાઇ

પોપટરામાં માવતરે રિસામણે આવેલી યુવતિની પારડી રહેતાં પતિ, સાસરિયા વિરૂધ્ધ ફરિયાદ: નોકરી કરી પતિને લાખો રૂપિયા દીધાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ



રાજકોટ તા. ૨૪

સાસરીયા દ્વારા પરિણીતાને ત્રાસ અંગે વધુ મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. જેમાં હાલ રાજકોટ પોપટપરામાં માવતરે રીસામણે આવેલી પરિણીતાએ લોધીકાના પારડી ગામે રહેતાં પતિ, સાસુ, સસરા, રાજકોટ રહેતાં નણંદ-નણદોયા વિરૂધ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. તેણી સાસરીયામાં હતી ત્યારે નોકરી કરતી હોઇ સાસરિયા પગાર પડાવી લેતાં હોવાનો અને પતિએ પણ ગાડી લેવા, હપ્તા ભરવા, ફર્નિચર લેવા, દેણા ચુકવવા છ લાખ લઇ લીધાનો અને દિકરીનો જન્મ થયા બાદ વધુ ત્રાસ આપી છેલ્લે દિકરી સાથે કાઢી મુક્યાનો આરોપ મુકાયો હતો. આ બનાવમાં મહિલા પોલીસ સ્ટેશનમાં પોપટપરા શેરી નં. ૧૪માં હનીફાબેનના મકાનમાં ભાડેથી રહેતી ફરીનબેન આર્યન ઓડીયા નામના તેત્રીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ નોંધાઇ હતી.

તેની ફરિયાદ પરથી લોધીકાના પારડી ગામે રહેતાં તેણીના પતિ આર્યન યુનુસભાઇ ઓડીયા, સાસુ રસીદાબેન, સસરા યુનુસભાઇ જુસબભાઇ ઓડીયા, પીરવાડી ગણેશ પાર્કમાં રહેતી નણંદ આશીયાના, નણદોયા મહેબુબ અબ્બાસભાઇ લીંગડીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. ફરીનબેનના લગ્ન ૨૦૨૪માં પારડીના આર્યન ઓડીયા સાથે સમાજના રિવાજ મુજબ થયા છે. સંતાનમાં ૧૧ મહિનાની દિકરી છે. ફરીનબેન હાલ પોણા ત્રણેક મહિનાથી રાજકોટ માતાના ઘરે રીસામણે છે. તેણીએ બીએ સુધીનો અભ્યાસ કરેલો છે. ફરિયાદમાં જણાવાયા મુજબ લગ્ન બાદ સંયુક્ત પરિવારમાં રહેતી હતી.

તે વખતે પરિણીતા જ્યારે નોકરી કરતી હતી ત્યારે સાસુ રસીદાબેન અને સસરા યુનુશભાઇ ઓડિયા તેનો આખો પગાર માંગી લેતા હતા. આ ઉપરાંત પતિ આર્યનને પણ સુપર કેરીગાડી લેવા, તેના હપ્તા ભરવા, ઘરના ફર્નિચર અને દેણુ ચૂકવવા માટે પરિણીતાએ પોતાના તરફથી કટકે-કટકે આશરે રૂ. ૬ લાખ આપ્યા હતા. ત્યારબાદ દિકરીનો જન્મ થતાં જ સાસુ-સસરા અને પતિએ વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. અવારનવાર નાની-નાની બાબતોમાં બોલાચાલી કરી, કપડાં પ્રેસ કરવા અને ઘરકામ બાબતે મહેણાં-ટોણાં મારી ત્રાસ આપવામાં આવતો હતો.

તેમજ ઘરે આવતા નણંદ આસીયાનાબેન અને નણદોઇ મેહબૂબભાઇ લીંગડીયા પણ પતિ અને સાસુ-સસરાને ચડામણી કરતા હતા. નણંદ નણદોઇ કહેતા કે-આને ઘરમાંથી કાઢી મુક, અમે તારા બીજા લગ્ન કરાવી આપશું. જેના કારણે ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. સાસરિયાઓનો ત્રાસ અને બોલાચાલી વધતાં પરિણીતાએ અલગ રહેવા માટે કહેતા પતિ આર્યનએ ઉશ્કેરાઈને મારકૂટ કરી તેને ૧૧ માસની બાળકી સાથે ઘરમાંથી કાઢી મુકી હતી. છેલ્લા પોણા ત્રણ મહિનાથી પિયરમાં રહેતી પરિણીતા અને તેની માતાએ સમાધાનના અનેક પ્રયાસો કર્યા હતા. પરંતુ પતિ તેને સાથે રાખવા તૈયાર ન હતો. આખરે કંટાળીને તેણીએ ફરિયાદ કરી હતી. મહિલા પોલીસ સ્ટેશનના પીઆઇ આર. જી. પઢીયારની રાહબરીમાં એએસઆઇ દિલીપસિંહ જેસંગભાએ એફઆઇઆર નોંધી આગળની કાર્યવાહી કરી હતી.

તમને બેંક ઓફ બરોડાની મુંબઇ શાખામાંથી ફોન કરવામાં આવ્યો છે...કહી લલચાવ્યા

પેન્શન કાર્ડના નામે બેંક ખાતામાંથી નાણા ઉપડ્યા

વૃધ્ધ સાથે બેંક કર્મીના નામે વાત કરી વ્હોટ્સએપમાં એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી ફ્રોડ આચરી લીધું : સતત વધી ગયા છે આ પ્રકારના બનાવો

રાજકોટ તા. ૨૪

અલગ અલગ રીતે સાયબર ફ્રોડ આચરી રહેલા ગઠીયાઓ હાલમાં એપીકે ફાઇલનો ઉપયોગ કરી સૌથી વધુ ફ્રોડને અંજામ આપી રહ્યા છે. આરટીઓના ઇ-ચલણ, ઇન્વીટેશન કે પછી બેંકના એનઓસીના નામે કોલ કરી એપીકે ફાઇલ મોકલી બેંક ખાતા ખાલી કરવામાં આવી રહ્યા છે. આ વચ્ચે એક વૃધ્ધને વ્હોટ્સએપ પર બેંકના નામે મેસેજ કર્યા બાદ બેંક કર્મચારીના નામે ફોન કરી પેન્શન કાર્ડ બનાવી આપવાની લાલચ દઇ તેમને એપીકે ફાઇલ મોકલી તે ડાઉનલોડ કરાવડાવી ફોન હેક કરી અઢી લાખ જેવી રકમ ઉસેડી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના દરિયાપુરના પાંસઠ વર્ષીય વૃદ્ધ ગુલામનબી શેખને બેંક ઓફ બરોડામાંથી પેન્શન કાર્ડ બનાવી આપીશ તેમ કહી એક ગઠિયાએ વોટ્સએપ પર એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી. વૃદ્ધનો મોબાઈલ હેક કરી, તેમના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ બે લાખ ચાલીસ હજાર રૂપિયા ઉપાડી લીધા. સાયબર ફ્રોડની જાણ



થતાં વૃદ્ધે દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં રહેતા પાંસઠ વર્ષિય વૃધ્ધને બેંક ઓફ બરોડામાંથી બોલું છું અને તમારું પેન્શન કાર્ડ બનાવી આપીશ તેવી લાલચ આપી એક ગઠિયાએ વ્હોટ્સએપ પર શંકાસ્પદ એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી હતી. જે બાદ વૃદ્ધનો મોબાઈલ ફોન હેક કરી તેમના બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લીધા હતા. દરિયાપુર ખાતે નગીના પોળ, તંબુ ચોકી પાસે રહેતા અને કાલુપુર ટોપીવાળાની પોળમાં પર્સ-પાકીટ બનાવવાની મજૂરી કરતા ૬૫ વર્ષીય ગુલામનબી રસુલમીયા શેખનું બેંક એકાઉન્ટ બેંક ઓફ બરોડાની દરિયાપુર શાખામાં છે.

સવારે તેઓ ઘરે હાજર હતા, ત્યારે તેમના મોબાઈલ પર અજાણ્યા શખસનો કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ બેંક ઓફ બરોડાની મુંબઈશાખામાંથી ઈમરાન હુસેન તરીકે આપી હતી અને વૃદ્ધને જણાવ્યું હતું કે, જો તમારું પેન્શન કાર્ડ ન હોય તો અમે બનાવી આપીશું. આ માટે આરોપીએ ચાલુ કોલ દરમિયાન ગુલામનબી શેખના વ્હોટ્સએપ પર બીઓબી બેંક સિનીયર સિટીઝન વેરીફીકેશન એપીકે નામની ફાઈલ મોકલી હતી. ગઠિયાની વાતમાં આવી જઈ વૃદ્ધે તે ફાઈલ ડાઉનલોડ કરી પરમિશન એલાઉ કરી દીધી હતી. ત્યારબાદ તે એપ્લિકેશનમાં નામ, મોબાઈલ નંબર તેમજ એમ-પીન અને ટીપીન નાખવા કહ્યું હતું.

વૃદ્ધે વિગતો ભરતાં જ ગઠિયાએ -ોસેસ ચાલુ હોવાનું કહી ફોન ચાલુ રખાવ્યો હતો અને થોડી જ વારમાં તેમના ખાતામાંથી રૂ.૧,૮૦ લાખ, રૂ. ૨૫ હજાર , રૂ. ૨૫ હજાર અને રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૨.૪૦ લાખ ડેબિટ થઈ ગયા હતા. પૈસા કપાતાં જ વૃદ્ધે સાયબર ક્રાઈમમાં જાણ કરવાની વાત કરતા ગઠિયાએ ફોન કાપી નાખ્યો હતો. બેંકમાં જઈ ખાતરી કર્યા બાદ વૃદ્ધે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કરી હતી અને ત્યારબાદ દરિયાપુર પોલીસ મથકે અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

રોજે રોજ આ રીતે કોઈને કોઈ લોકો સાથે ફ્રોડ થઈ રહ્યા છે. હાલમાં તો ગઠીયાઓ સૌથી વધુ આવી એપીકે ફાઇલનો ઉપયોગ કરી રહ્યા છે. લોકોએ આવી અજાણી કોઈપણ વ્યક્તિના ફોન આવે કે પછી મોબાઇલ ફોનમાં મેસેજ આવે તો તેના કહેવા મુજબ કોઇપણ આવી અજાણી ફાઇલ, લિક ઓપન કે ઇન્સ્ટોલ કરવી જોઇએ નહિ. ગઠીયાઓ અલગ અલગ લાલચ આપીને પણ આવી ફાઇલ મોકલી ફોન હેક કરી બેંક ખાતામાંથી નાણા ઉપાડી લેતાં હોય છે. ત્યારે આ પ્રકારની ઠગાઇથી બચવા જાગૃત બની જવું ખુબ જરૂર છે.

ફરવા જવા માટે કસ્ટમર કેરનો નંબર ઓનલાઇન સર્ચ કરતાં ફોન આવ્યો, પણ એ ગઠીયાનો હતો

રૂમ બૂક કરવાના નામે પોણા દસ લાખની ઠગાઇ

વૃધ્ધને દિવાળીના તહેરવામાં ફરવા જવું હોઇ બૂકીંગ માટેનો પ્રયાસ લાખોનો ડામ દઇ ગયો: બીજી ઘટનામાં ડીઝાઇનર બુરખા વેંચનાના નામે ઠગાઇ: ગઠીયો ઝડપાઇ ગયો


રાજકોટ તા. ૨૪

સાયબર ગઠીયાઓ એક પણ દિવસ લોકોને છેતર્યા વગરનો જવા દેતાં નથી. વધુ એક નવતર ફ્રોડને અંજામ આપી એક વૃધ્ધના પોણા દસ લાખ પડાવી લેવાયા હતાં. આ વૃધ્ધને દિવાળીના તહેવારમાં ફરવા માટે નાગપુર જવું હોઇ જેથી તેમણે કસ્ટમર કેર નંબર શોધી રૂમ બૂક કરવા પ્રયાસ કરતાં તેમને ગઠીયાઓએ એપીકે ફાઇલ મોકલી હતી. આ ફાઇલ તેમણે મોબાઇલમાં ઓપન કરતાં જ ફોન હેક થઇ ગયો હતો અને બેંકના ખાતામાંથી લાખો રૂપિયા ઉપડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ ઠગાઇ

અમદાવાદ શહેરના નવરંગપુરામાં રહેતા વૃદ્ધે સાથે થઇ છે. દિવાળીમાં નાગપુર ફરવા જવા ઓનલાઇન એપ્લિકેશન માધ્યમથી રૂમ બુક કરાવ્યો હતો. જેમાં પાનકાર્ડ અપલોડ કરવા કસ્ટમર કેરનો સંપર્ક કર્યો હતો. કસ્ટમર કેરમાંથી સાયબર ગઠિયાઓએ વૃદ્ધને એપીકે ફાઇલ મોકલી હતી, જે ડાઉનલોડ કરતા વૃદ્ધના ખાતામાંથી ૯.૭૭ લાખ ઉપડી ગયા હતા. જે મામલે સાયબર ક્રાઇમમાં જાણ કરતાં ગુનો દાખલ કરાયો હતો. નવરંગપુરા વિસ્તારમાં રહેતા પંચોતેર વર્ષીય વૃદ્ધને દિવાળી વેકેશનમાં ફરવા નાગપુર જવા ઓનલાઇન એઇરબીએનબી નામની એપ્લિકેશનના માધ્યમથી રૂમ બુક કર્યો હતો. એપ્લિકેશનમાં પાનકાર્ડ અપલોડ થતું નહોતું જેથી વૃદ્ધે ઓનલાઇન કસ્ટમર કેરનો સંપર્ક કર્યો હતો.

કસ્ટમર કેરમાંથી સાયબર ગઠિયાઓએ વૃદ્ધને એપીકે ફાઇલ મોકલી હતી જે ડાઉનલોડ કરી વૃદ્ધે પાનકાર્ડ અપલોડ કરી દીધું હતું.બાદમાં બીજા દિવસે પણ વૃદ્ધના મોબાઇલ પર એક એપીકે ફાઇલ આવી હતી જે ડાઉનલોડ કર્યા એપીકેની ફાઇલ ડાઉનલોડ થઈ હતી. જેથી વૃદ્ધે તે ફાઇલ ડિલીટ કરી હતી છતાં પૈસા કપાવવાનો મેસેજ આવ્યો હતો.વૃદ્ધે બેંકમાં જઈને તપાસ કરતા તેમના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ૯.૭૭ લાખ ઉપડી ગયા હતા. જે અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. સતત ઠગાઇ કરી રહેલા



ગઠીયાઓ હવે તહેવારના દિવસોમાં વધુ સક્રિય થઇને લોકોને ફસાવશે ત્યારે જાગૃત રહેવુ જરૂરી બની ગયું છે.

બીજી એક ઠગાઇ જોઇએ તો સુરતના પાલ પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં છેલ્લા સાત મહિનાથી નાસતા ફરતા આરોપી અકીલ અબ્દુલ કુરેશીને પોલીસે ઝડપી પાડ્યો છે. સોશિયલ મીડિયામાં એકાઉન્ટ્સની મદદથી આરોપીને અમદાવાદથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપી ધરપકડથી બચવા સતત ઠેકાણાં બદલતો હતો અને પરિવાર સાથે પણ સંપર્ક રાખતો નહોતો. તેનો કોઈ સક્રિય નંબર ઉપલબ્ધ ન હોવાથી પાલ પોલીસે તેના ઈન્સ્ટાગ્રામ તથા જીમેઈલ આઈડીના આઈ.પી. એડ્રેસનું એનાલિસિસ કર્યું હતું. ટેકનિકલ તપાસ દરમિયાન આરોપીના બે સક્રિય મોબાઈલ નંબર સામે આવ્યા હતા.

આ બંને નંબરોના સીડીઆર અને લાઈવ લોકેશન ટ્રેકિંગના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને અમદાવાદ બસ સ્ટેન્ડ ખાતેથી ઝડપી પાડ્યો હતો. સમગ્ર મામલાની વિગત મુજબ, આરોપી અકીલે ફરિયાદી મહિલાને પોતાની પાસે વિવિધ પ્રકારના અને ડિઝાઇનર બુરખા હોવાનું જણાવી વિશ્વાસમાં લીધી હતી. જેથી મહિલાએ બુરખા ખરીદવા પેટે આરોપીને ૭૫ હજાર ચૂકવી દીધા હતા. જોકે, રકમ લીધા બાદ આરોપીએ બુરખા આપ્યા નહોતા અને રૂપિયા પણ પરત કર્યા વગર ફરાર થઈ ગયો હતો. મહિલાએ આ અંગે પાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વોરંટ જારી કરીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. મુળ ભાવનગરનો વતની અને ધાર્મિક અભ્યાસ કરતો આરોપી ધરપકડ ટાળવા માટે રાજસ્થાનના અજમેર શરીફ દરગાહ વિસ્તારમાં છુપાઈને રહેતો હતો.

પોલીસે જ્યારે તેના સક્રિય મોબાઇલ નંબર મેળવી લોકેશન ટ્રેસ કર્યું ત્યારે તેનું લોકેશન અજમેર મળતું હતું. પાલ પોલીસની ટીમ સતત ટેકનિકલ સર્વેલન્સ રાખી રહી હતી. આ દરમિયાન આરોપી અજમેરથી અમદાવાદ બસ સ્ટેન્ડ પહોંચ્યો હોવાનું માલૂમ પડતાં ટીમે તાત્કાલિક દરોડો પાડી તેને ઝડપી લીધો હતો અને સુરત લાવી આગળની કાયદેસરની તજવીજ હાથ ધરી હતી.

શહેરની ૯૭ શાળા અને ૩૬૫ આંગણવાડીમાં ભોજન આપતી એજન્સી સામે અગાઉ બળેલી રોટી-ચવ્વડ શિરાના વિવાદો છતાં ફરી બેદરકારી ઉજાગર

માસૂમ બાળકોના આરોગ્ય સાથે ચેડાં

મધ્યાહન ભોજન પૂરું પાડતી વિવાદાસ્પદ 'પારસ એગ્રો'માંથી ૮ ફૂડ સેમ્પલ લેવાયા : મનપાના આરોગ્ય વિભાગનું મેગા ચેકીંગ : ૪૭ ધંધાર્થીઓને ત્યાં તપાસ, ૩૭ કિલો વાસી જથ્થો ઝડપાયો અને ૧૪ સ્થળેથી નમૂના લેવાયા

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં ખાણીપીણીના ધંધાર્થીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે, જેમાં મનપાની ટીમે સઘન ચેકીંગ હાથ ધરી અખાદ્ય અને વાસી ખોરાક વેચતા તત્વોમાં દોડધામ મચાવી દીધી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ ૪૭ ધંધાર્થીઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૩૭ કિલોગ્રામ વાસી અને અખાદ્ય જથ્થો જપ્ત કરીને નાશ કરવામાં આવ્યો હતો તેમજ વિવિધ સ્થળોએથી કુલ ૧૪ સેમ્પલ લેવાયા હતા. આ સમગ્ર ડ્રાઇવ વચ્ચે સૌથી મોટો અને સંવેદનશીલ ખુલાસો એ સામે આવ્યો છે કે, શહેરની સેંકડો શાળાઓ અને આંગણવાડીઓમાં માસૂમ બાળકોને મધ્યાહન ભોજન પૂરું પાડતી વિવાદાસ્પદ એજન્સી 'પારસ એગ્રો' પર આરોગ્ય વિભાગ ત્રાટક્યું છે અને ત્યાંથી એકસાથે ૮ જેટલી ખાદ્ય ચીજવસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે, જેના કારણે બેદરકારી આચરતી એજન્સીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મનપાના આરોગ્ય અધિકારીઓ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખાદ્યતેલો, ફરસાણ, દુગ્ધ ઉત્પાદનો તેમજ ખાદ્ય સામગ્રીનું વેચાણ કરતા એકમો પર અંકુશ લાવવા માટે સ્પેશિયલ ચેકીંગ ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ ડ્રાઇવ અંતર્ગત અલગ-અલગ વિસ્તારોમાં આવેલી હોટલો, રેસ્ટોરન્ટ્સ અને ફૂડ યુનિટ્સની ચકાસણી કરાઈ હતી. તપાસ દરમિયાન ૪૭ ધંધાર્થી ઓને ત્યાં અનહાઈજીનિક પરિસ્થિતિ અને નિયમોના ભંગ બદલ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સ્થળ પરથી મળી આવેલો અંદાજે ૩૭ કિલો જેટલો વાસી અને બિનઉપયોગી જથ્થો તાત્કાલિક અસરથી જપ્ત કરી નાશ કરવામાં આવ્યો હતો અને ફૂડ સેફ્ટી



સ્ટાન્ડર્ડ એક્ટ અંતર્ગત કુલ ૧૪ સ્થળોથી નમૂના એકત્ર કરીને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ તમામ કાર્યવાહીની વચ્ચે સૌથી વધુ ચિંતાજનક અને ગંભીર બાબત બાળકોના ભોજનને લગતી સામે આવી છે. રાજકોટ શહેરની અંદાજે ૯૭ જેટલી શાળાઓ અને ૩૬૫ જેટલી આંગણવાડીઓમાં નાના અને માસૂમ બાળકોને મધ્યાહન ભોજન પૂરું પાડતી 'પારસ એગ્રો' એજન્સીના યુનિટ પર પણ આરોગ્ય વિભાગની ટીમ પહોંચી હતી. બાળકોના પોષણ અને સ્વાસ્થ્ય સાથે સીધી સંકળાયેલી આ એજન્સીમાંથી ગુણવત્તા ચકાસવા માટે એકસાથે ૮ વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે બાળકોના ભોજનની ગુણવત્તાને લઈને તંત્ર કેટલું સતર્ક બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, 'પારસ એગ્રો' અગાઉ પણ અનેક વખત વિવાદોના ભંવરમાં ફસાઈ ચૂકી છે. ભૂતકાળમાં આ જ એજન્સી દ્વારા શાળાઓ અને આંગણવાડીઓમાં મોકલવામાં આવતા ભોજનને લઈને વાલીઓ અને સ્થાનિક સ્તરેથી ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અગાઉ એજન્સી દ્વારા બાળકોને પીરસવામાં આવતી ખાદ્ય સામગ્રીમાં બળેલી રોટી, ચવ્વડ શિરો તેમજ સ્ટાન્ડર્ડ મેનુ મુજબ ન હોય તેવી નબળી ગુણવત્તાની વસ્તુઓ પમાડાવાના ગંભીર આક્ષેપો થયા હતા. નિયમિત મેનુ મુજબ પૌષ્ટિક આહાર આપવાના દાવા કરતી આ એજન્સી સામે અગાઉ પણ અનેક વખત ફરિયાદો ઉઠી હોવા છતાં તેની કામગીરીમાં સુધારો ન થતો હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે.

હાલ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા 'પારસ એગ્રો' સહિતના એકમોમાંથી લેવાયેલા નમૂનાઓના રિપોર્ટ આગામી દિવસોમાં લેબોરેટરીમાંથી બહાર આવશે. આ રિપોર્ટના આધારે જો ગુણવત્તામાં ખામી કે અનિયમિતતા સાબિત થશે, તો માસૂમ બાળકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર આ એજન્સી સામે મનપા દ્વારા વધુ કડક અને દાખલારૂપ દંડાત્મક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે.

વિલંબના વર્ષો પછી આશાનું કિરણ

માર્ચ સુધીમાં રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઈવે પૂરો કરવાનો દાવો

૩,૩૫૦ કરોડના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં ૧૯ ફ્લાયઓવર તૈયાર, કુવાડવા બ્રિજનું યુદ્ધના ધોરણે ચાલતું કામ પૂર્ણ થતાં જ વાહનચાલકોને ટ્રાફિકમાંથી મળશે મુક્તિ



રાજકોટ, તા. ૨૪

લાંબા સમયથી અટવાયેલા અને પ્રવાસીઓની સહનશક્તિની કસોટી કરી રહેલા રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઈવે પ્રોજેક્ટને લઈને આખરે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગના ઈજનેરી વર્તુળો દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે આવનારી માર્ચ માસ સુધીમાં આ સમગ્ર ૨૦૧ કિલોમીટર લાંબા હાઈવેના તમામ છ લેન વાહનવ્યવહાર માટે સત્તાવાર રીતે ખુલ્લા મૂકી દેવામાં આવશે. આ રાહત કાર્યના પ્રથમ તબક્કા તરીકે રાજકોટથી અમદાવાદ તરફ જતી ડાબી બાજુની એક લેન તો ચાલુ વર્ષના ડિસેમ્બર માસના અંત સુધીમાં જ શરૂ કરી દેવાની ગતિવિધિઓ ચાલી રહી છે, જેનાથી વાહનચાલકોને મોટી સુવિધા મળશે.

અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૮માં જ્યારે આ માર્ગને સિક્સલેન બનાવવાની જાહેરાત કરવામાં આવી ત્યારે તેને વર્ષ ૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જોકે, આ નિર્ધારિત સમયગાળા દરમિયાન વિશ્વવ્યાપી કોરોના મહામારી આવી પડતાં પરિસ્થિતિ વણસી હતી. કોવિડ કાળ દરમિયાન હાઈવેના નિર્માણ કાર્યમાં રોકાયેલા અસંખ્ય પરપ્રાંતિય શ્રમિકો પોતપોતાના વતન પરત ફર્યા હતા, જેના કારણે કામગીરી સંપૂર્ણપણે થંભી ગઈ હતી. આ ઉપરાંત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ ધરાવતી કેટલીક એજન્સીઓએ પણ વિવિધ કારણોસર અધવચ્ચેથી કામ છોડી દેતાં આ ડ્રીમ પ્રોજેક્ટ વર્ષો સુધી વિલંબમાં પડ્યો હતો.

તંત્ર દ્વારા કરવામાં આવેલી નવી વ્યવસ્થા અને એજન્સીઓની બદલી બાદ હવે આ હાઈવે નિર્માણની કામગીરીએ અભૂતપૂર્વ ઝડપ પકડી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ રાજકોટ હેઠળ આવતા એનએચ-૨૭ સેક્શન પર કુવાડવા-વાંકાનેર ચોકડી પાસે બની રહેલા ક્રોસિંગ ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ કાર્ય હાલ મેસર્સ ભગીરથ એસોસિએટ્સ પ્રા. લિ. ગાંધીનગર દ્વારા સઘન સુપરવિઝન હેઠળ દિવસ-રાત હાથ ધરવામાં આવી રહ્યું છે. ખૂબ જ ટૂંકા ગાળામાં આ એકમાત્ર બાકી રહેલા બ્રિજની ૭૫ ટકાથી વધુ ભૌતિક પ્રગતિ પૂર્ણ કરી લેવામાં આવી છે. પ્રોજેક્ટના કુલ ૨૦ ફ્લાયઓવરમાંથી ૧૯ બ્રિજનું કામ તો ૧૦૦ ટકા પૂરું થઈ ચૂક્યું છે અને હવે માત્ર કુવાડવા બ્રિજનું કામ આખરી તબક્કામાં છે. કુલ રૂ. ૩,૩૫૦ કરોડના નિર્ધારિત બજેટ ધરાવતા આ પ્રોજેક્ટ પાછળ અત્યાર સુધીમાં આશરે રૂ. ૩,૦૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે. હાઈવે પરથી પસાર થતા હજારો વાહનચાલકોને નિર્માણ કાર્ય દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા બંને બાજુ ૭ મીટર પહોળા સર્વિસ રોડ તૈયાર કરીને વાહનવ્યવહાર સુગમ રાખવામાં આવ્યો છે. માર્ચ મહિના સુધીમાં કુવાડવા બ્રિજનું કામ પૂર્ણ કરી આખો હાઈવે સિક્સલેન કરી દેવાનો દ્રઢ નિર્ધાર કરાયો છે, જેનાથી સૌરાષ્ટ્ર અને અમદાવાદ વચ્ચેનો મુસાફરીનો સમય ઘટી જશે અને લોકોને ટ્રાફિકમુક્ત તથા ઝડપી રસ્તાની મોટી સગવડ પ્રાપ્ત થશે.

વીજ સંકટ અને સાદાઈના આગ્રહ વચ્ચે

દિવાળી કાર્નિવલ રદ થવાની સંભાવના

મેયરની વાપસી બાદ મંગળવારે લેવાશે અંતિમ નિર્ણય : અપૂરતા વરસાદ અને વીજ સંકટના પગલે અમદાવાદ બાદ રાજકોટ મનપા પણ લઈ શકે છે મોટો નિર્ણય



રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં દર વર્ષે દિવાળીના પર્વે યોજાતા રોશનીથી ઝગમગતા ચાર દિવસીય દિવાળી કાર્નિવલ પર આ વખતે ગ્રહણ લાગે તેવા સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં ઓછો વરસાદ અને તેના કારણે ઊભી થનારી પાણી તેમજ વીજળીની કટોકટીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આગોતરી સાવચેતીના પગલાં લેવાઈ રહ્યા છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આયોજન રદ કરાયા બાદ, હવે રાજકોટ મનપા પણ રેસકોર્સ ખાતે યોજાતા આ ભવ્ય ઉત્સવને બંધ રાખી સાદાઈથી તહેવાર મનાવવાની દિશામાં ગંભીરતાથી વિચાર કરી રહી છે. આ અંગે આગામી ૪૮ કલાકમાં સત્તાવાર જાહેરાત થવાની પૂરી શક્યતા છે.

સામાન્ય રીતે વાગડ બારસથી અમાસ સુધી રેસકોર્સ રિંગ રોડ પર અટ્રેક્ટિવ લાઇટિંગ, સાંસ્કૃતિક શો, ડીજે, નેતા-પદાધિકારીઓની શાહી સવારી સહિતના ધમાકેદાર કાર્યક્રમો પાછળ મનપા તિજોરીમાંથી રૂ. ૧.૫ થી ૨ કરોડનો ધુમાડો થાય છે. આ આયોજનમાં અઢળક વીજળી વેડફાતી હોવાથી, વર્તમાન સંજોગોમાં વીજ ક્ષેત્રે બચત દાખવવા માટે શાસકો આ વખતે આ મોટો ખર્ચ ટાળવા માગે છે. કાર્નિવલ મોકૂફ રાખીને માત્ર એકાદ-બે નાનકડા પ્રતીકાત્મક કાર્યક્રમો જ યોજીને પ્રજાના નાણાંની બચત કરવાનો વહીવટી તંત્રનો પ્લાન છે. આ ઉપરાંત, ચાર-ચાર દિવસ સુધી ચાલતા આ કોલાહલ અને લાઇટિંગના કારણે સમગ્ર રેસકોર્સ વિસ્તારમાં ટ્રાફિક જામની ભારે સમસ્યા સર્જાય છે અને સ્થાનિક રહીશોને ભારે અગવડ વેઠવી પડે છે. જોકે, આ આયોજનને શહેર બહાર કે નવા રિંગ રોડ તરફ લઈ જવાની વાતો માત્ર કાગળ પર જ રહેતી આવી છે.

હાલ અમદાવાદ મનપાના નિર્ણયના આધારે વિગતો મેળવી રાજકોટમાં પણ આ મોટો ફેરફાર કરવાની તૈયારી ચાલી રહી છે. હાલમાં મેયર ડો. નેહલ શુક્લ દિલ્હી ખાતે રાષ્ટ્રીય મેયર પરિષદમાં હોવાથી, તેઓ પરત ફરતા જ મંગળવારે મળનારી બેઠકમાં આ અંગે આખરી મંજૂરીની મહોર વાગશે. બીજી તરફ, રાજકોટવાસીઓનો પ્રિય અને ધનતેરસની રાત્રે રેસકોર્સ સ્ટેડિયમમાં જામતો ફટાકડા અને આતશબાજીનો શો પૂર્વવત્ ચાલુ રાખવામાં આવશે, જેથી લોકોમાં પર્વનો આનંદ જળવાઈ રહેશે.

વળી, ચાર દિવસ સુધી ચાલતી રોશની અને સંગીતની ધમાલ વચ્ચે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાતી હોય છે અને આસપાસના રહેવાસીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અગાઉ આ મેળા કે કાર્નિવલના આયોજનને નવા રિંગ રોડ પર ખસેડવાની વાતો પણ વહેતી થઈ હતી, પરંતુ તંત્ર દ્વારા છેલ્લી ઘડીએ રેસકોર્સનો જ આગ્રહ રાખવામાં આવતો હોય છે. હાલમાં અમદાવાદ કોર્પોરેશન દ્વારા કાર્નિવલ રદ કરવાના સમાચારો મળતા રાજકોટ મનપાએ પણ તુરંત તેની વિગતો મંગાવી છે. જો કાર્નિવલ રદ કરવામાં આવે તો તેના બદલે એકાદ સાદો કાર્યક્રમ યોજીને મોટો આર્થિક ખર્ચ ટાળી શકાય તેમ છે, કારણ કે સરકારી નાણાંનો કરકસરયુક્ત ઉપયોગ કરવો એ વર્તમાન મેયરની પહેલી પ્રાથમિકતા રહી છે.

જોકે, હાલમાં રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ કેન્દ્ર સરકારની અખિલ ભારતીય મેયર કોન્ફરન્સમાં ભાગ લેવા માટે બહાર ગયા છે, જેથી તેમના પરત ફર્યા બાદ આગામી મંગળવારે આ અંગેનો આખરી અને સત્તાવાર નિર્ણય લેવાય તેવી પ્રબળ સંભાવના છે. બીજી બાજુ, નાગરિકો માટે એક રાહતના સમાચાર એ પણ છે કે રાજકોટવાસીઓમાં અત્યંત લોકપ્રિય બનેલો અને રેસકોર્સ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાતો ધનતેરસની રાત્રે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો છે, જેથી લોકોનો તહેવારનો ઉલ્લાસ અને ઉત્સાહ જળવાઈ રહેશે.

વીજ તંત્રનો સપાટો

મેગા ડ્રાઇવમાં ૧.૫૨ કરોડની તોતિંગ વીજચોરી ઝડપાઈ

દેશભરમાં વીજ સંકટ અને વધતું ભારણ : ઓપરેશન દરમિયાન ૧૧૪ વીજ ચેકિંગ સ્ક્વોડ મેદાને : ૨૦૦ વીજ જોડાણ ધારકોને દંડ

રાજકોટ, તા. ૨૪

દેશભરમાં વીજ સંકટ અને વધતા ભારણની ચર્ચાઓ વચ્ચે પાવર ગ્રીડને સુરક્ષિત રાખવા અને ગેરરીતિ આચરનારા તત્વો પર લગામ કસવા માટે રાજકોટ વીજ તંત્ર દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેરમાં સળંગ ચાર દિવસ સુધી ચલાવવામાં આવેલા સઘન ચેકિંગ ઓપરેશન દરમિયાન વીજ ચોરીના મોટા રેકેટનો પર્દાફાશ થયો છે, જેમાં તંત્રએ રૂ. ૧.૫૨ કરોડની માતબર રકમની વીજચોરી ઝડપી પાડી છે.

રાજકોટમાં વીજ વિતરણ વ્યવસ્થાને પ્રભાવિત કરતી ગેરરીતિઓને ડામવા માટે તંત્ર દ્વારા અગાઉથી જ ચોક્કસ રણનીતિ ઘડવામાં આવી હતી. આ ઓપરેશનના ભાગરૂપે શહેરમાં કુલ ૧૧૪ જેટલી વિશિષ્ટ વિજ ચેકિંગ સ્ક્વોડને મેદાનમાં ઉતારવામાં આવી હતી. આટલી મોટી સંખ્યામાં ટીમો ઉતારવાને કારણે વીજ ચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ટીમો દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં રહેણાંક તેમજ કોમર્શિયલ એમ બંને પ્રકારના કુલ ૨,૩૫૬ જેટલા વીજ કનેક્શનોનું એકસાથે ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન ડાયરેક્ટ કનેક્શન કે મીટરમાં ચેડાં કરીને જુદી જુદી પદ્ધતિથી ગેરરીતિ આચરવામાં આવતી હોવાના અસંખ્ય કિસ્સાઓ સામે આવ્યા હતા. કુલ તપાસાયેલા કનેક્શનોમાંથી ૨૦૦ જેટલા જોડાણોમાં સ્પષ્ટપણે વીજચોરી થતી હોવાનું માલુમ પડ્યું હતું. આ ગેરરીતિ પકડાયા બાદ વીજ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને સંબંધિત ગ્રાહકોને કુલ રૂ. ૧.૫૨ કરોડના તોતિંગ વીજ



દંડના બિલ ફટકારવામાં આવ્યા છે.

આ મેગા ઓપરેશન માત્ર અમુક વિસ્તારો પૂરતું મર્યાદિત ન રાખતા શહેરની ત્રણેય વર્તુળ કચેરીઓ હેઠળ આવતા તમામ સંવેદનશીલ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. ખાસ કરીને જે વિસ્તારોમાં 'પાવર લોસ' (વીજ નુકસાન) નું પ્રમાણ અસાધારણ રીતે ઊંચું હતું તેવા ફીડર્સ હેઠળના વિસ્તારોને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા.

રાજકોટ-૧ હેઠળ આવતા આજી-૧ અને ૨, પ્રહલાદ પ્લોટ, મોરબી રોડ, કોઠારીયા રોડ, માધાપર, બેડીનાકા, રૈયા રોડ, પ્રદ્યુમનનગર, વાવડી, ખોખડદળ, મવડી રોડ તેમજ નાના મવા રોડ પર આવેલા પ્રણામી પાર્ક, પ્રિયદર્શિની સોસાયટી અને મારૂતિ પાર્ક જેવા વિસ્તારોમાં સઘન ચેકિંગ કરાયું હતું. આ ઉપરાંત ઉમિયા ચોક, આંબેડકર ચોક, ગોકુલનગર, તિરૂપતી સોસાયટી, મચ્છોનગર, શિવનગર, જયપ્રકાશ નગર, હૂસૈની ચોક, યદુનંદન સોસાયટી, ધરમનગર, રાજનગર અને ચુનારાવાડ વિસ્તારને પણ આવરી લેવાયા હતા.

આ સાથે જ જંકશન, પોપટપરા, ગંજીવાડા, જંગલેશ્વર, દિવાનપરા, ઘી કાંટા રોડ, ધર્મેન્દ્ર રોડ, સાંગણવા ચોક તેમજ લાખાજીરાજ રોડ જેવા ગીચ અને વ્યવસાયિક વિસ્તારોમાં પણ વીજ ટીમોએ ત્રાટકીને ગેરરીતિ આચરતા તત્વોની ઊંઘ હરામ કરી દીધી હતી. વીજ તંત્રના ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે વીજ ચોરીના કારણે પ્રમાણભૂત ગ્રાહકો પર આર્થિક ભારણ વધે છે અને ગ્રીડની સ્થિરતા જોખમાય છે. આ દુષણને ડામવા માટે આ પ્રકારના સરપ્રાઈઝ દરોડા અને ઓપરેશનો આગામી દિવસોમાં પણ અવિરતપણે અને વધુ કડકાઈ સાથે ચાલુ જ રહેશે.